RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ શ્રાવણ વદ - ૧૪   ગુરૂવાર તા.૧૦-૦૯-૨૦૨૬   અંક : ૨૬૦ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# વિધાનસભા, ગાંધીનગર કોર્ટ, અમદાવાદની સ્કૂલો બોમ્બથી ઉડાવવાની ધમકી

## બ્રિક્સ પ્રગતિ મેદાનમાં આઈફોન-એન્ડ્રોઈડ બેટરીઓથી ધડાકા થશે, બ્રિક્સના દેશ હિન્દુસ્તાનની મદદ ના કરે', 'ગુજરાત બોલેગા ખાલિસ્તાન જિંદાબાદ' લખી ધમકીભર્યો મેઈલ મળતા દોડધામ

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભા, ગાંધીનગર કોર્ટ અને અમદાવાદમાં ૩ સ્કૂલને આજે ૧૦ સપ્ટેમ્બરે બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. 'ગુજરાત બોલશે ખાલિસ્તાન ઝિંદાબાલ' લખીને બપોરે ૧ વાગ્યાને ૧૧ મિનિટે સ્કૂલમાં અને ૨ વાગ્યાને ૧૧ મિનિટે કોર્ટમાં બોમ્બ બ્લાસ્ટ કરવાનો આ ધમકીભર્યો મેઈલ કરવામાં આવ્યો હતો. જો કે સુરક્ષાને લઈ ડોગ સ્ક્વોર્ડ અને પોલીસની તપાસ દરમિયાન વિધાનસભામાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી અને વિધાનસભાની કાર્યવાહી રાબેતા મુજબ અને સમયસર શરૂ થઈ હતી.

અમદાવાદના વેજલપુરની ઝાયડસ સ્કૂલ, બોપલની હ્રુંજી અને થલજેતની ઉદગમ સ્કૂલને બોમ્બથી ઉડાવવાનો મેઈલ મળ્યો હતો. જે બાદ વાલીઓને તાત્કાલિક બાળકોને ઘરે લઈ જવા સૂચના આપી દેવામાં આવી હતી. જેના કારણે વાલીઓમાં દોડધામ મચી હતી. બોમ્બ થ્રેટના મેઈલની જાણ થતા જ બોમ્બ સ્ક્વોર્ડ, ફાયર વિભાગ, પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ પણ ઝાયડસ સ્કૂલ પર પહોંચી હતી અને તાત્કાલિક સ્કૂલને ખાલી કરવા






માટેની સૂચના આપી દેવામાં આવી હતી. જો કે ત્યાંથી પણ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી.

'ગુજરાત બોલેગા ખાલિસ્તાન ઝિંદાબાલ' મેઈલમાં લખીને અમદાવાદમાં સ્કૂલોને અને ગાંધીનગરમાં કોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. અમદાવાદના વેજલપુરની ઝાયડસ સ્કૂલ, બોપલની હ્રુંજી અને થલજેતની ઉદગમ સ્કૂલને બોમ્બથી ઉડાવવાનો મેઈલ મળ્યો હતો. જે બાદ વાલીઓને તાત્કાલિક બાળકોને ઘરે લઈ જવા સૂચના આપી દેવામાં આવી હતી.જેના કારણે વાલીઓમાં દોડધામ મચી હતી. બોમ્બ થ્રેટના મેઈલની જાણ થતા જ બોમ્બ સ્ક્વોર્ડ, ફાયર વિભાગ, પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ પણ ઝાયડસ સ્કૂલ પર પહોંચી હતી અને તાત્કાલિક સ્કૂલને ખાલી કરવા માટેની સૂચના આપી દેવામાં આવી હતી.આ ઉપરાંત ગાંધીનગર સ્થિત ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટને પણ આજે બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળતા ભારે ચકચાર મચી ગઈ છે. સવારના સમયે અજાણ્યા અસામાજિક તત્વો દ્વારા ઈમેલ પર એક ધમકીભર્યો મેલ મોકલવામાં આવ્યો હતો. આ મેલ મળતાની સાથે જ કોર્ટ સંકુલમાં હાજર ન્યાયાધીશો, વકીલો, અસીલો અને તમામ કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સુરક્ષાના ભાગરૂપે તાત્કાલિક ધોરણે સમગ્ર કોર્ટ પરિસરને ખાલી કરાવી દેવામાં આવ્યું હતું અને વકીલો તેમજ નાગરિકો સલામત અંતરે બહાર આવી ગયા હતા.

# બાળકોને સોશિયલ મીડિયા વાપરતા રોકાશે? સુપ્રીમ કોર્ટની કેન્દ્રને નોટિસ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને એક મહત્ત્વપૂર્ણ અરજી પર નોટિસ જારી કરી છે. આ અરજીમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો દ્વારા સોશિયલ મીડિયા અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મના ઉપયોગ દરમિયાન સુરક્ષાના કડક ઉપાયોની માગ કરવામાં આવી છે. જેમાં માતા-પિતા કે કાનૂની વાલીની અનિવાર્ય ભાગીદારી પણ સામેલ છે. 'જસ્ટ રાઈટ્સ ફોર ચિલ્ડ્રન અલાયન્સ' નામના એનજીઓ દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી છે.

અરજીમાં જણાવવામાં આવ્યું છે કે ફેસબુક અને સ્નેપચેટ જેવા લોકપ્રિય પ્લેટફોર્મ યુઝર્સને ૧૩ વર્ષની ઉંમરથી જ એકાઉન્ટ બનાવવાની મંજૂરી આપે છે. જો કે, ભારતીય કાયદા અનુસાર ૧૮ વર્ષથી ઓછી ઉંમરના તમામ લોકોને સગીર (નાબાલિગ) માનવામાં આવે છે, જેના કારણે બાળકોની સુરક્ષા જોખમાઈ રહી છે.અરજીમાં ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (ઇન્ટરમીડિયરી ગાઈડલાઈન્સ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) રૂલ્સ, ૨૦૨૧ માં ફેરફાર કરવા અથવા ખાસ ગાઈડલાઈન્સ બનાવવા માટે નિર્દેશો માંગવામાં આવ્યા છે.

# બ્રિટનમાં ૨૦૦૦ ફ્લાઈટ રદ થતાં ભારતીયો સહિત હજારો પ્રવાસી રઝળ્યા

### ૧૫ એરપોર્ટ પર ચક્કાજામના લીધે સંખ્યાબંધ ગુજરાતીઓ ફ્લાઈટ જામમાં ફસાયા

લંડન,

બ્રિટનમાં એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ્સના લીધે બે હજાર ફ્લાઈટ્સ રદ કરવામાં આવતા ગુજરાતીઓ અને સંખ્યાબંધ ભારતીયો સહિત હજારો પેસેન્જરો બ્રિટનના ૧૫ એરપોર્ટ પર અટવાઈ ગયા છે. બ્રિટિશ એરપોર્ટો પર જાણે શાક માર્કેટથી પણ વધારે ભીડ હોય અને જાણે કોઈ આફ્રિકન દેશના વિમાનીમથક પર આવી ગયા હોય તેવી અંધાધૂંધી સર્જાઈ હોવાનું લોકો કહી રહ્યા છે.

એરપોર્ટ વિલંબિત ફ્લાઈટ્સનો જંગી બેકલોગ ક્લિયર કરવામાં લાગેલા છે, તેના લીધે સંખ્યાબંધ ફ્લાઈટ્સમાં વિલંબ થઈ રહ્યો છે અને વધુને વધુ લોકો કનેક્ટિંગ ફ્લાઈટ છૂટતા વિવિધ એરપોર્ટ પર મોટા પાયા પર ભીડ જોવા મળી રહી છે. એક બ્રિટિશ મહિલાને ગેટવિક એરપોર્ટ પર ઉતરવાનું હતું, તેના માટે તેણે ત્રણ કલાક સુધી રયાન એરની ફ્લાઈટમાં બેસેલા રહેવું પડયું હતું. ઘણાએ તો એરપોર્ટ પરથી બહાર નીકળવાના સંઘર્ષની તુલનાએ અલ્કાટ્રાઝ ટાપુ પરની કુખ્યાત જેલમાંથી બહાર આવવા સાથે કરી હતી. અલ્કાટ્રાઝ કેલિફોર્નિયાની સાનફ્રાન્સિસ્કોની ખાડીમાં આવેલો ટાપુ છે, જ્યાં લશ્કરી કિલ્લેબંધી જેવી કુખ્યાત જેલ છે. લંડનના હીથ્રો એરપોર્ટ પરથી તો ડિપાર્ચર શરૂ થયુ છે, પરંતુ મંગળવારની રાત માટે એરાઈવલ રદ કરવામાં આવ્યું હતું.

# NEET અને TRE-3 ના પેપર લીક કર્યાની સંજીવ મુખિયાની કબૂલાત

### પેપર લીકનું પ્લાનિંગ કેવી રીતે કરાયું અને તેમાં કોણ-કોણ સામેલ હતું સહિતની તપાસમાં વ્યસ્ત આર્થિક અપરાધ એકમ

નવીદિલ્હી,

પેપર લીક માફિયા તરીકે કુખ્યાત અને અનેક વિવાદાસ્પદ ભરતી પરીક્ષાઓના કૌભાંડમાં ઘેરાયેલા સંજીવ મુખિયાને લઈને એક મોટો ખુલાસો સામે આવ્યો છે. આર્થિક અપરાધ એકમ (EOU) દ્વારા કરવામાં આવેલી કડક પૂછપરછ દરમિયાન સંજીવ મુખિયાએ કથિત રીતે NEET અને TRE-3 સહિત અનેક પરીક્ષાઓના પેપર લીક મામલે પોતાની સંડોવણી કબૂલી લીધી છે. પૂછપરછ દરમિયાન તેણે પેપર લીકનું આખું નેટવર્ક અને તેમાં પોતાની ભૂમિકાને લઈને ઘણા



મહત્ત્વપૂર્ણ ખુલાસા કર્યા છે. જેના આધારે હવે તપાસ એજન્સી નેટવર્કની કડીઓ જોડવામાં સક્રિય બની છે.

પટનામાં EOU ની તપાસ દરમિયાન સંજીવ મુખિયાએ પોતાના ગુનાની કબૂલાત કરતા અનેક ચર્ચિત ભરતી પરીક્ષાઓના પેપર લીક કેસમાં પોતાની ભૂમિકા સ્વીકારી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સંજીવ મુખિયાએ ૨૦૧૭ ના NEET પેપર લીક, ૨૦૨૩ ની CSBC સિપાહી ભરતી પરીક્ષા પેપર લીક અને BPSC શિક્ષક બહાલી TRE-3 પેપર લીક મામલે પોતાની સંડોવણી સ્વીકારી છે. EOU આ પૂછપરછ દ્વારા એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ પેપર લીકનું પ્લાનિંગ કેવી રીતે કરવામાં આવતું હતું, તેમાં કોણ-કોણ સામેલ હતું અને ઉમેદવારો સુધી પ્રશ્નપત્રો કેવી રીતે પહોંચાડવામાં આવતા હતા.

સંજીવ મુખિયા મૂળ બિહારના નાલંદા જિલ્લાના નગરસૌનાનો રહેવાસી છે. તે નાલંદા કોલેજની નૂરસરાય બ્રાન્ચમાં ટેકનિકલ સહાયક તરીકે કામ કરતો હતો અને લાંબા સમયથી તેના પર સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક કરવા તથા સોલ્વર ગેંગ ચલાવવાનો આરોપ છે. NEET-UG 2024 પેપર લીક કેસમાં પણ તેનું નામ સામે આવ્યા બાદ તે આશરે ૧૧ મહિના સુધી પોલીસ પકડથી દૂર રહ્યો હતો. અંતે, ૨૪-૨૫ મે ૨૦૨૫ ની મધ્યરાત્રીએ તેને પટનાના સગુના મોડ નજીકથી એક એપાર્ટમેન્ટમાંથી ધરપકડ કરવામાં આવી હતી.સંજીવ મુખિયા પર અનેક પરીક્ષાઓના પેપર લીકનો આરોપ છે, પરંતુ જુલાઈ ૨૦૨૬ માં CBI ની તપાસમાં તેને NEET-UG 2024 પેપર લીક મામલે મોટી રાહત અને ક્લીન ચિટ મળી હતી. CBI ના જણાવ્યા મુજબ, એવું કોઈ સબૂત મળ્યું નથી કે તેણે પ્રશ્નપત્ર ચોરી કરાવ્યું હોય કે લીક કર્યું હોય. તપાસ એજન્સીના અનુસાર આ કાવત્રાનું કેન્દ્ર ઝારખંડનું હજારીબાગ સ્થિત ઓસિસ સ્કૂલ હતું અને સુપ્રીમ કોર્ટ તેમજ CBI ની ચાર્જશીટમાં પણ આ કેસમાં તેનું નામ સામેલ નહોતું.

# પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધશે: ઈ૨૦ બાદ સરકાર હવે વધુ મિશ્રણ અને ફ્લેક્સી-ફ્યૂઅલ વાહનો પર આપશે ભાર

### વડાપ્રધાનના સલાહકાર તરુણ કપૂરનો ખુલાસો: વેસ્ટ એશિયાના સંકટ વચ્ચે બાયોફ્યૂઅલ બન્યું અત્યંત મહત્વપૂર્ણ

નવીદિલ્હી,

ઈથેનોલ મિક્સ કરેલા પેટ્રોલને લઈને દેશભરમાં વિવાદની સ્થિતિ છે એવામાં હવે સરકાર પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ હજુ પણ વધારવા વિચારી રહી છે. હાલમાં ૨૦ ટકા ઈથેનોલવાળું પેટ્રોલ એટલે કે ઈ૨૦ મળી રહ્યું છે. આગામી દિવસોમાં આ ૨૦ ટકાની મર્યાદાને વધારી દેવાશે અને વધુ ઈથેનોલ પેટ્રોલમાં ભેળવવામાં આવી શકે છે. આ ખુલાસો ખુદ વડાપ્રધાનના સલાહકાર તરુણ કપૂર દ્વારા કરવામાં આવ્યો છે.ઈન્ડિયન સુગર એન્ડ બાયો એનર્જી કોન્ફરંસને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સલાહકાર તરુણ કપૂરે કહ્યું હતું કે ઈ૨૦ પ્રોગ્રામ અત્યાર સુધીમાં ઘણો જ સફળ રહ્યો છે. અનેક ઓટોમોબાઈલ કંપનીઓ ફ્લેક્સી-ફ્યૂઅલ વાહનો લોન્ચ કરવાની તૈયારીમાં છે. હવે આગામી દિવસોમાં અમારુ ધ્યાન ફ્લેક્સી-ફ્યૂઅલ વાહનો પર રહેશે અને ઈ૨૦થી પણ વધુની છૂટ આપવામાં આવી શકે છે. વેસ્ટ એશિયાના સંકટ વચ્ચે બાયોફ્યૂઅલ વધુ મહત્વપૂર્ણ બની ગયું છે. હાલમાં ભારતમાં જે કઈ ઈંધણ તરીકે ઉપયોગી થઈ શકે તેમ છે તેને ઉપલબ્ધ કરાવવા પર અમારુ ધ્યાન છે. હાલમાં ઈ૨૦ એટલે કે ઈથેનોલવાળા પેટ્રોલની ટિકા થઈ રહી છે તે અંગે સ્પષ્ટતા કરતા વડાપ્રધાનના સલાહકાર કપૂરે વધુમાં દાવો કર્યો હતો કે આ તમામ ટીકાઓ અધુરી માહિતીના આધારે થઈ રહી છે. સંશોધનોમાં સામે આવ્યું છે કે ઈ૨૦ ખરેખર ઉપયોગી સાબીત થઈ રહ્યું છે. નોંધનીય છે કે ફ્લેક્સ ફ્યૂઅલ વાહન એટલે કે એફએફવી એવા પ્રકારના વાહનો માનવામાં આવે છે કે જે પેટ્રોલ, ઈથેનોલ, મિથેનોલ વગેરે વૈકલ્પીક ઈંધણનો ઉપયોગ કરીને ચલાવી શકાય છે.પીએમના સલાહકારે વધુમાં કહ્યું હતું કે હાલમાં ઈથેનોલ ઉત્પાદનની ક્ષમતા બ્લેન્ડિંગની વર્તમાન જરૂરિયાત કરતા પણ વધુ છે.

# લાલ કિલ્લા નજીક ઉમર ઉન નબીએ કર્યો હતો આત્મઘાતી હુમલો, NIAની ચાર્જશીટમાં ખુલાસો

### દિલ્હીમાં થયેલા વિસ્ફોટને લઈને અગાઉથી આતંકવાદી કાવતરૂ ઘડવામાં આવ્યું હતું

નવી દિલ્હી,

દસ નવેમ્બર ૨૦૨૫માં નવી દિલ્હીમાં થયેલા કાર બોમ્બ વિસ્ફોટના કેસમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ સૌથી મોટો ખુલાસો કર્યો છે. આ કેસને દરેક એંગલથી તપાસવામાં આવ્યા કેટલાક સંકળાયેલા વિષયને લઈ હવે તપાસ એજન્સીએ મહત્ત્વનો ખુલાસો કર્યો છે. તપાસ એજન્સીએ રજૂ કરેલી ચાર્જશીટમાં લાલ કિલ્લા પાસે કરવામાં આવેલા આત્મઘાતી બોંબ બ્લાસ્ટમાં આરોપી ઉમર ઉન નબી બ્લાસ્ટ થયો એ સમયે કારમાં અંદર જ બેઠો હતો. ચાર્જશીટ અનુસાર હવે કારમાં લગાવવામાં આવેલા



આઈઈડી બ્લાસ્ટનું જાણવા મળ્યું છે. આ માટે કારમાં ખાસ પ્રકારની ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો હતી.

એનઆઈએના જણાવ્યા અનુસાર આ કેસમાં બહાર આવેલા આતંકવાદી મોડ્યુલની વિચારધારા અને પ્રવૃત્તિઓની પણ સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. એજન્સીએ રિપોર્ટ આપતા કહ્યું હતું કે, આ મોડ્યુલ સાથે જોડાયેલા આરોપીઓ કટ્ટરપંથી વિચારધારાઓથી પ્રભાવિત હતા અને હિંસક પ્રવૃત્તિઓની તૈયારી કરી રહ્યા હતા. દિલ્હીમાં થયેલા વિસ્ફોટને લઈને અગાઉથી આતંકવાદી કાવતરૂ ઘડવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન મળેલા દસ્તાવેજોમાં કથિત રીતે જાણવા મળ્યું છે કે, આરોપીઓ આતંકવાદી હુમલાઓ માટે એક પ્લાન અનુસાર અને વિગતવાર માહિતી એકત્રિત કરી રહ્યા હતા.

# ફિલિપાઈન્સમાં મુસાફરોથી ભરેલી બોટમાં આગ,લાગતા પાંચના મોત

### પશ્ચિમ વિસ્તારના પલાવાન ટાપુ નજીક રાત્રીના સમયનો બનાવ

મનિલા,

ફિલિપાઈન્સમાં એક બોટમાં આગ લાગતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં પાંચ લોકો મૃત્યુ પામી ગયાતો ૮૦થી વધુ લોકો હજુ પણ ગુમ હોવાના અહેવાલ છે. ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડના અહેવાલો અનુસાર બુધવારે રાતે પશ્ચિમ વિસ્તારના પલાવાન ટાપુ નજીક એક ફેરીમાં આગ લાગી ગઈ હતી જેમાં ૫ લોકોના મોત તો અનેક લોકો ગુમ થઈ ગયા હતા. આ દરમિયાન બોટમાંથી ૪૩ લોકોને બચાવાયાની માહિતી પણ સામે આવી હતી.

કોસ્ટ ગાર્ડે જારી કરેલી ફૂટેજમાં જહાજના અમુક ભાગમાં આગ ભડકતી દેખાઈ રહી છે તો બીજી બાજુ રેસ્ક્યૂ કરનારા લોકો મૃતદેહોને બેગમાં લઈ જતા દેખાઈ રહ્યા છે. જોકે આગ લાગી ત્યારે ફેરીમાં કેટલા લોકો સવાર હતા કે કેટલા લોકો ગુમ છે તેને લઈને સત્તાવાર માહિતી જાહેર કરાઈ નથી. દરિયા કિનારે લગભગ ૨.૨ કિ.મી. દૂર આ આગની ઘટના બની હતી. પાંચ લોકોના મૃતદેહો તો મળી આવ્યા હતા જેને કિનારે લવાયા હતા. જોકે જહાજ પર જનારા લોકોની રેકોર્ડબુક અનુસાર આ જહાજમાં ૧૩૪ મુસાફરો હોવાની આશંકા છે.

# એમનેસ્ટી સ્કીમ હેઠળ ઓસી નહીં લેનારી બિલ્ડિંગ માટે એસઓપી જાહેર કરાઈ

### માન્ય આઈઓડી, પ્લાન અને સીસી ફરજિયાત, એસઓપીનો સખ્તાઈપૂર્વક પાલનનો કરવાનો નિર્દેશ

મુંબઈ:

મુંબઈ મહાનગરપાલિકાના સામાન્ય સભાગૃહ દ્વારા એમનેસ્ટી સ્કીમ હેઠળ ઑક્યુપેશન સર્ટિફિકેટ (ઓસી) જારી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપ્યાના પખવાડિયા પછી પાલિકા પ્રશાસને ૧૭ નવેમ્બર, ૨૦૧૬ પહેલા કબજે કરાયેલી પરંતુ ફરજિયાત ઓસી નહી મેળવનાર કેટલીક ઈમારતો માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) રજૂ કરી છે.

પાલિકા પ્રશાસને ગાઈડલાઈન જાહેર કરી હતી, જેમાં સમગ્ર મુંબઈમાં તેના બિલ્ડિંગ પ્રપોઝલ વિભાગના અધિકારીઓને યોજના હેઠળ અરજીઓની પ્રક્રિયા કરતી વખતે એસઓપીનું કડક પાલન કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ યોજના હેઠળ ૧૭ નવેમ્બર, ૨૦૧૬ પહેલા કબજે કરાયેલી અને વ્યક્તિગત એકમોનો કાર્પેટ એરિયા ૮૦ ચોરસ મીટર સુધીનો હોય તેવા રહેણાંક, હૉસ્પિટલ અને શાળાની ઈમારતોને આવરી લેવામાં આવશે. હાલના પાલિકાના નિયમો અનુસાર ઈમારતોને ઈન્ટીમેશન ઓફ ડિસએપ્રુવલ મંજૂર યોજનાઓ અને વિકાસ/બાંધકામ પરવાનગી આપવામાં આવી હોવી જોઈએ, પરંતુ ઓસી પ્રાપ્ત થઈ ન હોવી જોઈએ.

મંજૂર કરાયેલી ગાઈડલાઈન હેઠળ એમનેસ્ટી સ્કીમ ૧૭ નવેમ્બર, ૨૦૧૬ પહેલાં કબજે કરાયેલાં રહેણાંક, હૉસ્પિટલ અને શાળાનાં મકાનો પર લાગુ થશે. એક મુખ્ય શરત એ છે કે આ ઈમારતોમાં વ્યક્તિગત એકમોનો કાર્પેટ વિસ્તાર ૮૦ ચોરસ મીટરથી વધુ ન હોવો જોઈએ. તે સમયે પ્રવર્તમાન નિયમો અનુસાર આ ઈમારતોને આઈઓડી, મંજૂર યોજના અને વિકાસ/બાંધકામ પરવાનગી પણ આપવામાં આવી હોવી જોઈએ. જોકે જે ઈમારતોને પહેલાથી જ ઓક્યુપેશન સર્ટિફિકેટ મળી ગયું છે તે આ યોજના હેઠળ આવશે નહીં. એસઓપી સ્પષ્ટ કરે છે કે ફક્ત ઈમારતનો કબજો અથવા કબજો માફી માટે લાયક બનવા માટે પૂરતો રહેશે નહીં. અરજદારોએ પહેલા સ્થાપિત કરવું પડશે કે ઈમારત પાસે જરૂરી કાયદાકીય મંજૂરીઓ છે.

પાલિકા પ્રશાસને તમામ ઝોનલ ડેપ્યુટી ચીફ ચીફ એન્જિનિયર્સ (બિલ્ડિંગ પ્રપોઝલ) - જેમાં શહેર, પશ્ચિમ ઉપનગર, પૂર્વીય ઉપનગર અને સ્પેશિયલ સેલનું સંચાલન કરતા લોકોને તેમના અધિકારક્ષેત્ર હેઠળના આ પૉલિસનું પાલન કરવાની સૂચના આપી છે.



# પાલીતાણા-સોનગઢ હાઈવે પરથી વિદેશી દારૂના જથ્થા સાથે બે ઝડપાયા

## નંબર પ્લેટ વગરના એક્ટીવામાં મધ્યપ્રદેશની બનાવટની દારૂની ૯૨ બોટલ અને ૬૯ બિયર ટીન સાથે બે વીરપુર ગામના બે શખ્સોની ધરપકડ, માલ સપ્લાય કરનાર પાલીતાણાનો શખ્સ ફરાર



ભાવનગર,તા.૧૧

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પાલીતાણા-સોનગઢ હાઈવે પર દારૂની હેરાફેરી સામે મોટી કાર્યવાહી કરતા વિદેશી દારૂ અને બિયરના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી લીધા છે. ન્ઝ્રમ્ પોલીસ સ્ટાફ પાલીતાણા ડિવિઝન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો, તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે નંબર પ્લેટ વગરના કાળા કલરના હોન્ડા એક્ટીવા સ્કૂટર પર બે ઈસમો પાલીતાણાથી સોનગઢ તરફ ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયર લઈને આવી રહ્યા છે.

બાતમીના આધારે પોલીસે પાલીતાણા-સોનગઢ હાઈવે પર વોચ ગોઠવીને શંકાસ્પદ એક્ટીવાને અટકાવ્યું હતું. સ્કૂટરની તલાશી લેતા તેમાંથી 'ફોર સેલ ઈન મધ્યપ્રદેશ ઓન્લી' લખેલી કંપની સીલપેક વિદેશી દારૂની ૯૨ બોટલ (કિંમત રૂ. ૧૩,૮૦૦) તથા બડવાઈઝર બિયરના ૬૯ ટીન (કિંમત રૂ. ૧૩,૮૦૦) મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૨૦,૦૦૦ની કિંમતનું નંબર પ્લેટ વગરનું એક્ટીવા સ્કૂટર પણ જપ્ત કરી કુલ રૂ. ૪૭,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી વિરપુર ગામના રહેવાસી કલ્પેશ ભોળાભાઈ સરવૈયા (ઉં.વ.૨૮) અને જીતુભાઈ રણછોડભાઈ રાઠોડ (ઉં.વ.૪૯)ની અટકાયત કરી હતી. જ્યારે આ દારૂનો જથ્થો આપનાર પાલીતાણાની સિતારામ સોસાયટીના જયસુખ મેઘજીભાઈ મકવાણાને પકડવાનો બાકી દર્શાવાયો છે. પકડાયેલા બંને આરોપીઓ સામે પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સિહોર નગરપાલિકાનું બાંકડા પ્રકરણ પહોંચ્યું પોલીસ સ્ટેશને

## ઠેર ઠેર સ્વચ્છતાના નામે ઊભા કરાયેલ પોઈન્ટ પરથી બાંકડા ચોરાયા, સિહોર GVP પોઈન્ટમાં ભ્રષ્ટાચારની દુર્ગંધ





તસવીર : કૌશિક વ્યાસ

સિહોર,તા.૧૦

સિહોરમાં જે તે GVP પોઈન્ટ પરથી બાંકડાઓ તથા ટ્રી ગાર્ડ ચોરાયા હોવાની બૂમ ઉઠી છે આ અંગે જાગૃત નાગરિક જયદીપ વાઘેલા તથા વિપક્ષ નેતા જયરાજસિંહ મોરી દ્વારા અનેક વખત પાલિકામાં જાણ કરેલ હોય છતાં બંને દ્વારા જણાવાયું હતું કે પાલિકા કોન્ટ્રાક્ટર એજન્સી ને છાવરી રહી છે આજે ચોરાયેલ બાંકડા જે તે સ્થળ પરથી પાલિકા દ્વારા ટ્રેક્ટરમાં ભરવામાં આવ્યા હતા પણ આ બાંકડા સાથે ટ્રેક્ટર પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવેલ હતું

સિહોરમાં સ્વચ્છતાના નામે ઉભા કરાયેલા GVP પોઈન્ટ હવે ભ્રષ્ટાચાર અને ગેરરીતિના આક્ષેપોથી ઘેરાયા છે. લાખો રૂપિયાના ખર્ચે બનાવાયેલા ય્ફ પોઈન્ટ એક મહિનો પણ ન થયો ત્યાં કચરાના ઢગલામાં ફેરવાઈ ગયા અને ત્યાં મુકાયેલ બાંકડા ચોરાયા હોવાના આક્ષેપો સામે આવ્યા છે.આ સમગ્ર મામલે કામગીરીની ગુણવત્તા, ખર્ચ અને બિલોની મંજૂરીને લઈને પણ સવાલો ઉઠી રહ્યા હતા આક્ષેપ એવો પણ છે કે જ્યાં કામગીરી અધૂરી રહી અથવા કામગીરી થઈ જ ન હોય ત્યાં પણ બિલ મંજૂર કરવામાં આવ્યા હોવાની તપાસ થવી જોઈએ પણ માત્ર ગણતરી ના મહિનાઓમાં અહીં મુકાયેલ બાંકડાઓ ચોરાયા અંગે અનેક વખત જાણ કરવા છતાં પાલિકા કે એજન્સી દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવતી ન હોય તો આ બાંકડાઓ તથા ટ્રી ગાર્ડ ચોરનાર ને કોણ છાવરી રહ્યું છે તેવો નગરજનો માં ગણગણાટ શરૂ થયો છે.કોન્ટ્રાક્ટરની પસંદગીથી લઈને કામની ગુણવત્તા, સ્થળ પર થયેલી વાસ્તવિક કામગીરી અને ચૂકવવામાં આવેલી રકમ સુધી સમગ્ર પ્રક્રિયાની નિષ્પક્ષ તપાસની માંગ ઉઠી છે.સાથે જ કોન્ટ્રાક્ટર અને રાજકીય કાર્યકરો વચ્ચેની કથિત નજીકની સંબંધોની ચર્ચા પણ થઈ રહી છે. જોકે આ બાબતની સત્યતા તપાસનો વિષય છે.હવે સૌથી મોટો સવાલ એ છે કે ય્ફ પોઈન્ટ પાછળ ખર્ચાયેલા જાહેર નાણાંનો ખરેખર કેટલો ઉપયોગ થયો? કામ થયું કે માત્ર કાગળ પર કામગીરી બતાવી બિલ મંજૂર કરાયા? અને જો ગેરરીતિ થઈ હોય તો જવાબદાર કોણ? આ સમગ્ર મામલે પોલીસ, નગરપાલિકા અને સંબંધિત ઉચ્ચ અધિકારીઓ દ્વારા દસ્તાવેજો, બિલો, વર્ક ઓર્ડર અને સ્થળ પર થયેલી વાસ્તવિક કામગીરીની તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. સિહોર નગરપાલિકા પ્રમુખ,ચીફ ઓફિસર, વિપક્ષ નેતા સહિતના પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.

# ગારિયાધારમાં ગણેશોત્સવ પૂર્વે પોલીસે કર્યું ફૂટ પેટ્રોલિંગ



ગારિયાધારમાં આગામી ગણપતિ મહોત્સવ શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવાય તે માટે પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ઁજીૈં સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને કાફલાએ શહેરના મુખ્ય બજારો, જાહેર રસ્તાઓ તેમજ ગણેશ સ્થાપનાના સ્થળો પર સઘન ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. મહોત્સવ દરમિયાન શ્રદ્ધાળુઓની મોટી ભીડ એકઠી થવાની શક્યતાને ધ્યાને રાખી પોલીસે આગોતરું આયોજન કર્યું છે. શાંતિ અને કોમી સૌહાર્દ જાળવવા પોલીસ વિભાગે સ્થાનિક નાગરિકોને પૂર્ણ સહકાર આપવા ખાસ અપીલ કરી છે.

# મંત્રી સોલંકી દ્વારા કોળિયાક મેળામાં સેવાકીય કાર્યો સાથે પાંચ ટનથી વધારે લાડુના પ્રસાદનું વિતરણ કરાશે

કોળિયાક મેળામાં આવતા ભાવિકોની સુવિધા અને સેવા માટે રાજ્ય સરકારના મત્સ્યોદ્યોગ મંત્રી પરશોત્તમભાઈ સોલંકી તથા તેમના પુત્ર દિવ્યેશભાઈ સોલંકી દ્વારા વિવિધ સેવાકીય આયોજનો કરવામાં આવ્યા છે. ભાવિકોને પ્રસાદીરૂપે લાડુનું વિતરણ કરવા માટે આશરે ૫ ટનથી વધારે લાડુ પ્રસાદ તૈયાર કરવામાં આવશે. ઉપરાંત, રાત્રિના સમયે દર્શનાર્થીઓ માટે એલ.ઈ.ડી. સ્ક્રીન પર ધાર્મિક ચલચિત્રોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. મેળા દરમિયાન શ્રદ્ધાળુઓની સેવા, સરભરા અને સુરક્ષાને પ્રાધાન્ય આપીને જિલ્લા વહીવટી તંત્રની ટીમ સાથે કોળી સેનાના સ્વયંસેવક યુવાનો પણ ખડેપગે રહેશે. દરિયામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તરવૈયાઓની ટીમો તથા ટ્રાફિક વ્યવસ્થા સુચારુ રહે તે માટે વિશેષ ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત, વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા ભાવિકો માટે ચા-પાણી,નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ મેળામાં આવનાર શ્રદ્ધાળુઓને કોઈ અગવડતા ન પડે તે માટે કોળી સેનાની ટીમોને જિલ્લા વહીવટી તંત્ર સાથે સંકલનમાં રહી જરૂરી મદદ અને સહયોગ પૂરો પાડવા સૂચના આપી છે.

# રાજવી પરિવાર દ્વારા ધજાનું કરાયું પૂજન



તસવીર : ધવલ વાજા

કોળીયાકના નિષ્કલંક મહાદેવના સાનિધ્યમાં દરવર્ષે ભરાતા પરંપરાગત લોક મેળામાં મહાદેવને સૌ પ્રથમ ભાવનગરના રાજવી પરિવારની ધજા ચડાવાય છે.આજે નિલમબાગ પેલેસ ખાતે ભાવનગરના મહારાજ વિજયરાજસિંહ તેમજ યુવરાજ જયવીરરાજસિંહ દ્વારા શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે ધજાનું પૂજન કર્યું હતું અને નિષ્કલંક મહાદેવને ચડાવવા માટે મોકલાઈ હતી.

# મહુવા-જેસરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીથી ખેતીપાકોને જીવતદાન

ભાવનગર,તા.૧૦

મહુવામાં બુધવારે સાંજે આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયા બાદ ધોધમાર વરસાદ શરૂ થયો હતો. રાત્રે આઠ વાગ્યા સુધીમાં એક ઈંચ (૨૪ મી.મી.) જેટલો વરસાદ ખાબકતા જાહેર માર્ગો પર પાણીની નદીઓ વહેતી થઈ હતી. રસ્તાઓ પર પાણી ભરાવાના કારણે વાહનચાલકોને થોડી મુશ્કેલી પડી હતી પરંતુ વાતાવરણમાં ગુલાબી ઠંડક પ્રસરી ગઈ હતી.બીજી તરફ જેસર પંથકમાં પણ સાંજના ચાર વાગ્યા બાદ વાતાવરણ પલટાયું હતું અને અડધો ઈંચ (૧૧ મી.મી.) વરસાદ નોંધાયો હતો. વરસાદની ખેંચના કારણે ખેતરોમાં સુકાઈ રહેલા પાકને આ મેઘકૃપાથી નવજીવન મળ્યું છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાત વિધાનસભા ખાતે અદ્યતન પોર્ટેબલ મોબાઈલ ઈમરજન્સી મેડિકલ હોસ્પિટલના વિશિષ્ટ નિદર્શનનું ઉદ્ઘાટન

## વિધાનસભા અધ્યક્ષ શંકરભાઇ ચૌધરી,નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા સહિત મંત્રીમંડળના સભ્યો અને ધારાસભ્યોની વિશેષ ઉપસ્થિતિ

ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વિધાનસભા ખાતે અદ્યતન પોર્ટેબલ મોબાઈલ ઈમરજન્સી મેડિકલ હોસ્પિટલ 'BHISHM Cube-R300' ના વિશિષ્ટ નિદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. ભારત સરકારના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સેક્રેટરીએટ (NSCS) ના માર્ગદર્શન હેઠળની આરોગ્ય મૈત્રી પહેલ અંતર્ગત 'BHISHM Cube-R300' વિકસાવવામાં આવ્યું છે.



આ ગૌરવપૂર્ણ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા સહિત મંત્રીમંડળના સભ્યો અને ધારાસભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે ઉપસ્થિત તમામ મહાનુભાવોએ 'BHISHM Cube-R300' અંગેની શોર્ટ ફિલ્મ નિહાળી હતી.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, તા. ૯ અને ૧૦ સપ્ટેમ્બર, બે દિવસીય પ્રદર્શનનો મુખ્ય હેતુ કટોકટી તેમજ કુદરતી આપત્તિઓ જેવા કપરા સમયે તાત્કાલિક મળી રહેતી ઈમરજન્સી આરોગ્ય સેવાઓ, ટેલિમેડિસિન સુવિધા, ડિજિટલ હેલ્થ ટેકનોલોજી તેમજ અત્યાધુનિક લોજિસ્ટિક્સ અને સ્થિતિસ્થાપક આરોગ્ય માળખા અંગે નાગરિકોને પરિચિત કરાવવાનો છે.

BHISHM Cube-R300 ની વિશેષતાઓ વિશે જણાવતા આરોગ્ય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, BHISHM Cube-R300 એ અત્યંત જટિલ કે આપાતકાલીન પરિસ્થિતિઓમાં થોડી જ મિનિટોમાં તૈનાત કરી શકાય તેવી એક પોર્ટેબલ મોબાઈલ ઈમરજન્સી હોસ્પિટલ છે, જે સ્થળ પર જ ટ્રોમા સારવાર, તાત્કાલિક શસ્ત્રક્રિયા, રોગ નિદાન અને અન્ય જીવનરક્ષક સુવિધાઓ પૂરી પાડે છે. આ સમગ્ર સિસ્ટમને ૭૨ મોડ્યુલર મિની-ક્યુબ્સમાં પેક કરવામાં આવે છે, જેમાં પ્રત્યેક ક્યુબનું વજન ૨૦ કિગ્રાથી પણ ઓછું હોય છે.

# સુરત જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજનાની 100% કામગીરી, રાજ્યમાં ૮૫% થી વધુ ગામોમાં સિંગલ શિફ્ટમાં દિવસે વીજળી

## વિધાનસભામાં ઊર્જા મંત્રી દ્વારા કરવામાં આવી મોટી જાહેરાત

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન કતારગામના ધારાસભ્યશ્રી વિનોદભાઈ અમરશીભાઈ મોરડીયા દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના ઉત્તરમાં માનનીય ઊર્જા મંત્રીશ્રીએ રાજ્ય સરકારની ખેડૂતલક્ષી 'કિસાન સૂર્યોદય યોજના' અંગે મહત્વપૂર્ણ માહિતી રજૂ કરી હતી. મંત્રીશ્રીએ વિધાનસભામાં જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ ૧૦૦% કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે તેમજ સમગ્ર રાજ્યમાં પણ આ યોજના હેઠળ નોંધપાત્ર પ્રગતિ થઈ છે. ?

ખેડૂતોની માંગણીને સંતોષવા ખેડૂતોને દિવસે વિજળી પૂરી પાડવા ગુજરાત સરકાર દ્વારા એક નવીન અભિગમ અપનાવી "કિસાન સૂર્યોદય યોજના" અમલમાં મુકવામાં આવી છે, જેનો શુભારંભ માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા તા. ૨૪.૧૦.૨૦૨૦ના રોજ કરવામાં આવેલ.

ઓછા વરસાદવાળા વિસ્તારોમાં ખેડૂતો માટે મહત્વનો નિર્ણયઃ

આ ઉપરાંત મંત્રીશ્રીએ ખેડૂતોના હિતમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં જે વિસ્તારોમાં વરસાદ ઓછો થયો છે અને પાકને બચાવવા પિયતની વધુ જરૂરિયાત છે, તેવા વિસ્તારોમાં જ્યાં માંગણી કરવામાં આવેલ છે ત્યાં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને ૨ કલાક વધુ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. તા. ૩૧.૦૭.૨૦૨૬ ની સ્થિતિએ સુરત જિલ્લાના ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા તમામ ૬૯૭ ગામોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે, જેના થકી જિલ્લાના કુલ ૬૩,૯૮૩ ખેતીવાડી વીજ ગ્રાહકોને (ખેડૂતોને) હાલમાં દિવસે વીજળી પૂરી પાડવામાં આવી રહી છે.

# નર્મદામાં રેલવે બ્રિજની દીવાલ સાથે બાઈક અથડાતા બે યુવકોનાં મોત નિપજયાં



નર્મદા,

નર્મદા જિલ્લામાં નલિયા ગામ નજીક ગંભીર અકસ્માત સર્જાયો છે. રેલવે બ્રિજની દિવાલ સાથે બાઈક અથડાતા બે વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત થયા છે. મૃતકો ઝરવાણી ગામના હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, નલિયા ગામ નજીકથી પસાર થઈ રહેલી બાઈક રેલવે બ્રિજની દિવાલ સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક પર સવાર બંને વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને બંનેના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા.

અકસ્મિક અકસ્માતની ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી અકસ્માત અંગે વધુ તપાસ શરૂ કરી છે. આ અકસ્માતમાં મોતને ભેટેલા બંને વ્યક્તિ ઝરવાણી ગામના હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ પરિવારજનોને થતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

# ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રની શરૂઆત વંદે માતરમ્ ગીતના ગાન સાથે થતાં જ રાજકારણ ગરમાયું

## કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા ગીત દરમિયાન બેસી જતાં ભાજપના નેતાઓએ કોંગ્રેસ પાસે સ્પષ્ટતા અને માફીની માંગ કરી

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રની શરૂઆત વંદે માતરમ્ ગીતના ગાન સાથે થતાં જ રાજકીય ગરમાવો સર્જાયો છે. કોંગ્રેસના જમાલપુર-ખાડિયા બેઠકના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા ગીત દરમિયાન બેસી જતાં ભાજપના નેતાઓએ આ મુદ્દે કોંગ્રેસ પાસે સ્પષ્ટતા અને માફીની માંગ કરી છે. બીજી તરફ ખેડાવાલાએ પોતાના વલણને વ્યક્તિગત ગણાવીને કહ્યું છે કે, "દેશપ્રેમ માટે ભાજપના સર્ટિફિકેટની મને જરૂર નથી."

વંદે માતરમ ગાન દરમિયાન બેસી જવાના વિવાદ પર કોંગ્રેસ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ સ્પષ્ટતા કરી છે કે આ તેમનું વ્યક્તિગત સ્ટેન્ડ છે, પક્ષનું નહીં. તેમણે જણાવ્યું કે તેઓ ૧૯૩૭થી ગવાતા મૂળ વંદે માતરમનો આદર કરે છે, પરંતુ ભક્તિ અને દેવી-દેવતાઓની વાત કરતા પાછળના ફકરાઓથી તેમને વાંધો છે.

જમાલપુર-ખાડીયા વિધાનસભાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પોતાના બચાવમાં જણાવ્યું કે, વંદે માતરમ્ ગવાતું હતું ત્યારે તેઓ ઊભા હતા અને અગાઉ જે રીતે ગીત ગવાતું હતું, તે સંપૂર્ણ સન્માન સાથે ગાયું ત્યાં સુધી ઊભા રહ્યા હતા. તેમણે કહ્યું કે, "૧૯૩૭માં મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને રવીન્દ્રનાથ ટાગોરના સમયમાં વંદે માતરમ્ જેટલું ગવાતું હતું, તેટલા સમય સુધી હું ઊભો રહ્યો હતો. ત્યારબાદ હું બેસી ગયો હતો."

તેમણે વધુમાં કહ્યું કે તેઓ ભાજપની વિચારધારા સાથે જોડાયેલા નથી અને ગીતમાં પાછળથી ઉમેરાયેલી લાઈનો દરમિયાન બેસવું તેમનું વ્યક્તિગત વલણ છે. ખેડાવાલાએ સ્પષ્ટતા કરી કે, "હું દેશપ્રેમી છું અને રહીશ. દેશપ્રેમ માટે ભાજપના સર્ટિફિકેટની મને જરૂર નથી." સાથે જ તેમણે કહ્યું કે, "અડધા ગીતે હું બેસી ગયો છું, પરંતુ એ મારો પર્સનલ મામલો છે. આ મારું સ્ટેન્ડ છે, કોંગ્રેસનું સ્ટેન્ડ નથી."

ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના નિવેદન બાદ સંસદીય મંત્રી ઋષિકેશ પટેલે આ ઘટનાને શરમજનક ગણાવી હતી. તેમણે કહ્યું કે રાષ્ટ્રના ગૌરવ અને સંસદીય પ્રણાલીનું વારંવાર અપમાન કરવું કોંગ્રેસની આદત બની ગઈ છે.

# વરસાદની અછત વચ્ચે ગુજરાતના ખેડૂતોને મોટી રાહતઃ રાજ્ય સરકાર દરરોજ ૨ કલાક વધારાની વીજળી આપશે

## કૃષિ માટે ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી અપાશે

ગાંધીનગર,

રાજ્યમાં વરસાદ ખેંચાવાના કારણે વીજળીની માંગમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે, જેને લઈને રાજ્યના ઊર્જા મંત્રીએ કૃષિ ક્ષેત્ર માટે મહત્વનું નિવેદન આપ્યું છે. વરસાદની અછતના કારણે રાજ્યના ઘણા જિલ્લાઓમાં ખેડૂતોને સિંચાઈ માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સરકારે ખેડૂતોના હિતમાં ૨ કલાક વધારાની વીજળી આપવાનો નિર્ણય કર્યો છે; જેના પરિણામે હવે કૃષિ માટે ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી અપાશે.

ઊર્જા મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જેમ જેમ ખેડૂતો તરફથી નવી માંગણીઓ આવી રહી છે, તેમ તેમ વધારાની વીજળી પૂરી પાડવા અંગે સત્વરે નિર્ણય લેવાઈ રહ્યા છે. આ ઉપરાંત, વરસાદ ખેંચાવાથી ઊભી થયેલી ઘાસચારાની અછતની ગંભીર સ્થિતિને પહોંચી વળવા માટે પણ સરકાર દ્વારા જરૂરી પગલાંઓ લેવામાં આવ્યા છે. ઉર્જા મંત્રીના જણાવ્યા અનુસાર, વરસાદ લંબાવવાના કારણે પૂરતું પાણી પૂરું પાડવા માટે સરકારે કૃષિ ક્ષેત્રે આપવામા આવતી વીજળીના સમયમાં વધારો કર્યો છે. હવે ખેડૂતોને નિયમિત ૮ કલાકના બદલે દરરોજ ૧૦ કલાક વીજળી આપવામાં આવશે. આ ૨ કલાકની વધારાની વીજળી મળવાથી પાકને બચાવવામાં ખેડૂતોને મોટી રાહત મળશે. સરકાર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. રાજ્યમાં જેવા વિવિધ વિસ્તારો અને જિલ્લાઓમાંથી વીજળીની માગણી આવી રહી છે, તે મુજબ વધારાનો પુરવઠો પૂરો પાડવા ત્વરિત નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.

# રાજ્યભરમાં ગ્રામસેવકોનો કાળી પટ્ટી બાંધી સજ્જડ વિરોધ



પોતાની વર્ષો જૂની અને પડતર માંગણીઓ ન સંતોષાતા ગુજરાતભરના ગ્રામસેવકોએ રાજ્યવ્યાપી હડતાળનું બ્યુગલ ફૂંક્યું છે. સરકારને અપાયેલા ૭ દિવસના અલ્ટીમેટમની મુદ્દત પૂર્ણ થવા છતાં કોઈ ઉકેલ ન આવતા, ભાવનગરના ઉમરાળા તાલુકા સહિત સમગ્ર રાજ્યના ગ્રામસેવકો કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શનમાં જોડાયા છે.ગામડે ગામડે ખેડૂતોને કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચાડી ખેતી ક્ષેત્રે મહત્વની ભૂમિકા ભજવતા ગ્રામસેવકોની ઉપેક્ષા થતાં ભારે રોષ વ્યાપ્યો છે. ખેડૂતોની આવક બમણી કરવાના સરકારી દાવાઓ વચ્ચે રાત-દિવસ સેવા આપતા કર્મચારીઓની સુનાવણી ન થતાં આખરે તેમને આંદોલનનું શસ્ત્ર ઉગામવું પડ્યું છે.

# તળાજામાં પ્રેમસંબંધની અદાવતમાં યુવક પર છરી વડે કરાયો હુમલો

## બે શખ્સોએ ગેરેજમાં ઘૂસી માર મારી સાથળમાં છરી ઝીંકી; તળાજા પોલીસે ગુનો નોંધ્યો

ભાવનગર,તા.૧૦

તળાજા ખાતે રોયલ ચોકડી પાસે આવેલી 'મઢુલી મોટર' ગેરેજમાં કામ કરતા ૨૩ વર્ષીય ઈશ્વરભાઈ અમથાભાઈ જાંબુસા (રહે. દકાના) નામના યુવક પર જૂના પ્રેમસંબંધની અદાવતમાં છરી વડે હુમલો કરવાનો બનાવ સામે આવ્યો છે.

બનાવની વિગતો મુજબ, ગત તા. ૦૮/૦૯/૨૦૨૬ના રોજ સાંજે છ વાગ્યા આસપાસ ઈશ્વરભાઈ પોતાના ગેરેજે હાજર હતા ત્યારે તેમની પૂર્વ પ્રેમિકા ડિમ્પલ ડાભીનો મોટા બાપુનો દીકરો ઋત્વિક ડાભી અને ભાવેશ ડાભી ત્યાં આવ્યા હતા. બંનેએ ઢીકાપાટુનો માર મારી ઋત્વિકે પોતાની પાસે રહેલી છરી વડે ઈશ્વરભાઈના ડાબા પગના સાથળના ભાગે એક ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. હુમલા બાદ લોહીલુહાણ થયેલા યુવકને ૧૦૮ મારફતે તળાજા સરકારી હોસ્પિટલ અને બાદમાં વધુ સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખસેડાયા હતા. બે મહિના અગાઉ પ્રેમસંબંધમાં સમાધાન થઈ ગયું હોવા છતાં આ હુમલો કરાયો હતો. ઘટના અંગે તળાજા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કાલે મહાપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી; 5.71 કરોડના વિકાસ કામોને અપાશે લીલી ઝંડી

ભાવનગર,તા.૧૦

શહેરની જાહેર જનતાને લોકસુખાકારીની સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી આગામી તા. ૧૧/૦૯/૨૦૨૬ ને શુક્રવારના રોજ સ્ટેન્ડિંગ કમિટીની મહત્વની બેઠક મળનાર છે. આ બેઠકમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, સ્વચ્છ ભારત મિશન તથા સરકારમાંથી પ્રાપ્ત થતી વિવિધ ગ્રાન્ટો અન્વયે કુલ અંદાજિત રૂ. ૫.૭૧ કરોડના વિકાસ કામો અને સાધન ખરીદીની દરખાસ્તોને મંજૂરી આપવામાં આવશે. મંજૂર થનારા મુખ્ય કામોમાં શહેરના જુદા જુદા ૮ ફોર-લેન અને સિક્સ-લેન રસ્તાઓ પર ડિવાઈડરમાં સેન્ટ્રલ સ્ટ્રીટલાઈટ નાખવાનું કામ રૂ. ૨.૧૦ કરોડના ખર્ચે હાથ ધરાશે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ અંતર્ગત ચાવડી ગેઈટ ઈજી ખાતે ૧ સ્ટેટિક કોમ્પેક્ટર, ૧ હૂક લોડર અને ૨ કન્ટેનર ખરીદવા રૂ. ૧.૭૧ કરોડથી વધુ રકમ ફાળવાશે. આ ઉપરાંત, શિક્ષણ અને બાળવિકાસ ક્ષેત્રે કુંભારવાડાની અમર સોસાયટીમાં ૩ સ્માર્ટ આંગણવાડી (નંદઘર) રૂ. ૧.૨૩ કરોડ અને આખલોલ જકાતનાકા પાસે ઈન્દિરાનગરમાં ૧ સ્માર્ટ આંગણવાડી રૂ. ૩૭.૭૪ લાખના ખર્ચે બનાવવામાં આવશે. તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૨૭ શાળાઓમાં 'બોલતી દીવાલ' અંતર્ગત રંગરોગાન માટે રૂ. ૨૭.૪૦ લાખના ખર્ચની દરખાસ્તને બહાલી આપવામાં આવશે.

**સ્વર્ણિમ જયંતિ અને સ્વચ્છ ભારત મિશન ગ્રાન્ટ હેઠળ સેન્ટ્રલ સ્ટ્રીટલાઈટ, સ્માર્ટ આંગણવાડી અને ઘન કચરા વ્યવસ્થાપનના સાધનો ખરીદવા મંજૂરી અપાશે**

# સોનગઢના આધેડની હત્યા કેસમાં આરોપીને આજીવન કેદ

## અદેખાઈમાં સગીર મિત્રની મદદથી મોડીરાત્રે હત્યાને અંજામ આપ્યો હતો; ભાવનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટનો ચુકાદો

ભાવનગર,તા.૯

ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના સોનગઢ ગામે ત્રણ વર્ષ પૂર્વે થયેલી રઘુભાઈ અરજણભાઈ ચૌહાણની હત્યાના કેસમાં ભાવનગરની ડિસ્ટ્રિક્ટ કોર્ટે મુખ્ય આરોપી યુનુશ ઓસમાણભાઈ શેખ (ઉ.વ. ૨૭, રહે. બોરડી, જિ. અમરેલી)ને આજીવન કેદની સજા ફટકારી છે.

હત્યાના આ બનાવમાં કારણ એવું હતું કે, મરણજનાર રઘુભાઈ સારી ગાડીઓ રાખતા હોવાથી આરોપી યુનુશ તેમની અદેખાઈ અને રાગદ્વેષ રાખતો હતો, જેથી તેણે જેતપુરના પોતાના એક સગીર મિત્ર સાથે મળીને હત્યાનું પૂર્વઆયોજિત કાવતરું ઘડ્યું હતું. ગત તા. ૩૦/૦૯/૨૦૨૩ના રોજ રાત્રે સોનગઢ ગુરુકુળ ખાતે રઘુભાઈ નોકરી પર હતા ત્યારે પાછળથી આવી ધોકા



વડે અને છરીના માથા તથા છાતીના ભાગે ઘા મારી તેમની નિર્મમ હત્યા કરી હતી. ત્યારબાદ પુરાવાનો નાશ કરવા બંને જણા પહેરેલાં કપડાં અને હાથના મોજાં પ્લાસ્ટિકની થેલીમાં ભરી ખીરસરા ગામ પાસે નદીના પુલ પરથી નીચે ફેંકી ફરાર થઈ ગયા હતા.

બનાવ અંગે મૃતકના ભાઈ દેવાયતભાઈ ચૌહાણની ફરિયાદ આધારે સોનગઢ પોલીસે આઈપીસી કલમ ૩૦૨, ૧૨૦(બી), ૨૦૧, ૩૪ અને જી.પી.એક્ટ ૧૩૫ હેઠળ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી હતી. ભાવનગરના પ્રિન્સિપાલ સેશન્સ જજ આર.વી. બુખારીની અદાલતમાં કેસ ચાલી જતાં સરકારી વકીલ મનોજભાઈ જોષી અને મૂળ ફરિયાદ પક્ષના એડવોકેટ આશીત ભટ્ટની અસરકારક દલીલો, ૧૭ મૌખિક તથા ૪૧ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો. અદાલતે આરોપી યુનુશ શેખને આઈપીસી કલમ ૩૦૨, ૧૨૦(બી), ૩૪ હેઠળ આજીવન કેદ અને રૂ. ૧,૦૦૦નો દંડ (દંડ ન ભરે તો વધુ ૬ માસની સજા) તેમજ કલમ ૨૦૧ હેઠળ ૩ વર્ષની સજા અને રૂ. ૩,૦૦૦નો દંડ (દંડ ન ભરે તો વધુ ૩ માસની સજા)નો આદેશ કર્યો હતો.

# દિલ્હી દુર્ઘટના અને ચિત્રકૂટ અતિવૃષ્ટિના પીડિતો માટે મોરારિબાપુ દ્વારા સહાય

## દિલ્હીમાં ૭ મૃતક ના પરિવારજનોને રૂ. ૧.૦૫ લાખ અને ચિત્રકૂટ અતિવૃષ્ટિ પીડિતો માટે રૂ. ૫ લાખની આર્થિક રાહત જાહેર

ભાવનગર,તા.૧૦

તાજેતરમાં દિલ્હી ખાતે પીજી તરીકે વપરાતી એક પાંચ માળની ઈમારતના બેઝમેન્ટમાં રિપેરિંગ કામ ચાલતું હતું તે દરમિયાન અચાનક ઈમારત ધરાશાયી થતાં અનેક લોકો ઘાયલ થયા હતા અને સાત લોકોના કરુણ મોત નિપજ્યા છે. પૂજ્ય મોરારિબાપુએ આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ પાઠવીને તેમના પરિવારજનોને રૂ. ૧૫,૦૦૦ લેખે કુલ રૂ. ૧,૦૫,૦૦૦ની સહાયતા રાશિ અર્પણ કરી છે, જે રામકથાના મુંબઈ સ્થિત શ્રોતા દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરાવવામાં આવશે.

બીજી તરફ, દેશમાં 'લા નીનો'ની અસરને કારણે સર્જાયેલી હવામાનની વિષમતા વચ્ચે મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશની સરહદે આવેલા ચિત્રકૂટમાં અતિવૃષ્ટિ થતાં જાનમાલની ભારે ખુવારી થઈ છે. પૂજ્ય બાપુએ આ ઘટનાના પીડિતો માટે પણ તત્કાલ રૂ. ૫,૦૦,૦૦૦ની સહાયતા રાશિ અર્પણ કરી છે, જે વારાણસી સ્થિત રામકથાના શ્રોતા મારફતે પહોંચાડવામાં આવી છે. આ સાથે પૂજ્ય બાપુએ તમામ પીડિતોના નિર્વાણ માટે હનુમાનજી મહારાજના ચરણોમાં પ્રાર્થના કરી છે.

# પાલીતાણા પોલીસે અકસ્માતમાં ઘાયલ બાઈક સવારને હોસ્પિટલ પહોંચાડ્યો

ભાવનગર,તા.૧૦

પાલીતાણા ટાઉન પોલીસ ટીમ દ્વારા સમયસૂચકતા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી સરાહનીય કામગીરી સામે આવી છે. તળાજા રોડ પર વિરાયતન સ્કૂલ નજીક એક બાઈક સવારને અકસ્માત નડ્યો હોવાની જાણ થતાં જ પેટ્રોલિંગમાં રહેલી ૧૧૨ નંબરની ઈમરજન્સી પોલીસ વાન તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. અકસ્માતમાં ઈજાગ્રસ્ત બાઈક સવારને તાત્કાલિક સારવારની જરૂર હોવાથી પોલીસે એમ્બ્યુલન્સની રાહ જોયા વિના સમયસૂચકતા દાખવીને ઈજાગ્રસ્તને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. પોલીસની આ ત્વરિત કામગીરી, ફરજ નિષ્ઠા અને માનવતાભર્યા અભિગમને કારણે ઈજાગ્રસ્તને સમયસર તબીબી સારવાર મળી શકી હતી. મુશ્કેલીના સમયે નાગરિકોની મદદ માટે તત્પર રહેતી પાલીતાણા પોલીસની આ સતર્કતાની સ્થાનિક લોકો દ્વારા ભારે પ્રશંસા કરવામાં આવી રહી છે.

# સીદસરમાં કોપર વાયર ચોરીના ડખ્ખામાં પાઈપ વડે કર્યો હુમલો

ભાવનગર,તા.૧૦

ભાવનગર નજીક સીદસર ગામે કોપર વાયર ચોરીની શંકા રાખવાના મનદુઃખમાં યુવક પર લોખંડના પાઈપ વડે હુમલો થવાનો બનાવ સામે આવ્યો છે. સિદસર ૨૫ વારિયા વિસ્તારમાં રહેતા ૨૨ વર્ષીય રોહિતભાઈ સોલંકી (ધંધો- ભંગારની ફેરી)ના મિત્રનો કોપર વાયર ચોરાયો હતો. જે અંગે અજયગીરી ગોસ્વામી પર શંકા હોવાથી રોહિતભાઈ અને તેના મિત્રો તા. ૦૫/૦૯/૨૦૨૬ના રોજ અજયગીરીના ઘરે પૂછપરછ કરવા ગયા હતા. આ વાતનું મનદુઃખ રાખી તા. ૦૬/૦૯/૨૦૨૬ના રોજ સાંજે રોહિતભાઈ સીદસરના ખૂણે આવેલી હોટલે ચા પીતા હતા, ત્યારે અજયગીરીના પિતા રમેશગીરી ઉર્ફે મુછડ કાળુગીરી ગોસ્વામીએ ત્યાં આવી ગાળો આપી લોખંડના પાઈપ વડે રોહિતભાઈના બંને પગે આડેધડ ઘા મારી મૂઢ ઈજા પહોંચાડી હતી. ઘટના અંગે રોહિતભાઈ સોલંકીએ વરતેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે રમેશગીરી સામે આઈપીસી કલમ ૧૧૫(૨), ૩૫૨ અને જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

**હોટલે ચા પીતા યુવક પર હુમલો કરી બોલાચાલી કર્યાની ફરિયાદ નોંધાઈ**

# મહુવામાં ૨૦ દિવસથી ચાલતું આંદોલન ઉગ્ર બનાવવા રત્નકલાકારોએ આપી ચીમકી

ભાવનગર,તા.૧૦

મહુવા શહેરમાં હીરાના કારીગરોના આર્થિક શોષણ સામે છેલ્લા ૨૦ દિવસથી ચાલતી વિરોધની જ્વાળા હવે વધુ ઉગ્ર બની છે. હીરા ઘસવાના મહેનતાણામાં વ્યાજબી ભાવ વધારો કરવાની મુખ્ય માંગ સાથે ચાલતા આ આંદોલનના ભાગરૂપે શહેરના ફેવેલીન ગ્રાઉન્ડ ખાતે રત્નકલાકારોની એક વિશાળ અને મહત્વની બેઠક યોજાઈ હતી, જેમાં હજારોની સંખ્યામાં આક્રોશિત શ્રમિકો એકઠા થયા હતા.

બેઠક દરમિયાન રત્નકલાકાર આગેવાનોએ તંત્ર અને કારખાનેદારો સામે આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે,



મજૂરીના ભાવ વધારાની માંગ ન સંતોષાતાં હીરા શ્રમિકોનો આક્રોશ ચરમસીમાએઃ આગામી દિવસોમાં સજ્જડ ઉપવાસ અને ધરણા પ્રદર્શન કરાશે

મોંઘવારીના જમાનામાં હાલ મળતા તુચ્છ ભાવથી પરિવારનું ગુજરાન ચલાવવું અશક્ય બન્યું છે. વારંવારની શાંતિપૂર્ણ રજૂઆતો છતાં સત્તાધીશો કે માલિકો દ્વારા કોઈ સકારાત્મક નિર્ણય લેવાયો નથી.

ન્યાયી માંગણીઓ પ્રત્યે દર્શાવાતી આ ઘોર ઉપેક્ષા સામે રત્નકલાકારોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ટૂંક સમયમાં યોગ્ય ભાવ વધારો જાહેર કરવામાં નહી આવે, તો આંદોલન વધુ આક્રમક બનાવાશે. શ્રમિકોએ આગામી દિવસોમાં સમગ્ર શહેરમાં પ્રતીક ઉપવાસ, ધરણાસૂચક પ્રદર્શનો અને રેલીઓ યોજી હીરા ઉદ્યોગને સંપૂર્ણ ઠપ્પ કરવાની ચીમકી આપતા ખળભળાટ મચી ગયો છે.

# લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરામાં નૈષેધભાઈ પુરાણી આપશે વ્યાખ્યાન

ઈશ્વરિયા,તા.૧૦

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરામાં મૂળશંકરભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી નૈષેધભાઈ પુરાણી વ્યાખ્યાન આપશે.ગોહિલવાડની સુપ્રસિદ્ધ કેળવણી સંસ્થા લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરામાં આગામી શનિવાર તા.૧૨ના સવારે મૂળશંકરભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળા યોજાશે. આ અંતર્ગત ૨૦માં મણકાનું વ્યાખ્યાન અભિનેતા, દિગ્દર્શક અને ભાષા પ્રશિક્ષક નૈષેધભાઈ પુરાણી વ્યાખ્યાન આપશે. 'વાચન અભિવ્યક્તિનો આનંદ' વિષય પર આ વ્યાખ્યાન યોજાશે.

# શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કૉલેજમાં ઉત્સાહભેર 'શિક્ષક દિન' ઉજવાયો



ભાવનગર,તા.૧૦

શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કૉલેજ, ભાવનગર ખાતે ૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ 'શિક્ષક દિન'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના ઉત્સાહી વિદ્યાર્થીઓએ સ્વયં શિક્ષક, વિભાગીય વડા (HOD) અને આચાર્ય તરીકેની ભૂમિકાઓ ભજવી સમગ્ર શૈક્ષણિક કાર્ય તેમજ લેબ સેશન્સનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું. આ ઉજવણીમાં મિકેનિકલના ૧૦, આઈ.ટી.ના ૧૯, ઈલેક્ટ્રિકલના ૧૪ અને સિવિલના ૧૧ મળી વિવિધ વિભાગોમાંથી કુલ ૫૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંસ્થાના આચાર્ય ડૉ. જી. પી. વડોદરિયા, તમામ HODs અને અધ્યાપકોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અંતે પ્રિન્સિપાલ તરીકે મનોનીત રાજ્યગુરુ પ્રાંશુ તેમજ HOD તરીકે સેવા આપનાર જોટાંગિયા મેઘા, પાર્થ મોરાડિયા, અર્પિત કુમાર સિન્હા, બારડ શ્રેયાંશ અને રાઠોડ હિમાંશુ સહિત ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આ ઉપરાંત ઉત્કૃષ્ટ શૈક્ષણિક કૌશલ્ય દાખવવા બદલ વિભાગવાર 'બેસ્ટ ટીચર' તરીકે પસંદગી પામેલા પાલ રાહુલ, એની પરમાર, ફેની પટેલ, દર્શ રાવલ, અર્પિત કુમાર સિન્હા અને ગજ્જર ધૈર્યને વિશેષ પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

# કુંભારવાડાની આંગણવાડીમાં જીવાત વાળો ખોરાક પીરસાયો !

## સુપરવાઈઝરની સજાગતાથી દાળ-ભાતનું વિતરણ અટકાવાયું

ભાવનગર,તા.૧૦

ભાવનગરના કુંભારવાડા વિસ્તારની આંગણવાડીમાં બાળકોને અપાતા દાળ-ભાત અને શીરામાંથી જીવાત મળી આવતા ભારે આક્રોશ વ્યાપ્યો છે. આંગણવાડી સુપરવાઈઝર અને વર્કરે સમયસૂચકતા દાખવીને ખોરાકનું વિતરણ તાત્કાલિક અટકાવી દીધું હતું, જેના પગલે મનપાએ તમામ આંગણવાડીઓમાં તે દિવસનો નાસ્તો રદ કરી બાળકોને પડીકાવાળો નાસ્તો વિતરિત કર્યો હતો.

ઘટનાના પગલે કુંભારવાડા વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટરે ચેકિંગ હાથ ધરી મનપા તંત્ર અને કોન્ટ્રાક્ટર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે એક મહિના અગાઉ પણ એક્સપાયરી ડેટ વાળી વસ્તુઓ વહેંચાઈ હતી. અધિકારીઓ માત્ર ઉત્સવો ઉજવવામાં વ્યસ્ત છે અને સુપરવિઝનમાં સંપૂર્ણપણે નિષ્ફળ નિવડ્યા છે.

બીજી તરફ, ડેપ્યુટી મેયરે સ્પષ્ટતા કરી હતી કે નાસ્તાના સેમ્પલ મેળવીને વિડિયોગ્રાફી સાથે તપાસ કરાશે. બાળકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર ગમે તેટલી વગદાર એજન્સી હશે તો પણ તેને બક્ષવામાં નહી આવે અને કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# લોક અદાલતની નોટિસ આપવા ગયેલી બોટાદ પોલીસ પર હુમલો

ભાવનગર,તા.૧૦

આગામી ૧૨ સપ્ટેમ્બરે યોજાનારી લોક અદાલત સંદર્ભે સમન્સની જાણ કરવા ગયેલા બોટાદ ટાઉન પોલીસના બે કર્મચારીઓ પર એક શખ્સે જાનલેવા હુમલો કરી, બચકાં ભરી લોહીલુહાણ કર્યાની ગંભીર ઘટના સામે આવી છે.

પાળીયાદ-સાયલા રોડ પર મોટા છૈડાના કુલદીપ ખાચર નામના શખ્સને હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રરાવ અને કોન્સ્ટેબલ સતુભાએ લોક અદાલતમાં હાજર રહેવા સમજાવતા જ તે ઉશ્કેરાઈ ગયો હતો.

**આરોપીએ બે કોન્સ્ટેબલને બચકાં ભરી તેના શર્ટ પણ ફાડી નાખ્યા !**

'મારી પર કોઈ કેસ નથી' તેમ કહી ગાળો આપી તેણે પોલીસ સાથે ઝપાઝપી કરી હતી. હુમલાખોરે બંને કર્મચારીઓના ગાલે અને હાથમાં બચકાં ભરી, નખોરિયા વાગી જતાં લોહીલુહાણ કરી શર્ટ ફાડી નાખ્યા હતા.

હુમલા બાદ આરોપી પોતાની સ્વિફ્ટ કાર (GJ-13-CD-6796) ઘટનાસ્થળે છોડી, જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત પોલીસકર્મીઓને સારવાર અર્થે પાળીયાદ સરકારી હોસ્પિટલ ખસેડાયા છે. પાળીયાદ પોલીસે ફરજીની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# શિવકુંજ આશ્રમે સ્ફટિક શિવલિંગની આરાધના

## શ્રાવણ માસ અને કૃષ્ણ જન્મોત્સવના ત્રિવેણી સંગમ વચ્ચે પૂ. સીતારામ બાપુની નિશ્રામાં ભવનાથ મહાદેવની અલૌકિક આરાધનાથી આશ્રમ સંકુલ ગુંજી ઉઠ્યું

ભાવનગર,તા.૧૦

ભાવનગરના તળાજા રોડ પર સોમનાથ હાઈવે નજીક આવેલ સુપ્રસિદ્ધ શિવકુંજ આશ્રમ ખાતે શ્રાવણ માસ અને શ્રીકૃષ્ણ જન્મોત્સવનો ભક્તિમય સંગમ જોવા મળી રહ્યો છે. અહીં વિશ્વના બીજા નંબરના વિશાળ સ્ફટિક શિવલિંગ 'ભવનાથ મહાદેવ' સ્વરૂપે પ્રસ્થાપિત હોવાથી સમગ્ર પંથકમાંથી શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે. પૂ. સંત સીતારામ બાપુની પાવન નિશ્રામાં દરરોજ લઘુરુદ્ર, શિવમહિમ્ન સ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ અને હનુમાન ચાલીસાના પાઠથી વાતાવરણ આધ્યાત્મિક બન્યું છે.

શિવપુરાણ અનુસાર, કુદરતી હિમશીલામાંથી બનતા સ્ફટિક શિવલિંગમાં સાક્ષાત શિવ-પાર્વતીનો વાસ હોય છે અને તેનું સૌપ્રથમ પૂજન માતા લક્ષ્મીજીએ કર્યું હતું. આ અલૌકિક લિંગના દર્શન અને પૂજનથી માનસિક શાંતિ, ધન-ધાન્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને અખંડ ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે.



શ્રીકૃષ્ણના ૫૨૫૩મા જન્મોત્સવની ભવ્ય ઉજવણી વચ્ચે પૂ. સીતારામ બાપુ દ્વારા સમગ્ર શ્રાવણ માસ દરમિયાન ભવનાથ મહાદેવને ૧,૨૫,૦૦૦ બિલીપત્ર તથા દર સોમવારે ૧૦૦૮ કમળપુષ્પો અર્પણ કરી વિશેષ પૂજન કરાય છે. પૂ. સીતારામ બાપુ જણાવે છે કે, ઈશ્વર સ્મરણથી મન અને સંતોના સત્સંગથી બુદ્ધિ શુદ્ધ થાય છે, તેમજ ભગવાન શ્રીકૃષ્ણનું ગીતાજ્ઞાન આજે પણ માનવજાત માટે સાચો માર્ગદર્શક દીપક છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

CMYK



સૌરાષ્ટ્ર આસપાસ

## ડિજિટલ સેતુથી બદલાશે બ્રિક્સ વેપાર

વૈશ્વિક વેપારમાં ચુકવણીનું માધ્યમ કોના હાથમાં છે તેના ઉપર દેશોની આર્થિક સ્વતંત્રતાનો મોટો આધાર રહેલો છે. આ સત્ય છેલ્લા કેટલાક વર્ષોના આંતરરાષ્ટ્રીય બનાવોએ વધુ સ્પષ્ટ કર્યું છે. જ્યારે કોઈ એક મુદ્રા વિશ્વભરના વ્યવહારોનું કેન્દ્ર બની જાય ત્યારે તે મુદ્રા છાપનાર દેશને અજાણતાં જ અસાધારણ પ્રભાવ મળી જાય છે. આ પૃષ્ઠભૂમિમાં બ્રિક્સ જૂથના દેશો વચ્ચે ડિજિટલ ચલણોને જોડતા પાયલટ પ્રોજેક્ટની ચર્ચા માત્ર નાણાકીય સમાચાર નથી, તે આવતીકાલના આર્થિક સંતુલનનો નિર્દેશ છે. નવી દિલ્હીમાં મળનારા શિખર સંમેલનમાં આ દિશામાં નક્કર તૈયારી થઈ રહી હોવાના અહેવાલો વૈશ્વિક નિરીક્ષકોનું ધ્યાન ખેંચી રહ્યા છે.

આ પ્રસ્તાવિત વ્યવસ્થામાં કોઈ એક નવી આંતરરાષ્ટ્રીય નોટ છાપવાની કલ્પના નથી. તેના બદલે દરેક સભ્ય દેશ પોતાની મધ્યસ્થ બેંકની ડિજિટલ મુદ્રા વિકસાવશે અને તે તમામને એક સામાન્ય આંતર-સરહદ ચુકવણી મંચ ઉપર લાવવામાં આવશે. ભારતનો ઈ-રૂપિયો, ચીનનો ઈ-યુઆન અને રશિયાનો ઈ-રુબલ આ મંચના મુખ્ય આધાર બનશે. આ સાથે દેશોમાં પહેલેથી કાર્યરત ચુકવણી સેવાઓને પણ આ માળખા સાથે જોડવામાં આવશે. ઉદ્દેશ સીધો છે. બે બ્રિક્સ દેશો વચ્ચે માલ કે સેવાનો વેપાર થાય ત્યારે વચ્ચે ત્રીજા ચલણની ફરજ ન પડે. ચુકવણી સીધી, ઝડપી અને ઓછા ખર્ચે થાય.આ વિચારને માત્ર અમેરિકા વિરોધી ગણવો ભૂલભરેલું ગણાશે. વાસ્તવમાં દરેક દેશ પોતાના આર્થિક નિર્ણયો ઉપર પોતાનો અંકુશ ઈચ્છે છે. પ્રતિબંધોના સમયગાળામાં કેટલાક દેશોએ જોયું કે આંતરરાષ્ટ્રીય ચુકવણી માર્ગો બંધ થાય ત્યારે વેપાર કેટલો મુશ્કેલ બની જાય છે. ભારત માટે આ બાબત વધુ સંવેદનશીલ છે, કારણ કે તે પશ્ચિમી દેશો સાથે ગાઢ ભાગીદારી ધરાવવાની સાથે પૂર્વના દેશો સાથે ઊર્જા, ખાતર, મશીનરી અને અનેક ચીજવસ્તુઓનો વેપાર કરે છે. એટલે સ્વતંત્ર અને વિશ્વસનીય ચુકવણી વૈકલ્પિક માર્ગ તૈયાર કરવો તે દૂરંદેશી ગણાય.સ્વાભાવિક રીતે આ યોજના સામે અનેક વ્યવહારુ સવાલો ઊભા છે. દસ દેશોની ટેક્નોલોજી એકસરખી ગતિએ આગળ વધી રહી નથી. કેટલાક દેશોએ ડિજિટલ ચલણમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, કેટલાક હજુ પ્રાથમિક તબક્કામાં છે. તમામને એક સમાન તકનિકી ધોરણ ઉપર લાવવા માટે ધીરજ અને સતત સંકલન જોઈશે. કાયદાકીય માળખું પણ એકસરખું નથી. બેંકિંગ નિયમો, ગ્રાહક ડેટાની ગોપનીયતા, વ્યવહારોની પારદર્શિતા અને વિવાદોના નિરાકરણ અંગે દરેક દેશના અભિગમમાં તફાવત છે. મજબૂત ડેટા વહેંચણી કરારો વિના પરસ્પર વિશ્વાસ બંધાય નહીં. સાયબર સુરક્ષા તો સૌથી નાજુક કડી છે. ડિજિટલ નાણું જેટલું ઝડપી છે તેટલું જ તેને સુરક્ષિત રાખવાની જવાબદારી મોટી છે.આર્થિક દૃષ્ટિએ વેપાર સમતુલા જાળવવી પણ પડકારરૂપ રહેશે. જો એક દેશ સતત આયાત કરતો રહે અને નિકાસ ઓછી કરે તો હિસાબમાં અસમાનતા સર્જાય. તેનું સમાધાન કેવી રીતે થશે તે પહેલેથી નક્કી કરવું પડશે. તેમ છતાં નિષ્ણાતો માને છે કે શરૂઆતના તબક્કે આ મર્યાદાઓ યોજનાને અટકાવશે નહીં, કારણ કે હેતુ સમગ્ર વિશ્વની વ્યવસ્થા બદલવાનો નથી, પણ સભ્ય દેશો વચ્ચેના વ્યવહારોને સરળ બનાવવાનો છે. ડોલરનું વર્ચસ્વ એક દિવસમાં સમાપ્ત થવાનું નથી, પણ તેની અનિવાર્યતા ધીમે ધીમે ઘટી શકે છે.આ પ્રયોગનું સૌથી આશાસ્પદ પાસું સામાન્ય વેપારી સાથે જોડાયેલું છે.

આજે નાના નિકાસકારને વિદેશી ગ્રાહક પાસેથી નાણાં મેળવવામાં દિવસો લાગે છે અને વચ્ચે અનેક પ્રકારની ફી કપાય છે. ચલણના ભાવમાં થતા ફેરફારનું જોખમ અલગ. જો ડિજિટલ સેતુ કાર્યક્ષમ બને તો આ ખર્ચ અને સમય બંનેમાં ઘટાડો થાય. કોઈ મિલકત ગીરવે મૂક્યા વિના સીધો વેપાર કરવાની સુવિધા નાના ઉદ્યોગોને વૈશ્વિક બજાર સાથે જોડી શકે છે.

# ખંભાતનનો અખાત જ્યાં દરિયો દેવ થઈને આવે છે

**ખંભાતના કિનારે આ બાજુ નિષ્કલંક મહાદેવ બિરાજમાન છે તો સામે કિનારે નર્મદાના મુખ પાસે પણ ભાડભૂત મહાદેવ બિરાજમાન છે. વિશ્વમાં સૌથી ઊંચી ભરતી અને સૌથી નીચી ઓટ અમાસ-પૂનમના દિવસે આવે છે. ઓશનોગ્રાફી સર્વે ઓફ ઇન્ડિયાના ડેટા મુજબ ખંભાત ના અખાતનો સૌથી ઊંડો ભાગ કુડા માતાના મંદિરથી સામે આવેલા પીરમ બેટ વચ્ચે છે. અહીં ભરતીના પાણીનો કરંટ એટલો વધુ છે જેના કારણે મહાકાય જહાજના અતિ વજનદાર એન્કર કાચા સુતરના તાંતણાની જેમ તૂટી જાય છે!**

**પ્રાંસગિક** — સુરેશ ભટ્ટ

કુદરતની કરામત અનોખી છે. આપણી બ્લુ પ્લેનેટ કહેવાય છે કારણ કે અવકાશમાંથી તે બ્લુ કલરનો ગ્લોબ દેખાય છે. કારણકે તેની સપાટીનો મોટો ભાગ પાણીથી ઢંકાયેલો છે જમીનની ટકાવારી ઓછી છે એટલું બધું પાણી હોવા છતાં ધરતી પર જોવા લાયક પાણી માત્ર બે થી અઢી ટકા કરતા પણ ઓછું છે! મહાસાગરો એક કરતા વધુ છે તે એકબીજા સાથે જોડાયેલા છે અલગ અલગ નથી આ મહાસાગરમાં સમુદ્રનો પણ સમાવેશ થાય છે અરબી સમુદ્રની સાથે ગુજરાતમાં કચ્છ અને ખંભાતના ખાતા આવેલા છે આમાં ખંભાતનો અખાત અદભુત અને અનોખો છે વિશ્વની સૌથી ઊંચી ભરતી અને સૌથી નીતિઓ આ ખંભાતના અખાતમાં આવે છે. અહીં વોટ કાંપ સાથે અહીં ઠલવાય છે. દરિયાનું પાણી ઘણી વાર ડહોળું દેખાય છે. એ ડહોળાપણું જ આ ધરતીની ફળદ્રુપતાની નિશાની છે.

ખંભાતના અખાતની સાચી ઓળખ તેની ભરતી છે. ગુજરાતનો કિનારો ભારતમાં સૌથી ઊંચી ભરતી માટે જાણીતો છે. અખાતનો ગરણી આકાર આ ભરતીને વધુ ઊંચી ચડાવે છે. કેટલીક વાર પાણી બાર મીટર એટલે કે ચાલીસ ફૂટ સુધી ઊંચું આવે છે. ભરતી વખતે પાણી કલાકના સાડા ચાર માઈલની ઝડપે અંદર ધસે છે. ઓટ વખતે એ જ પાણી પાછું વળે ત્યારે ત્રણ માઈલ સુધી પહોળા કાદવ અને રેતીના પટ ખુલ્લા થઈ જાય છે. દરિયો જાણે થોડા કલાક માટે જમીનને પાછી સોંપી દે છે.!!

આવે ત્યારે દરિયો કેટલાય કિલોમીટર દૂર પાછળ ખસી જાય છે આ સપાટ કિનારા પર અલંગ શિપ બ્રે રિસાયકલ યાર્ડ આવેલું છે.

ખંભાતનો અખાત ઉત્તરે સાંકડો અને દક્ષિણે પહોળો. ઉત્તરમાં સાબરમતી અને માહી જ્યાં દરિયાને મળે છે ત્યાં તે માંડ વીસ કિલોમીટર પહોળો રહે છે. દક્ષિણમાં દીવ અને દમણ વચ્ચે તે સિત્તેર કિલોમીટર સુધી પહોળો થઈને અરબી સમુદ્રમાં ખુલી જાય છે. લંબાઈમાં તે લગભગ બસો કિલોમીટરનો પટ છે. આખો કિનારો ગણીએ તો છસો કિલોમીટર જેટલો થાય.

આ અખાત ઊંડો નથી. મોટા ભાગે વીસ મીટરથી ઓછું પાણી. વધુમાં વધુ પાંત્રીસ મીટર. તેથી જ અહીં દરિયો શાંત સરોવર જેવો નથી લાગતો. પવન અને ભરતી તેને સતત હલાવ્યા કરે છે. નર્મદા, તાપી, માહી, સાબરમતી અને શેત્રુંજી એમ પાંચ મોટી નદીઓ પોતાના

આ જ આવજા વચ્ચે કોળિયાક પાસે એક ચમત્કાર થાય છે. ભાવનગરથી થોડે દૂર કોળિયાક ગામ. ગામથી દોઢ કિલોમીટર દરિયામાં નિષ્કલંક મહાદેવનું મંદિર છે. ભરતી વખતે તે પાણીમાં ડૂબેલું રહે છે. માત્ર ધજા અને શિખર દેખાય. ઓટ વખતે દરિયો રસ્તો કરી આપે છે. ભક્તો પગપાળા કાદવ અને રેતી પર ચાલીને મંદિર સુધી પહોંચે છે. પગ નીચે ભીની રેતી, સામે દરિયાની વચ્ચે મહાદેવ. એ દૃશ્ય જોનારની આંખ ભીની થઈ જાય.


આ મંદિર સાથે પાંડવોની કથા જોડાયેલી છે. કહેવાય છે કે મહાભારતના યુદ્ધ પછી પાંડવોના મનમાં ભારે શોક હતો. પોતાના જ સ્વજનો સામે શસ્ત્ર ઉઠાવ્યાનો ડંખ તેમને કોરી ખાતો હતો. શ્રીકૃષ્ણે તેમને કહ્યું કે જેના હાથે કલંક લાગ્યું હોય તેણે મહાદેવની શરણાગતિ લેવી. પાંડવો ફરતા ફરતા આ દરિયા કિનારે આવ્યા. અહીં તેમણે રેતીમાંથી પાંચ શિવલિંગ બનાવીને તપ કર્યું. મહાદેવ પ્રસન્ન થયા. પાંડવોને કહ્યું કે તમારું કલંક ધોવાઈ ગયું. તમે હવે નિષ્કલંક છો. ત્યારથી આ જગ્યા નિષ્કલંક મહાદેવ તરીકે પૂજાય છે. આજે પણ મંદિરમાં પાંચ સ્વયંભૂ લિંગ છે. લોકો માને છે કે અમાસના દિવસે અહીં દર્શન કરવાથી મનનો ભાર હળવો થાય છે.

ભૂગોળની દૃષ્ટિએ જોઈએ તો આ કથા પણ દરિયાના સ્વભાવ સાથે જોડાયેલી છે. પાંડવોનો પશ્ચાતાપ અને દરિયાની ભરતી ઓટ બંનેમાં એક સરખો ભાવ છે. ડૂબવું અને બહાર આવવું. કલંક લાગવું અને ધોવાઈ જવું. દરિયો જેમ રોજ પોતાનો કિનારો ધોઈને સ્વચ્છ કરે છે, એમ આ તીર્થ માણસના મનને ધોઈ નાખે છે.

આ અખાત માત્ર શ્રદ્ધાનું સ્થાન નથી. હજારો વર્ષથી તે વેપારનો માર્ગ રહ્યો છે. ઉત્તર છેડે લોથાલ હતું. હડપ્પાના વહાણો અહીંથી જ દૂર દેશ જતાં. મધ્યયુગમાં ખંભાત શહેર દુનિયાભરમાં જાણીતું બંદર હતું. માર્કો પોલોએ તેની નોંધ લીધી છે. પણ દરિયાએ લાવેલા કાંપે ધીમે ધીમે બંદરોને પૂરી દીધાં. આજે અહીં મોટાં વહાણો નથી આવતાં, પણ નાની હોડીઓ, માછીમારો અને મીઠું પકવતા અગરિયાઓની દુનિયા ધમધમે છે.

પર્યાવરણની દૃષ્ટિએ આ વિસ્તાર અમૂલ્ય છે. નદીનું મીઠું પાણી અને દરિયાનું ખારું પાણી અહીં ભેગાં થાય છે. એવા પાણીમાં માછલી, કરચલા અને છીપલાં ખૂબ થાય છે. કિનારે ચેરનાં જંગલો અને પક્ષીઓની વસાહતો છે. શિયાળામાં દૂર દેશથી પક્ષીઓ અહીં આવે છે. અગરિયાઓ માટે આ કિનારો જીવન છે. સૂરજના તાપમાં પાણી સુકાય અને સફેદ મીઠાના ઢગલા થાય. એ દૃશ્ય પણ દરિયાની જ કૃપા છે.ગુજરાતી ફિલ્મ ભેટમાં આ અખાતના કિનારાની ભાવનાત્મક ઝલક જોવા મળે છે. દિગ્દર્શકે દરિયાને માત્ર પૃષ્ઠભૂમિ તરીકે નથી રાખ્યો, પણ એક પાત્ર તરીકે મૂક્યો છે. જે દરિયો આપે છે તે જ લઈ પણ લે છે. જે કિનારો દૂર કરે છે તે જ પાછો બોલાવે છે. આ ભાવ આ પ્રદેશના લોકોના જીવનમાં વણાયેલો છે.

આજે જ્યારે આપણે વિકાસની વાત કરીએ છીએ ત્યારે ખંભાતના અખાત સામે નવી નજરે જોવું પડશે. અહીં ભરતીમાંથી વીજળી બનાવવાની શક્યતા છે. છીછરા પાણીમાં પવનચક્કી અને સૌર ઊર્જાના પ્રકલ્પો વિચારાઈ રહ્યા છે. પણ સાથે એ પણ યાદ રાખવું પડશે




કે આ દરિયો નાજુક છે. વધુ કાંપ, વધુ પ્રદૂષણ તેને ગૂંગળાવી શકે છે.ખંભાતનો અખાત આપણને એક સરળ સત્ય શીખવે છે. દરિયો ક્યારેય એક જેવો નથી રહેતો. તે આવે છે અને જાય છે. આપે છે અને પાછો લે છે. નિષ્કલંક મહાદેવના દર્શને જતો માણસ પણ એ જ શીખીને પાછો આવે છે. મનમાં ભરેલો કલંકનો ભાર દરિયાના પાણી સાથે વહી જાય છે. પાછા ફરતી વખતે તે હળવો હોય છે. કદાચ એટલે જ આ અખાત માત્ર નકશા પરની ખાડી નથી, પણ ગુજરાતના મનનો એક ભાગ છે.

# આપણે હવે ઈશ્વરને પણ છેતરવા માંડ્યા છીએ...!

**વિશેષ**

આ કડવી વાસ્તવિકતા છે કે આપણે કેવા પ્રકારની નવી પેઢી તૈયાર કરી રહ્યા છીએ? જ્યાં સંસ્કારોમાં ઈશ્વર સાથે જ છેતરપિંડી શીખવવામાં આવતી હોય, એ સમાજમાં ભ્રષ્ટાચાર, બેઈમાની અને વિશ્વાસઘાત સિવાય બીજું શું પાંગરવાનું હતું? જો માણસ પોતાના આરાધ્ય દેવ સામે જ પ્રમાણિક ન રહી શકતો હોય, તો એ દુનિયાના કોઈ સંબંધમાં, વેપારમાં કે દેશ પ્રત્યે ક્યારેય વફાદાર રહી શકવાનો નથી.

તાજેતરમાં મારા મંદિરમાં હું ભગવાનની સેવા માટે ગયો હતો. ત્યાં શ્રદ્ધાળુઓ આવતા હતા, મસ્તક નમાવતા હતા અને યથાશક્તિ ભેટ દાનપેટીમાં નાખતા હતા. લગભગ અઠવાડિયાના અંતે જ્યારે આ દાનપેટી ખાલી કરી અને તેમાં રહેલી રકમની ગણતરી કરી ત્યારે સૌથી મોટો આઘાત લાગ્યો. રકમના આંકડાથી નહીં પણ તે જે સ્વરૂપે આવી હતી તેને જોઈને આઘાત લાગ્યો. દાનપેટીમાંથી ૧૦, ૨૦ અને ૫૦ રૂપિયાની ફાટેલી, જર્જરીત થઈ ગયેલી ઘણી ચલણી નોટો મળી. તેનો હિસાબ કર્યો તો ચાર આંકડામાં તેનું ટોટલ થયું. ઈશ્વર સામે હાથ જોડીને ગાડી, બંગલા, નોકરી, વિદેશમાં સ્થાયી થવાનું, સંતાનોને સેટ કરી આપવાનું અને બીજું કંઈક કેટલું આપણે માગતા હોઈએ છીએ.. ઈશ્વરને આપવાનું આવે ત્યારે ફાટેલી નોટોપ શું આપણે ઈશ્વરને પણ છેતરવા લાગ્યા છીએપ આપણામાં એટલી પણ નૈતિકતા નથી રહી કે જે પરમતત્ત્વ સામે આપણે હાથ જોડીને ઊભા છીએ તેની સાથે જ રમત કરીને આપણે નીકળી જઈએ છીએ.

મંદિરના ગર્ભગૃહ સામે હાથ જોડીને ઊભેલો માણસ જ્યારે આંખો મીંચે છે, ત્યારે એના ચહેરા પર અપાર શ્રદ્ધા, ત્યાગ અને સમર્પણનો ભાવ હોય છે. ઘણી વખત આ ભાવ એવી રીતે ધારણ કરવામાં આવે છે, કે સાક્ષાત દેવતા પણ ક્ષણવાર માટે આશ્ચર્યમાં મુકાઈ જાય. માણસની જેવી આંખો ખૂલે છે અને હાથ ખિસ્સામાં જાય છે, કે તરત જ સદીઓ જૂની મેલી માનસિકતા બહાર આવીને ઊભી રહી જાય છે. ખિસ્સામાં પડેલી કડકડતી પાંચસો કે બે હજારની નોટો સાચવીને, આંગળીઓ એવા ખૂણાને ફંફોસે છે જ્યાં સેલોટેપ ચોંટાડેલી, ખૂણો તૂટી ગયેલી, શાકભાજીવાળા કે રિક્ષાવાળાએ લેવાની ચોખ્ખી ના પાડી દીધી હોય તેવી ૧૦, ૨૦ કે ૫૦ની ગંધાતી-ચીથરેહાલ નોટ છુપાયેલી હોય. અત્યંત ચાલાકીપૂર્વક એ કાગળનો કચરો દાનપેટીના સાંકડા કાણામાં સરકાવી દેવામાં આવે છે અને આ માણસ છાતી ફુલાવીને બહાર નીકળે છે કે 'મેં આજે પ્રભુને દાન આપ્યું!' આ માત્ર એક ફાટેલી નોટ પધરાવવાની સાદી ઘટના નથી; આ આપણા આખા સમાજની સડી ગયેલી ધામકતા, ખોખલી નૈતિકતા અને ઈશ્વર સાથે પણ છેતરપિંડી કરવાની નિર્લજ્જ વૃત્તિનો જીવતો જાગતો પુરાવો છે.

જે નોટથી એક કપ ચા કે પાનનું બીડું નથી મળતું, જે નોટ સામાન્ય લારીવાળો પણ મોં મચકોડીને ગ્રાહકના મોઢા પર પાછી ફેંકે છે, એ નોટ આપણે ત્રિલોકના નાથના ચરણોમાં પધરાવી આવીએ છીએ. આ કઈ જાતની શ્રદ્ધા છે? શું મંદિર એટલે નકામી ચીજવસ્તુઓ પધરાવવાનું કચરાપાત્ર છે? આપણી માનસિકતા એટલી હદે પતિત થઈ ચૂકી છે કે જે વસ્તુ સમાજના સૌથી છેલ્લા માણસ દ્વારા નકારાઈ ગઈ છે, તેને આપણે ઈશ્વરના માથે ઠોકી બેસાડીએ છીએ. અહીં સવાલ રૂપિયાના મૂલ્યનો નથી; ૧૦ રૂપિયા આપો કે ૧૦ લાખ, ઈશ્વરને તમારા ધનની લાલચ નથી. પણ સવાલ એ દાન પાછળ રહેલી બદદાનત અને ધૃણાસ્પદ ચાલાકીનો છે. આપણે મનોમન એવું માની લીધું છે કે 'દાનપેટીમાં કોણ જોવા બેઠું છે? અંદર નાખી દીધું એટલે આપણું કામ પૂરું અને નકામી નોટ પણ વટાવાઈ ગઈ!' આ વિચાર જ સાબિત કરે છે કે આપણી નજરમાં ઈશ્વર સર્વવ્યાપી કે સર્વજ્ઞા નથી.

જેના દરબારમાં ઊભા રહીને આપણે અરબોની માગણી કરીએ છીએ અને તેની જ સામે ચાર આનાની છેતરપિંડી કરવા લાગીએ છીએ. આ એક વરવી સોદાબાજી શરૂ થઈ ગઈ છે. મંદિરમાં જઈને આપણે ઈશ્વર સામે જે લિસ્ટ ખોલીને ઊભા રહીએ છીએ તે ક્યારેય જોયું છે? દિકરા-દીકરીને અમેરિકા કે કેનેડાના વિઝા મળી જાય. શહેરમાં મોટો બંગલો અને લક્ઝરી ગાડી આવી જાય. ધંધામાં કરોડોનો નફો થાય અને ઈન્કમટેક્સની રેડ ન પડે. શરીરમાં કોઈ રોગ ન આવે અને સમાજમાં વટ પડે. આપણી માગણીઓનું લિસ્ટ અનંત છે. આપણે પરમાત્મા પાસે અબજો રૂપિયાનું સામ્રાજ્ય, દીર્ઘાયુષ્ય અને તમામ ભૌતિક સુખોની ભીખ માગીએ છીએ. પણ જ્યારે એ અનંત શક્તિ પ્રત્યે કૃતજ્ઞાતા વ્યક્ત કરવાનો વારો આવે છે, ત્યારે આપણી ઔકાત ફાટેલી દસ-વીસ રૂપિયાની નોટ પર આવીને અટકી જાય છે. આ ભક્તિ નથી, આ એકતરફી, નિર્લજ્જ અને હલકી કક્ષાની સોદાબાજી છે. સંસારના કોઈ સામાન્ય વેપારી સાથે પણ આવી છેતરપિંડી કરવાની આપણી હિંમત નથી ચાલતી, કારણ કે ત્યાં પકડાઈ જવાનો અને અપમાનિત થવાનો ડર હોય છે. ઈશ્વર મૂંગો છે, એ તાત્કાલિક દાનપેટીમાંથી ફાટેલી નોટ બહાર નીકળીને તમારો કલર પકડવાનો નથી, એટલે આપણે તેની સાથે ખુલ્લેઆમ દગાખોરી કરીએ છીએ.

આપણી સંસ્કૃતિમાં ભક્તિનું સર્વોચ્ચ શિખર શબરીના એઠાં બોર હતાં. શબરીએ બોર ચાખીને એટલા માટે આપ્યાં હતાં કે પ્રભુ રામને કોઈ ખાટું બોર ન આવી જાય. એમાં સમર્પણ હતું, પ્રેમ હતો, સર્વસ્વ લૂંટાવી દેવાનો શુદ્ધ ભાવ હતો. સુદામા જ્યારે કૃષ્ણ પાસે ગયા ત્યારે ફાટેલી પોટલીમાં તાંદુલ લઈ ગયા હતા, કારણ કે એ ગરીબ બ્રાહ્મણ પાસે બીજું કશું જ નહોતું; છતાં એ તાંદુલમાં પ્રેમની પરાકાષ્ઠા હતી. આજે આપણી પાસે ગાડીઓ છે, સોનાના દાગીના છે, બેંક બેલેન્સ છે અને વૈભવી જીવન છે. છતાં દાનપેટીમાં ફાટેલી નોટ જાય છે. આ શબરીનો ભાવ નથી, આ સુદામાની લાચારી નથી; આ સમૃદ્ધ માણસની આંતરિક ગરીબી અને કંગાળિયત છે. આપણી તિજોરીઓ છલકાઈ રહી છે પણ આપણાં હૃદય સડી ગયાં છે.

# યુ.વી.ટેક્નોલોજીથી પાણીનું શુદ્ધિકરણ કેવી રીતે થઈ શકે

**સૂર્યના પ્રકાશમાં છુપાયેલી શક્તિ પાણીને શુદ્ધ કરે છે. આવી જ રીતે અલ્ટ્રા વાયોલેટ કિરણો પણ પાણીની અંદર રહેલા સૂક્ષ્મ બેક્ટેરિયાને નષ્ટ કરે છે. પાણીની અંદર રહેલા સૂક્ષ્મ સજીવોને નષ્ટ કરવા માટે યુપી ટેકનોલોજી અત્યંત મહત્વપૂર્ણ છે. જેનું અત્યારે મોટાપાયે સંશોધન ચાલી રહ્યું છે**

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

સવારે જ્યારે સૂર્ય ઊગે છે ત્યારે આપણને ગરમી અને અજવાળું મળે છે. પણ સૂર્યના પ્રકાશમાં એક એવી શક્તિ પણ છે જે આપણી આંખે દેખાતી નથી. વૈજ્ઞાનિકો તેને પારજાંબલી કિરણો કહે છે. આ કિરણોમાં એક કુદરતી ગુણ છે. તે નાના જીવાણુઓનો નાશ કરી શકે છે.

ગામડામાં જૂના સમયમાં લોકો પાણીના વાસણને તડકામાં મૂકતા હતા. તેમને વિજ્ઞાનની ખબર નહોતી, પણ અનુભવે ખબર હતી કે તડકાનું પાણી વધારે સારું રહે છે. આજના વૈજ્ઞાનિકોએ આ જ કુદરતી નિયમને પકડી લીધો છે. તેમણે વિચાર્યું કે જો સૂર્યના કિરણો જીવાણુ મારી શકતા હોય તો આપણે ઘરમાં જ એવું નાનું મશીન કેમ ન બનાવીએ. આ વિચારમાંથી જ યુ.વી. વોટર પ્યુરિફાયરનો જન્મ થયો છે. તેમાં કોઈ દવા નાખવામાં આવતી નથી. માત્ર પ્રકાશથી પાણી સાફ થાય છે.

બહારથી આ મશીન એક નાનો ડબ્બો લાગે છે. પણ અંદર તેની રચના ખૂબ સમજીને બનાવેલી હોય છે. તેમાં મુખ્ય ત્રણ ભાગ હોય છે.

પહેલો ભાગ છે સ્ટીલનો નળાકાર ડબ્બો. તેમાંથી પાણી પસાર થાય છે. આ ડબ્બો અંદરથી ચમકતો હોય છે જેથી પ્રકાશ ચારે બાજુ ફેલાય.

બીજો ભાગ છે કાચની નળી. આ કોઈ સામાન્ય કાચ નથી. તે ખૂબ ચોખ્ખો કાચ છે. તેની અંદર એક ખાસ બલ્બ મૂકેલો હોય છે. આ કાચ પાણીને બલ્બથી અલગ રાખે છે. પાણી બલ્બને અડતું નથી, પણ પ્રકાશ આ કાચમાંથી આરપાર નીકળીને પાણીમાં ભળે છે.

ત્રીજો ભાગ છે તે ખાસ બલ્બ. તે ચાલુ થાય એટલે તેમાંથી ભૂરી ચમક સાથે કિરણો નીકળે છે. પાણી ધીમે ધીમે આ પ્રકાશમાંથી પસાર થાય છે. થોડીક સેકંડમાં જ પાણીમાં રહેલા જીવાણુઓ પર આ પ્રકાશની અસર થઈ જાય છે.આપણી આંખે પાણી ચોખ્ખું દેખાય, પણ તેમાં ઘણા નાના જીવાણુઓ તરતા હોય છે. તે એટલા નાના હોય છે કે સૂક્ષ્મદર્શક યંત્ર વગર દેખાતા નથી. આ જીવાણુઓ પેટમાં જઈને રોગ પેદા કરે છે.

દરેક જીવાણુને જીવતા રહેવા અને વધવા માટે એક આંતરિક રચના હોય છે. તેને આપણે તેનું મગજ કહી શકીએ. વૈજ્ઞાનિક ભાષામાં તેને ડીએનએ કહે છે. આ રચનાના આધારે જ એક જીવાણુમાંથી બીજા અનેક જીવાણુઓ બને છે.

જ્યારે યુ.વી. પ્રકાશ આ જીવાણુ પર પડે છે ત્યારે તે સીધો આ આંતરિક રચના પર હુમલો કરે છે. તે આ રચનાને તોડી નાખે છે. રચના તૂટી જાય એટલે જીવાણુ પોતાના જેવા બીજા જીવાણુ પેદા કરી શકતો નથી. જે જીવાણુ વધી શકતો નથી તે ધીમે ધીમે નકામો થઈ જાય છે. તે શરીરને નુકસાન કરી શકતો નથી. આ રીતે પાણી પીવા લાયક બને છે. તેમાં કોઈ દવાનો સ્વાદ આવતો નથી. પાણીનો કુદરતી સ્વાદ જળવાઈ રહે છે.

દરેક સારી વસ્તુની કેટલીક મર્યાદા હોય છે. તે સમજવી ખૂબ જરૂરી છે.પહેલી વાત છે પાણીની ચોખ્ખાઈની. જો પાણી ડહોળું હોય, તેમાં માટી કે કચરો હોય, તો આ પદ્ધતિ બરાબર કામ કરતી નથી. કારણ કે કચરાના કણોની પાછળ જીવાણુઓ સંતાઈ જાય છે. પ્રકાશ ત્યાં પહોંચી શકતો નથી. તેથી યુ.વી. મશીનમાં પાણી જાય તે પહેલાં તેને કપડાથી કે ગાળણીથી ગાળવું જરૂરી છે. મોટા ભાગના મશીનમાં આ માટે પહેલેથી જ ગાળણની વ્યવસ્થા હોય છે.બીજી વાત છે પાણીના ક્ષારની. પાણીમાં ઓગળેલા ક્ષારો આંખે દેખાતા નથી. યુ.વી. કિરણો માત્ર જીવાણુઓને મારે છે. તે ક્ષારને દૂર કરતા નથી. જો તમારા વિસ્તારનું પાણી ખારું હોય તો માત્ર યુ.વી. પૂરતું નથી. તેના માટે બીજી પદ્ધતિની જરૂર પડે છે.



ત્રીજી વાત છે વીજળીની. આ બલ્બ વીજળીથી ચાલે છે. વીજળી જાય ત્યારે તે કામ કરતું નથી. તેમજ સમયસર બલ્બ બદલવો પડે છે. જૂનો બલ્બ ઝાંખો પડે ત્યારે તેની શક્તિ ઘટી જાય છે.આ ટેક્નોલોજીનો પૂરો લાભ લેવા માટે થોડી કાળજી રાખવી જોઈએ.મશીનને હંમેશા સીધું રાખો અને સમયસર તેની સફાઈ કરાવો. કાચની નળી પર જો ક્ષાર જામી જાય તો પ્રકાશ ઓછો થાય છે. વર્ષમાં એક વખત તેની તપાસ કરાવવી સારી.પાણીનો સંગ્રહ સ્વચ્છ વાસણમાં કરો. શુદ્ધ થયેલું પાણી જો ગંદા વાસણમાં ભરશો તો મહેનત નકામી જશે. વાસણને ઢાંકીને રાખો.બાળકોને સમજાવો કે આ મશીનનો બલ્બ સીધી આંખે ન જોવો. તેનો પ્રકાશ આંખ માટે સારો નથી. મશીન બંધ ડબ્બામાં જ સુરક્ષિત છે.

ટૂંકમાં કહીએ તો યુ.વી. ટેક્નોલોજી એ કુદરતની દેન છે. સૂર્ય જે કામ મોટા પાયે કરે છે તે જ કામ આ નાનું મશીન ઘરમાં કરે છે. તે દવા વગર, સ્વાદ બગાડ્યા વગર પાણીને સલામત બનાવે છે. જો આપણે તેની મર્યાદા સમજીને તેનો ઉપયોગ કરીએ તો તે આપણા પરિવારના સ્વાસ્થ્યનો સારો રખેવાળ બની શકે છે.

CMYK

# ક્રિકેટ બોર્ડને રાષ્ટ્રીય રમતગમત શાસન અધિનિયમ, ૨૦૨૫ના દાયરામાં કેમ ન લાવવા જોઈએ : સુપ્રીમ

## સુપ્રીમ કોર્ટે ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ અને તમામ રાજ્ય ક્રિકેટ સંગઠનોને પૂછ્યું






નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (બીસીસીઆઇ) અને તમામ રાજ્ય ક્રિકેટ સંગઠનોને પૂછ્યું છે કે તેમને રાષ્ટ્રીય રમતગમત શાસન અધિનિયમ, ૨૦૨૫ ના દાયરામાં કેમ ન લાવવા જોઈએ. કોર્ટે બીસીસીઆઇ અને રાજ્ય ક્રિકેટ સંગઠનના અધિકારીઓની સેવા શરતોને પણ આ કાયદા હેઠળ લાવવા જોઈએ કે કેમ તેના જવાબો પણ માંગ્યા હતા. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની બેન્ચે બીસીસીઆઇ સંબંધિત કેસની સુનાવણી દરમિયાન આ પ્રશ્ન ઉઠાવ્યો હતો. બેન્ચમાં ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહના પણ સામેલ હતા. આ કેસ ૨૦૧૪ થી સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે, અને સમયાંતરે કોર્ટ સમક્ષ તેની સાથે સંબંધિત વિવિધ અરજીઓ લાવવામાં આવી છે.

બીસીસીઆઇ અને રાજ્ય ક્રિકેટ સંગઠનોનું પ્રતિનિધિત્વ કરતા વકીલો પાસેથી સૂચના લીધા પછી, સુપ્રીમ કોર્ટે તેમને સમજાવવા કહ્યું કે તેમના અધિકારીઓના કાર્યકાળ અને સેવાની શરતો ૨૦૨૫ માં અમલમાં આવેલા રાષ્ટ્રીય રમત શાસન કાયદાને આધીન કેમ ન હોવી જોઈએ. કોર્ટના આ પ્રશ્ને એ મુદ્દો ઉઠાવ્યો છે કે નવા રમત શાસન કાયદાની જોગવાઈઓ બીસીસીઆઇ દેશમાં ક્રિકેટનું સંચાલન કરતી સંસ્થા અને તેના રાજ્ય સંગઠનો પર કેવી રીતે લાગુ થશે.બીસીસીઆઇની કામગીરી અને સુધારાઓ અંગેની અરજી ૨૦૧૪ થી સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. આ કિસ્સામાં, કોર્ટે ક્રિકેટ વહીવટ સુધારવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લીધા છે. સુપ્રીમ કોર્ટે અગાઉ ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ આર.એમ. લોઢાની અધ્યક્ષતામાં એક સમિતિની નિમણૂક કરી હતી. આ સમિતિને બીસીસીઆઈમાં સુધારા માટે પગલાં સૂચવવાનું અને ક્રિકેટ બોર્ડ માટે નવું બંધારણ તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. બાદમાં, સુપ્રીમ કોર્ટે લોઢા સમિતિની ભલામણો સ્વીકારી અને બીસીસીઆઇના માળખા, સંગઠન અને કામગીરીમાં સુધારો કરવા માટે અનેક જોગવાઈઓ લાગુ કરી.સપ્ટેમ્બર ૨૦૨૨ માં, સુપ્રીમ કોર્ટે મ્ઝ્રૈં પદાધિકારીઓના કાર્યકાળ અંગેના તેના અગાઉના આદેશમાં ફેરફાર કરવાની મંજૂરી આપી હતી.

# ટીમ ઈન્ડિયા ૨૦૨૬ એશિયન ગેમ્સ માટે અલગ હોટલ ભાડે નહીં રાખે : બીસીસીઆઇ

નવીદિલ્હી,
એશિયન ગેમ્સ, જેમાં ક્રિકેટનો સમાવેશ થાય છે, ૧૯ સપ્ટેમ્બરથી જાપાનના આઇચી-નાગોયામાં શરૂ થશે. ભારતીય પુરુષ અને મહિલા બંને ક્રિકેટ ટીમો એશિયન ગેમ્સમાં ભાગ લેશે, જેના માટે બીસીસીઆઈએ પહેલાથી જ તેમની ટીમોની જાહેરાત કરી દીધી છે. દરમિયાન, બીસીસીઆઇના ઉપપ્રમુખ રાજીવ શુક્લાએ એશિયન ગેમ્સ માટે ખેલાડીઓના રહેવાની વ્યવસ્થા અંગે ચાલી રહેલા વિવાદનો અંત લાવતા એક નિવેદનમાં સ્પષ્ટતા કરી હતી કે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ આયોજન સમિતિ દ્વારા પૂરી પાડવામાં આવેલી રહેઠાણમાં જ રહેશે.બીસીસીઆઇના ઉપપ્રમુખે જણાવ્યું હતું કે આઈચી-નાગોયામાં ગુણવત્તાયુક્ત હોટલના અભાવને કારણે ક્રિકેટરોના રહેવાની વ્યવસ્થા અંગે પ્રશ્નો ઉભા થયા હતા, પરંતુ રહેવાની વ્યવસ્થામાં કોઈ મોટી સમસ્યા નથી, અને બીસીસીઆઇ અને ખેલાડીઓ વર્તમાન વ્યવસ્થાથી સંતુષ્ટ છે.બીસીસીઆઇના ઉપપ્રમુખ રાજીવ શુક્લાએ એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ભારતીય ટુકડીના વિદાય સમારંભ દરમિયાન ભારતીય ક્રિકેટ ટીમની રહેવાની વ્યવસ્થા અંગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “આયોજકો અમને જ્યાં પણ આપી રહ્યા છે ત્યાં અમે રહીશું. અમે ખેલાડીઓને આપવામાં આવી રહેલી રહેઠાણની વ્યવસ્થા પર સતત નજર રાખી રહ્યા છીએ જેથી તેમને કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે. જ્યારે તે ચોક્કસપણે ફાઈવ-સ્ટાર નથી, તે સારું અને આરામદાયક છે. અમે પૂરી પાડવામાં આવેલી રહેઠાણના ફોટા અને વીડિયો માંગ્યા છે.” ખેલાડીઓ ત્યાં જ રહેશે કારણ કે બીજો વિકલ્પ ઓસાકા અથવા ટોક્યોમાં રહેવાનો હતો, જે સ્થળથી ઘણા દૂર છે.ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ ૨૦ સપ્ટેમ્બરે ૨૦૨૬ એશિયન ગેમ્સ માટે ટોક્યો જવા રવાના થશે, જ્યાં તેઓ ૨૨ સપ્ટેમ્બરે જાપાન સામે ઐતિહાસિક ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમશે.બીસીસીઆઇના ઉપપ્રમુખે તેમના નિવેદનમાં એ પણ સ્પષ્ટતા કરી કે ભારતીય ટીમના ખેલાડીઓ રૂમ શેર કરશે નહીં પરંતુ અલગ રૂમમાં રહેશે.

# મહિલા ટી૨૦ એશિયા કપની સેમિફાઈનલમાં ભારતીય ટીમ બાંગ્લાદેશનો સામનો કરશે



દુબઈ,
દુબઈમાં રમાઈ રહેલા મહિલા ટી ૨૦ એશિયા કપ ૨૦૨૬ માં ગ્રુપ સ્ટેજ મેચોના સમાપન પછી, સેમિફાઈનલમાં પહોંચનારી ચાર ટીમોના નામ પુષ્ટિ થઈ ગયા છે. ભારત અને પાકિસ્તાનની મહિલા ટીમો ગ્રુપ એ માંથી ક્વોલિફાય થઈ ગઈ છે, જ્યારે ડિફેન્ડિંગ ચેમ્પિયન શ્રીલંકા અને બાંગ્લાદેશની મહિલા ટીમો ગ્રુપ બીમાંથી ક્વોલિફાય થઈ ગઈ છે. ભારતીય ટીમ સેમિફાઈનલમાં બાંગ્લાદેશની મહિલા ટીમનો સામનો કરશે, જે ૧૦ સપ્ટેમ્બરના રોજ દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રાત્રે ૮:૦૦ વાગ્યે રમાશે. બધાની નજર ટીમ ઈન્ડિયાના પ્રદર્શન પર રહેશે, કારણ કે અત્યાર સુધી ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં બાંગ્લાદેશની મહિલા ટીમ સામે તેમનો રેકોર્ડ મજબૂત છે.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો બાંગ્લાદેશની મહિલા ટીમ સહિત અન્ય એશિયન ટીમો સામે મજબૂત રેકોર્ડ છે. ભારતીય મહિલા ટીમે બાંગ્લાદેશ સામે કુલ ૨૪ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે, જેમાંથી ૨૧ જીતી છે અને ફક્ત ત્રણ હારી છે. ભારતીય મહિલા ટીમને છેલ્લે ૨૦૨૩ માં બાંગ્લાદેશ સામે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે તેઓ મીરપુર મેદાન પર રમાયેલી મેચમાં ૪ વિકેટથી હારી ગયા હતા. ત્યારથી, બંને ટીમો વચ્ચે કુલ ૮ મેચ રમાઈ છે, અને ભારતીય મહિલા ટીમે તે બધી જીતી છે.

ટી ૨૦ એશિયા કપમાં બાંગ્લાદેશ મહિલા ટીમ સામે ભારતીય મહિલા ટીમના હેડ-ટુ-હેડ રેકોર્ડની વાત કરીએ તો, બંને ટીમો વચ્ચે કુલ ૫ મેચ રમાઈ છે, જેમાંથી ભારતીય ટીમે ત્રણ મેચ જીતી હતી, જ્યારે બાંગ્લાદેશે બે જીતી હતી. ૨૦૨૪ માં રમાયેલા છેલ્લા મહિલા ટી ૨૦ એશિયા કપમાં, બંને ટીમો સેમિફાઈનલમાં પણ ટકરાઈ હતી, જેમાં ટીમ ઈન્ડિયાએ એકતરફી ૧૦ વિકેટથી જીત મેળવી હતી.

# રિકી પોન્ટિંગ ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન્સના માલિક બન્યા, ડેવિડ વોર્નરને કેપ્ટન બનાવાયા



સિડની,
ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન્સે વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સની ત્રીજી સીઝન પહેલા તેની ટીમ અંગે એક મોટી જાહેરાત કરી છે. ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન અને દિગ્ગજ બેટ્સમેન રિકી પોન્ટિંગ હવે ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન્સની માલિકીમાં જોડાયા છે. તે પુનીત સિંહ સાથે ફ્રેન્ચાઇઝનો સહ-માલિક બનશે. રિકી પોન્ટિંગને ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં સૌથી સફળ ખેલાડીઓ અને કેપ્ટનોમાંના એક માનવામાં આવે છે. ટીમમાં માલિક તરીકે જોડાઈને ફ્રેન્ચાઇઝને તેમના અનુભવ અને નેતૃત્વનો ફાયદો થવાની અપેક્ષા છે.આ જાહેરાત ૮ સપ્ટેમ્બરના રોજ મેલબોર્નના યુરેકા ૮૯ ખાતે આયોજિત ઓસ્ટ્રેલિયન ચેમ્પિયન્સ એ ન્યૂ એરા ઈવેન્ટમાં કરવામાં આવી હતી. ફ્રેન્ચાઇઝીએ ડબ્લ્યુસીએલની ત્રીજી સીઝન પહેલા તેની નવી શરૂઆતની જાહેરાત કરી હતી. ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ઓપનર ડેવિડ વોર્નરને કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.રિકી પોન્ટિંગે ઓસ્ટ્રેલિયન ચેમ્પિયન્સમાં જોડાવા બદલ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો અને પુનિત સિંહ અને ડેવિડ વોર્નર સાથે મળીને ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ચાહકો માટે કંઈક ખાસ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ફ્રેન્ચાઇઝના સહ-માલિક પુનિત સિંહે પણ પોન્ટિંગના ઉમેરા અને વોર્નરની કેપ્ટન તરીકે નિમણૂકનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું હતું કે તેમની હાજરી ટીમમાં અનુભવ, નેતૃત્વ અને શક્તિ લાવશે.ડેવિડ વોર્નર ડબ્લ્યુસીએલની ત્રીજી સીઝનમાં ઓસ્ટ્રેલિયન ચેમ્પિયન્સની કેપ્ટનશીપ કરશે. ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ઓપનરે કહ્યું હતું કે તે ટીમનું નેતૃત્વ કરવા અને ઘણા ભૂતપૂર્વ ક્રિકેટ દિગ્ગજો સાથે ફરીથી સ્પર્ધાત્મક ક્રિકેટ રમવા માટે ઉત્સાહિત છે. ડબ્લ્યુસીએલના સ્થાપક અને સીઈઓ હર્ષિત તોમરે પોન્ટિંગની ફ્રેન્ચાઇઝમાં પ્રવેશ અને વોર્નરની કેપ્ટનશીપને ઓસ્ટ્રેલિયન ચેમ્પિયન્સ અને ટુર્નામેન્ટ માટે મહત્વપૂર્ણ સીમાચિહ્નો ગણાવ્યા હતા.

# પાકિસ્તાની કેપ્ટન બાદ વિકેટકીપર ગુલ ફિરોઝાને આઈસીસી દ્વારા ભારે દંડ ફટકારવામાં આવ્યો

ઈસ્લામાબાદ,
આઈસીસી મહિલા એશિયા કપ ૨૦૨૬ માં પાકિસ્તાનની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાતા નથી. કેપ્ટન ફાતિમા સના પછી,આઈસીસીએ ટીમની વિકેટકીપર-બેટ્સમેન ગુલ ફિરોઝા સામે પણ કાર્યવાહી કરી છે. હોંગકોંગ સામેની ગ્રુપ છ મેચ દરમિયાન આઈસીસી આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ ગુલને તેની મેચ ફીના ૧૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે.

આ ઘટના ૭ સપ્ટેમ્બરના રોજ દુબઈમાં રમાયેલી પાકિસ્તાન-હોંગકોંગ મેચ દરમિયાન પાકિસ્તાનની ઈનિંગની પાંચમી ઓવરમાં બની હતી. ગુલ ફિરોઝાને એલબીડબ્લ્યુ આઉટ આપવામાં આવ્યો હતો. તેણીએ નિર્ણય સાથે અસંમત થવા માટે તેના બેટ તરફ ઈશારો કર્યો હતો, જે દર્શાવે છે કે બોલ તેને વાગ્યો હતો.આઈસીસીએ ગુલને ખેલાડીઓ અને ખેલાડી સહાયક કર્મચારીઓ માટેની આચારસંહિતાની કલમ ૨.૮ ના ઉલ્લંઘનનો દોષી ઠેરવ્યો હતો, જે આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન અમ્પાયરના નિર્ણય પર અસંમતિ દર્શાવવા સંબંધિત છે. દંડની સાથે, ગુલના શિસ્ત રેકોર્ડમાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. છેલ્લા ૨૪ મહિનામાં આ તેનો બીજો ગુનો છે. આ સમયગાળા દરમિયાન તેના ડિમેરિટ પોઈન્ટનો કુલ સ્કોર હવે બે પર પહોંચી ગયો છે. અગાઉ, તેણીને ૨૩ જૂનના રોજ ઓસ્ટ્રેલિયા સામે આઈસીસી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ લીગ મેચમાં બીજા ઉલ્લંઘન માટે ડિમેરિટ પોઈન્ટ મળ્યો હતો.

ગુલ ફિરોઝાએ પોતાની ભૂલ સ્વીકારી અને અમીરાત આઈસીસી ઈન્ટરનેશનલ પેનલ ઓફ મેચ રેફરી દ્વારા પ્રસ્તાવિત દંડ સ્વીકાર્યો. તેથી, ઔપચારિક સુનાવણીની જરૂર નહોતી. મેદાન પરના અમ્પાયર રબાબ અહસાન અને રોકેયા સુલ્તાના, થર્ડ અમ્પાયર શિવાની મિશ્રા અને ફોર્થ અમ્પાયર શથિરા ઝાકીરે ગુલ સામે આરોપો લગાવ્યા હતા.આઈસીસી આચારસંહિતાના લેવલ ૧ ના ઉલ્લંઘનમાં સત્તાવાર ઠપકો આપવાથી લઈને ખેલાડીની મેચ ફીના ૫૦% સુધીનો દંડ થઈ શકે છે.

# વિજયનો એક નવા અને પ્રચંડ પ્રતિસ્પર્ધીનો સામનો થશે : અજય દેવગણની દૃશ્યમ-૩નું ટ્રેલર આખરે રિલીઝ થયું




મુંબઈ,
અજય દેવગણના ચાહકો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે ફિલ્મનું ટ્રેલર આખરે રિલીઝ થઈ ગયું છે. “દ્રશ્યમ: ધ કન્ક્લુઝન” માં અજય દેવગણ વિજય સાલગાંવકર તરીકે પાછો ફર્યો છે. પાછલા બે ભાગોમાં પોતાની ચાલાકી અને બુદ્ધિમત્તાથી પોલીસને પાછળ છોડી દેનાર વિજયનો આ વખતે એક નવા અને પ્રચંડ પ્રતિસ્પર્ધીનો સામનો થશે. જયદીપ અહલાવત પોલીસ અધિક્ષક (ક્રાઈમ બ્રાન્ચ) રાજવીર સિંહ તોમરની ભૂમિકા ભજવે છે, જે એક જૂના કેસના તળિયે પહોંચવા માટે પોતાની બધી શક્તિનો ઉપયોગ કરશે.

“દ્રશ્યમ ૨” ની ઘટનાઓ પછી ટ્રેલર ફરી શરૂ થાય છે. વિજય, જેણે પોતાના પરિવારને કાયદાના ચુંગાલથી બચાવવા માટે દરેક પગલા પર કાળજીપૂર્વક વિચાર કર્યો છે, હવે એક નવા પડકારનો સામનો કરે છે. રાજવીર સિંહ તોમર કેસ સંભાળતા જ, વાર્તા તપાસનો એક નવો તબક્કો શરૂ કરે છે. રાજવીર ફક્ત જૂના સંકેતોને જોડવાનો પ્રયાસ જ નથી કરતો પરંતુ વિજયના પરિવાર વિશેના પ્રશ્નો પણ ઉજાગર કરે છે જે અગાઉ દબાયેલા માનવામાં આવતા હતા. ટ્રેલર સંકેત આપે છે કે ભૂતકાળના કેટલાક રહસ્યો ફરી ઉભરી શકે છે, અને વિજયે આ વખતે વધુ સતર્ક રહેવું પડશે.ફિલ્મમાં જયદીપ અહલાવતની એન્ટ્રી વાર્તામાં એક નવો વળાંક ઉમેરે છે. પોલીસ અધિક્ષક (ક્રાઈમ બ્રાન્ચ) રાજવીર સિંહ તોમર તરીકેનું તેમનું પાત્ર તપાસ પ્રત્યે દૃઢ અને ઉત્સાહી દેખાય છે. તે વિજયની બનાવટી વાર્તા પાછળનું સત્ય ફક્ત સ્વીકારવાને બદલે ઉજાગર કરવા માંગે છે. પ્રકાશ રાજ પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. તબ્બુ, શ્રિયા સરન અને રજત કપૂર પણ તેમની પાછલી ભૂમિકાઓમાં પાછા ફરી રહ્યા છે. જૂના ચહેરાઓ અને નવા પાત્રોનું આ મિશ્રણ વાર્તાને વધુ રસપ્રદ બનાવે છે.‘દ્રશ્યમ‘ ફ્રેન્ચાઇઝના પાછલા પ્રકરણોથી વિપરીત, આ ફિલ્મમાં એક નવી વાર્તા અને એક નવો પટકથા છે. જ્યારે ફિલ્મનો આધાર એ જ દુનિયામાં રહે છે, ત્યારે વાર્તા સંપૂર્ણપણે નવા વિકાસ સાથે રજૂ કરવામાં આવી છે. ટ્રેલર જૂના રહસ્યોના પડછાયાઓ ઉજાગર કરે છે અને નવા પ્રશ્નો ઉભા કરે છે. વિજય ફરી એકવાર પોતાના પરિવારને બચાવવા અને પોલીસથી ઘણા પગલાં આગળ રહેવાનો પ્રયાસ કરતો જોવા મળે છે. પરંતુ આ વખતે, તેનો સામનો એક અધિકારી સાથે થાય છે જે દરેક સંકેતોને એકસાથે ભેગા કરવા અને સત્ય સુધી પહોંચવા માટે કટિબદ્ધ છે. આ મુકાબલો ફિલ્મનો સૌથી મોટો હાઈલાઈટ બનવાનો છે.નિર્માતાઓએ ફિલ્મના ટ્રેલર લોન્ચ માટે ગોવા પસંદ કર્યું. ગોવામાં ‘દ્રશ્યમ‘ની વાર્તા અને વિજય સાલગાંવકરના જીવન સાથે ઊંડો સંબંધ છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | વિ | ર | કા | ણિ | કા | ત | ળ | શિ | ણિ | ગી | મ |
| ર | ચા | સા | ત | કુ | ળો | ળ | ક્ષ | ઇ | સ | બા | ધ |
| વા | ર | ક | તુ | ણે | મો | ક | વિ | રો | ર | અઃ | ક |
| ળો | ણા | જી | ફી | મા | દ | બં | જી | સા | બા | જ્ઞા | ડો |
| ળો | ઔ | શિ | કા | ર | મા | રો | ખ | ણ | ક | બૂ | ર |
| કા | ગ | વિ | ક્ષ | ગ | શિ | ગ | હા | મો | પ્ર | ણ | બા |
| વા | ર | જ્ઞા | સ | ણ | હિ | તી | ર | ભો | કા | કા | સ |
| દ | અ | ન | ક | સ | મા | ડો | બં | ર | ભા | પ્ર | અઃ |
| ર | કા | ણ | ક | રી | ઔ | ક | ધ | ણે | ર | શિ | વા |
| બ | કા | ઊ | હા | કા | સ | ન | સા | લ | સ | બ | બૂ |
| ર | ફ | ભા | ગં | ધ | બિ | સા | મા | ર | ઔ | સ | ર |
| ળ | ભો | વિ | કુ | ણ | કા | ક્ષ | બા | શિ | બૂ | ગ | ગી |

**શબ્દ શોધો:** મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# દિવ્યેન્દુ શર્મા - હર્ષિતા ગૌર અભિનીત નવી શ્રેણી "વેઈટિંગ હૈ"નું ટીઝર રિલીઝ થયું





મુંબઈ,
"મિર્ઝાપુરઃ ધ મૂવી", જે અલી ફઝલ, પંકજ ત્રિપાઠી અને દિવ્યેન્દુ શર્મા અભિનીત છે, હાલમાં બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મ ચાર દિવસ પહેલા જ રિલીઝ થઈ છે અને તે ?૧૦૦ કરોડનો આંકડો પાર કરી ચૂકી છે. ચાર દિવસમાં, ફિલ્મે ?૧૦૯ કરોડથી વધુનું નેટ કલેક્શન કર્યું છે અને હજુ પણ તેજીથી ચાલી રહી છે. દરમિયાન, દિવ્યેન્દુ શર્મા અભિનીત એક નવી શ્રેણીનું ટીઝર રિલીઝ થયું છે, જેમાં "મિર્ઝાપુર" ના ગુડ્ડુ ભૈયાની બહેન હર્ષિતા ગૌર, દિવ્યેન્દુની પત્ની તરીકે ડિમ્પીનો રોલ ભજવે છે. "વેઈટિંગ હૈ" નામની આ શ્રેણી કન્ફર્મ રેલ્વે ટિકિટના નામે થતી છેતરપિંડી અને છેતરપિંડીનો પર્દાફાશ કરે છે.

તાજેતરમાં, નિર્માતાઓએ "વેઈટિંગ હૈ" નું ટીઝર રિલીઝ કર્યું, જેમાં દિવ્યેન્દુ શર્મા એક રેલ્વે પોલીસ અધિકારીની ભૂમિકા ભજવતા જોવા મળે છે અને હર્ષિતા ગૌર તેની પત્નીની ભૂમિકા ભજવતા જોવા મળે છે. આ જોડીની ચર્ચા પણ થઈ રહી છે કારણ કે દિવ્યેન્દુ અને હર્ષિતા "મિર્ઝાપુર" માં વિરોધી જૂથના છે, પરંતુ નવી શ્રેણીમાં, તેઓ પતિ-પત્ની તરીકે જોવા મળશે. આ શ્રેણીમાં ભુવન અરોરા પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. તે એક હેકર તરીકે જોવા મળશે જે છેતરપિંડીથી કન્ફર્મ ટિકિટ મેળવવામાં નિષ્ણાત છે."વેઈટિંગ હૈ" નું ટીઝર રોજિંદા જીવન, ટ્રાફિક અને ટ્રેન મુસાફરીની ધમાલથી શરૂ થાય છે. આ દરમિયાન, એક રેલ્વે પોલીસમેન, સુગમ મિશ્રા (દિવ્યેન્દુ શર્મા) દ્રશ્યમાં પ્રવેશ કરે છે.

# ચેક બાઉન્સ કેસમાં દિલ્હી હાઈકોર્ટના સજા યથાવત રાખવાના નિર્ણયને રાજપાલ યાદવે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો



મુંબઈ,
બોલીવુડના પ્રખ્યાત અભિનેતા રાજપાલ યાદવ છેલ્લા કેટલાક દિવસોથી તેમની સામે ચેક બાઉન્સ કેસને કારણે સમાચારમાં છે. ૧૦ જુલાઈના રોજ, દિલ્હી હાઈકોર્ટે ચેક બાઉન્સ કેસની સુનાવણી કરી, જેમાં રાજપાલ યાદવને મોટો ઝટકો લાગ્યો. કોર્ટે તેમને ૩ મહિનાની જેલની સજા ફટકારી. દિલ્હી હાઈકોર્ટના સજાને યથાવત રાખવાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે.કેસની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવને ૫ કરોડ રૂપિયા જમા કરાવે તો જ શરણાગતિમાંથી મુક્તિ આપી હતી. કોર્ટે રાજપાલને ૯ સપ્ટેમ્બર એટલે કે બુધવાર સુધીમાં સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીમાં ૫ કરોડ રૂપિયા જમા કરાવવાનો આદેશ આપ્યો હતો.સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવને અનેક ચેક બાઉન્સ કેસોમાં શરણાગતિમાંથી મુક્તિ આપી હતી, જો તેઓ સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીમાં ૫ કરોડ રૂપિયા જમા કરાવે તો જ. કેસની સુનાવણી કરતા કોર્ટે જણાવ્યું હતું કે જો તેઓ પૈસા જમા કરાવે તો જ તેમને રાહત મળશે, નહીં તો તેમને જેલની સજા ભોગવવી પડશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચે રાજપાલ યાદવ અને રાધા યાદવની અરજીઓનો મૌખિક રીતે ઉલ્લેખ કર્યા બાદ આ આદેશ આપ્યો હતો. બેન્ચે નોટિસ જારી કરવાનો અને આગામી સુનાવણી માટે ૧૫ સપ્ટેમ્બરની તારીખ નક્કી કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું, "જો અરજદારો ૯ સપ્ટેમ્બર સુધીમાં રજિસ્ટ્રીમાં ૫ કરોડ (૫૦ મિલિયન રૂપિયા) જમા કરાવે છે, તો તેમને શરણાગતિમાંથી મુક્તિ આપવામાં આવશે." આ અરજીઓ રાજપાલ યાદવ અને રાધા યાદવે દિલ્હી હાઈકોર્ટના ૧૦ જુલાઈના આદેશ સામે દાખલ કરી હતી.

# લોક મેળા સંદર્ભે ભીમનાથ સ્ટેશન પર રેલ યાત્રીઓ માટે સુવિધા વધારાઈ

## ભાવ.-સાબરમતી ઈન્ટરસિટીને બે દિવસ હંગામી સ્ટોપેજ; ત્રણ પેસેન્જર ટ્રેનોનો સ્ટોપેજ સમય વધારાયો

ભાવનગર,તા.૧૦

ભીમનાથ ખાતે યોજાનાર 'ભીમનાથ મહાદેવ ધાર્મિક મેળા'માં આવતા શ્રદ્ધાળુઓની સુવિધા માટે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા ભીમનાથ સ્ટેશન પર વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ વ્યવસ્થા અંગે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે, ટ્રેન નંબર ૨૦૯૬૫/૨૦૯૬૬ ભાવનગર–સાબરમતી ઈન્ટરસિટી એક્સપ્રેસને ૧૧ અને ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ભીમનાથ સ્ટેશન પર હંગામી ધોરણે સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત, ભીમનાથ સ્ટેશન પર ગાંધીગ્રામ–બોટાદ–ગાંધીગ્રામ વચ્ચે દોડતી ત્રણ દૈનિક પેસેન્જર ટ્રેનો (૫૯૨૩૭/૩૮, ૫૯૫૫૩/૫૪, ૫૯૫૫૫/૫૬)ના સ્ટોપેજનો સમય ૧ મિનિટથી વધારીને ૨ મિનિટ કરવાનો નિર્ણય લેવાયો છે. રેલવે મંડળની આ પૂર્વાયોજિત વ્યવસ્થાથી મેળામાં આવતા હજારો શ્રદ્ધાળુઓને વધુ સરળ, સુગમ અને સુરક્ષિત રેલ મુસાફરીનો લાભ મળશે.

# સિહોર સ્થિત બ્રહ્મકુંડ ખાતે કાલે ભાદરવી અમાસનો મેળો ભરાશે

## બ્રહ્મકુંડમાં પાટણના રાજવીએ સ્નાન કરતાં કોઢ મટ્યો હોવાનો ઈતિહાસ

સિહોર,તા.૧૦

સિહોરની ભૂમિનું દેદીપ્યમાન અને ઐતિહાસિક વારસાની ભૂમિ, સમગ્ર ગુજરાતના પ્રાચીન ઈતિહાસમાં અનેરુ સ્થાન છે. તેમા સિહોરનો બ્રહ્મકુંડ સ્થાપત્ય કલામાં અદભુત અને અપ્રતિમ છે. સિહોરમાં કળા અને સ્થાપત્યોના અનેક બેનમૂન નમુનાઓ સદીઓના વાયરા વિત્યા પછી પણ સિહોરની શોભામાં વધારો કરી રહ્યા છે. ટાણા રોડ પર આવેલા બ્રહ્મકુંડ ખાતે તા.૧૧-૯ ને શુક્રવારે આખો દિવસ ભાદરવી અમાસનો ભાતીગળ મેળો ભરાશે. બ્રહ્મકુંડમાં પાટણના રાજવીએ સ્નાન કરતાં કોઢ મટયો હોવાનો ઈતિહાસ છે. આ મેળામાં સિહોર શહેર કે તાલુકાના જ નહી પરંતુ સમગ્ર જિલ્લા ભરમાંથી અનેક લોકો આવી મેળાની મોજ માણે છે. સાથો સાથ જોડનાથ મહાદેવ મંદિર, હનુમાન ધારા મંદિર ખાતે પણ શ્રધ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડશે. બ્રહ્મ કુંડ ખાતે સિહોર નગરપાલિકા દ્વારા વ્યવસ્થા


તસવીર : કૌશિક વ્યાસ

ગોઠવવામાં આવી છે ત્યારે સિહોર પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મેળો ભરાશે.

સિધ્ધરાજ જયસિંહ સિહોર આવ્યા હતા. અને રાત્રી રોકાણ કરેલ હતું. વહેલી સવારે હાથ ધોવા માટે પાણી મંગાવ્યું અને આ પાણીથી ચમત્કાર થયો હોય તેમ રાજવી સિદ્ધરાજ જયસિંહના હાથનો કોઢમા રાહત જણાઈ હતી. અને તેઓએ તુરંત તેમના ચાકરને પાસે પુચ્છા કરાવી કે આ પાણી ક્યાંથી લાવ્યો ત્યારે ચાકરે જવાબ આપ્યો કે હું આ પાણી બાજુના કુંડમાંથી લાવ્યો છું. અને આ બ્રહ્મકુંડ પાસે રાજવી સિધ્ધરાજ જયસિંહ ગયા અને આ કુંડમાં સ્નાન કરતા જ પોતાના શરીરનો કોઢ દૂર થયો હોવાનો ઈતિહાસ છે. ત્યારબાદ રાજવી સિધ્ધરાજ જયસિંહ ત્યાં ખોદકામ કરાયું અને આ સ્થળે તે સમયે પુરાતન અવશેષો પણ મળી આવ્યા હતાં. ત્યારબાદ રાજવી સિધ્ધરાજ જયસિંહ આ સ્થળનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આજે પણ સિહોરના અનેક સ્થાપત્યોનો આ બેનમુન નમૂનો છે. લોક ભાગીદારીથી આ કુંડનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. આજે બ્રહ્મકુંડ આકર્ષક લાગે છે. આજે પણ દર મહિને અમાસના દિવસે અમાસ મંડળ દ્વારા ભવ્ય દીપમાળા કરવામાં આવે છે. બ્રહ્મકુંડ ખાતે નવનાથ પૈકીના એક નાથ કામનાથ મહાદેવ બિરાજમાન છે. ભાવિકો મોટા પ્રમાણમાં દર્શન કરી ધન્યતા અનુભવે છે.

# મનપાને રી-સર્વે ફળ્યો; ઘરવેરાની વાર્ષિક ડિમાન્ડમાં રૂ. ૩૫.૨૪ કરોડનો વધારો

## એસેસમેન્ટ વિભાગે ૫૨,૧૪૯ નવી મિલકતો ઉમેરી, વોર્ડ નં. ૬માં સર્વે પૂર્ણ થતાં કુલ ડિમાન્ડ રૂ. ૧૩૧.૯૧ કરોડના સ્તરે પહોંચી

ભાવનગર,તા.૧૦

ભાવનગર મહાનગરપાલિકાના એસેસમેન્ટ વિભાગ દ્વારા હાથ ધરાયેલા મિલકત રી-સર્વેના સફળ અભિયાનના પરિણામે મનપાની આવકના સ્ત્રોત વધુ મજબૂત બન્યા છે. વર્ષ ૨૦૧૮-૧૯થી શરૂ કરાયેલી આ ઝુંબેશ અંતર્ગત અત્યાર સુધીમાં શહેરમાં ભળેલા ૬ નવા ગામો અને ૮ વોર્ડની કુલ ૧,૯૪,૭૮૪ મિલકતોનો રી-સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે, જેમાં ૫૨,૧૪૯ જેટલી નવી મિલકતો આકારણી હેઠળ ઉમેરાઈ છે.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં વોર્ડ નંબર-૬ (નવાપરા-તખ્તેશ્વર) વિસ્તારમાં રી-સર્વેની કામગીરી આટોપી લેવામાં આવી છે. આ વોર્ડના સર્વે બાદ મનપાની વાર્ષિક ડિમાન્ડમાં રૂ. ૩.૨૨ કરોડ અને કુલ ડિમાન્ડમાં રૂ.૨૦.૬૨ કરોડનો સીધો વધારો નોંધાયો છે.

વર્ષ ૨૦૧૭-૧૮થી ૨૦૨૫-૨૬ દરમિયાન હાથ ધરાયેલી કામગીરી અને તાજેતરના આંકડાઓને ભેગા કરતા, આ સમગ્ર રી-સર્વે ઝુંબેશના પરિણામે મહાનગરપાલિકાની વાર્ષિક ડિમાન્ડમાં કુલ રૂ. ૩૫.૨૪ કરોડ અને કુલ ડિમાન્ડમાં રૂ.૧૩૧.૯૧ કરોડનો જંગી વધારો થયો છે. એસેસમેન્ટ વિભાગના આ સઘન ચેકિંગ અને સર્વેના કારણે મનપાની તિજોરીને મોટો આર્થિક લાભ થયો છે.

# મેસણકા ગામે પોલીસ લોક દરબાર યોજાયો: ગ્રામજનો અને ખેડૂતો દ્વારા પ્રશ્નોની રજૂઆત

## અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી, ખેતરોમાં રંજાડ અને રખડતા ઢોરની સમસ્યા ઉકેલવા પોલીસ વિભાગની ખાતરી

ભાવનગર,તા.૧૦

ગારીયાધાર તાલુકાના મેસણકા ગામે પોલીસ વિભાગ દ્વારા Dy.SPની અધ્યક્ષતામાં એક લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના ખેડૂતો, ગ્રામજનો અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. લોક દરબાર દરમિયાન ગ્રામજનોએ ગામની વિવિધ પ્રાણપ્રશ્નો અંગે પોલીસ સમક્ષ સીધી રજૂઆતો કરી હતી.




બેઠકમાં પાટીદાર સમાજના આગેવાન વિજયભાઈ માંગુકીયાએ અસામાજિક તત્વો કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે અચકાયા વગર પોલીસ ફરિયાદ નોંધાવવા અપીલ કરી હતી. આ ઉપરાંત, ખેડૂતોએ પોતાના ખેતરોમાં વારંવાર થતી રંજાડ અને રખડતા ઢોરની ગંભીર સમસ્યા અંગે યોગ્ય ઉકેલ લાવવા માંગ કરી હતી.

રખડતા પશુઓના પ્રશ્ને હઅ.જીઁએ લોકભાગીદારીથી ગામમાં વાડો બનાવી તેના સંચાલન માટે આગળ આવવા સૂચન કર્યું હતું. પોલીસ અધિકારીઓએ ગ્રામજનોની તમામ રજૂઆતો શાંતિપૂર્વક સાંભળીને હકારાત્મક સહકાર આપવાની ખાતરી આપી હતી.

# MKBU દ્વારા યોજાશે આંતર કોલેજ યુવક મહોત્સવ 'ભાવલહર-૨૦૨૬'

## કુલપતિ ડૉ. રામાનુજના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં લેવાયો નિર્ણય: ૨૨ ઓક્ટોબરે 'વિકસિત ભારત-૨૦૪૭' થીમ પર યોજાશે કલાયાત્રા

ભાવનગર,તા.૧૦

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના વહીવટી ભવનના એકેડેમિક હોલ ખાતે કુલપતિ ડૉ. ભરતભાઈ રામાનુજના અધ્યક્ષ સ્થાને 'બોર્ડ ઓફ સ્ટુડન્ટ ડેવલપમેન્ટ'ની મહત્વની સભા યોજાઈ હતી. શારીરિક શિક્ષણ નિયામક અને સેક્રેટરી ડૉ. દિલીપસિંહ ગોહિલે સ્વાગત વિધિ કર્યા બાદ બેઠકમાં વિદ્યાર્થી વિકાસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ આપવા અનેક નિર્ણયો લેવાયા હતા. જે અંતર્ગત શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા આગામી ૨૨ થી ૨૫ ઓક્ટોબર દરમિયાન આંતર કોલેજ સ્પર્ધાત્મક યુવક મહોત્સવ 'ભાવલહર-૨૦૨૬'નું આયોજન સર્વાનુમતે નક્કી કરાયું છે.

યુવક મહોત્સવમાં વિદ્યાર્થીઓના કૌશલ્યને નિખારવા પાંચ મુખ્ય વિભાગોનું વિશેષ નામકરણ કરવામાં આવ્યું છે, જેમાં નૃત્ય વિભાગ માટે 'નૃત્યલહર', નાટ્ય માટે 'રસલહર', લલિતકલા માટે 'રંગલહર', સાહિત્ય માટે 'શબ્દલહર' અને સંગીત વિભાગ માટે 'સૂર લહર' રાખવામાં આવ્યું છે. આ સ્પર્ધાઓ પૂર્વે ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરના રોજ બે દિવસીય સાંસ્કૃતિક તાલીમ શિબિર પણ યોજાશે.

મહોત્સવના પ્રથમ દિવસે ૨૨ ઓક્ટોબરે સાંજે ૫ કલાકે શામળદાસ આર્ટસ કોલેજથી 'વિકસિત ભારત-૨૦૪૭' થીમ પર આધારિત ભવ્ય કલાયાત્રા નીકળશે. આ કલાયાત્રા સેન્ટ્રલ સોલ્ટ, ગુલિસ્તા મેદાન, આતાભાઈ ચોક અને રૂપાણી સર્કલ થઈ સ્વામિનારાયણ ગુરુકુળ કોલેજ અથવા જે.કે. સરવૈયા કોલેજ ખાતે સંપન્ન થશે. આ બેઠકમાં વિવિધ મુખ્ય અને પેટા સમિતિઓની યાદીને પણ મંજૂરી આપવામાં આવી હતી.

# વયોશ્રી યોજના બની વૃદ્ધાવસ્થાનો સહારો : મોરચંદના વિમળાબેનને મળી નવી આશા

## વ્હીલચેર અને શ્રવણયંત્ર મળતાં ૮૫ વર્ષીય વિમળાબેનના જીવનમાં ગતિ અને સંવાદની નવી શક્તિ ઉમેરાઈ

ભાવનગર,તા.૧૦

ઉંમર વધવાની સાથે ચાલવામાં અને સાંભળવામાં ભારે તકલીફ વેઠતા ૮૫ વર્ષીય વિમળાબેન પટેલ માટે હવે જીવન સરળ બન્યું છે. ઘોઘા તાલુકાના મોરચંદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં 'રાષ્ટ્રીય વયોશ્રી યોજના' અને ALIMCO ના સહયોગથી તેમને નિઃશુલ્ક વ્હીલચેર અને કાનનું મશીન આપવામાં આવ્યું છે.

પુત્ર છૂટક મજૂરી કરતો હોવાથી આર્થિક મર્યાદાના કારણે મોંઘા સાધનો ખરીદવા પરિવાર માટે અશક્ય હતા. આવા સમયે મળેલી આ સરકારી મદદ વિમળાબેન માટે મોટી રાહત બની છે. વ્હીલચેરથી તેમની હિલચાલ સરળ બનશે અને શ્રવણયંત્રથી પરિવારજનો સાથે સંવાદ શક્ય બનશે.

સહાય મેળવ્યા બાદ વિમળાબેને ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે, "હવે ચાલવાની તકલીફ હળવી થશે અને લોકોની વાત સાંભળી શકીશ." તેમણે આ સહાય બદલ સરકાર અને કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાનો આભાર માન્યો હતો. આ યોજના જરૂરિયાતમંદ વડીલોને આત્મવિશ્વાસથી જીવવાની નવી શક્તિ પૂરી પાડી રહી છે.

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં.૪૧૭/૨૦૨૬**
**જન્મ તારીખ :૧૮/૦૮/૧૯૭૯**

**શ્રી કાન્તીલાલ હિરાલાલ પટેલ,**
**રહે. દેવીદાસ પટેલની શેરી, કણબીવાડ,**
**ભાવનગર. મો-૮૨૦૦૭૮૦૬૯૭**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી,**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર.**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કાન્તીલાલ હિરાલાલ પટેલએ તેમના ભાણેજ કલ્પેશકુમાર ચીમનલાલ પટેલ નો જન્મ તા.૧૮/૦૮/૧૯૭૯ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૪/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

# સર ટી. હોસ્પિટલમાં દર્દીઓ માટે ડિજિટલ અને સુવિધાજનક વ્યવસ્થાનો પ્રારંભ: લાઈનો અને ભીડમાંથી મળશે રાહત

## 'સારથિ' સ્વયંસેવકો, ટોકન સિસ્ટમ, વિકેન્દ્રિત કેસ-દવા બારી અને 'સ્કેન એન્ડ પે' જેવી અધ્યતન સુવિધાઓ શરૂ કરાઈ

ભાવનગર,તા.૧૦

ભાવનગર સહિત આસપાસના પાંચ જિલ્લાના દર્દીઓ માટે મુખ્ય સારવાર કેન્દ્ર સમાન ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓ અને તેમના સ્વજનો માટે રાહતના સમાચાર આવ્યા છે. હવે દર્દીઓને લાંબી લાઈનો અને કયા વિભાગમાં જવું તેની મુંઝવણમાંથી મુક્તિ મળશે. હોસ્પિટલમાં દર મહિને સરેરાશ ૫૦ હજારથી વધુ દર્દીઓ આવતા હોવાથી વધતા ધસારાને પહોંચી વળવા માટે વહીવટી તંત્રે સુવિધાઓનું વિકેન્દ્રીકરણ કરીને નવી સિસ્ટમ અમલમાં મૂકી છે, જેથી દર્દીઓને ક્રમાનુસાર સેવા મળવાની સાથે એક જ સ્થળે મોટી ભીડ એકઠી થવાની સ્થિતિમાં મોટો ઘટાડો થશે.

આ નવી વ્યવસ્થા હેઠળ પ્રથમ વખત આવતા દર્દીઓને ક્યો વિભાગ, વોર્ડ કે ડોક્ટર ક્યાં બેસે છે તેની માહિતી મેળવવામાં સમય ન બગડે તે માટે 'સારથિ' સ્વયંસેવકોની તૈનાતી કરવામાં આવી છે, જેઓ દર્દીઓને માર્ગદર્શન અને જરૂરી મદદ પૂરી પાડશે. આ ઉપરાંત દરેક ઓપીડી (OPD) અને સોનોગ્રાફી સહિતના વિભાગોમાં દર્દીઓનો વારો સચવાય તે માટે 'ટોકન મેનેજમેન્ટ સિસ્ટમ' અમલમાં મૂકવામાં આવી છે. ભીડનું વિભાજન કરવાના હેતુથી મુખ્ય કેસબારી અને દવા બારી ઉપરાંત PMSSY-SSB હોસ્પિટલ બિલ્ડિંગ અને પ્રસૂતિ વિભાગ સહિતના સ્થળોએ વધારાની બારીઓ શરૂ કરાઈ છે, તેમજ આ જ બિલ્ડિંગમાં સેન્ટ્રલ બ્લડ કલેક્શન સેન્ટર પણ કાર્યરત કરવામાં આવ્યું છે. ડિજિટલાઈઝેશન તરફ આગળ વધતાં સરકારી ફી, ડિપોઝિટ અને અન્ય ચાર્જિસની ચુકવણી માટે 'સ્કેન એન્ડ પે' સુવિધા પણ શરૂ કરવામાં આવી છે. આ અંગે ઇન્ચાર્જ મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. કૈરવી દેસાઈએ જણાવ્યું હતું કે, દરરોજ આવતી મોટી સંખ્યાને ધ્યાને રાખીને દર્દીઓને સરળ, ઝડપી અને સુવિધાજનક સારવાર મળી રહે તે માટે આ વિકેન્દ્રીકરણ, ટોકન સિસ્ટમ, 'સારથિ' સેવા અને ડિજિટલ પેમેન્ટ જેવી સેવાઓ શરૂ કરવાનો મુખ્ય હેતુ છે.

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૧૪૪-૨૦૨૬-૨૭ | ગ્રુપ કામ :- DEN/પૂર્વ અધિકારક્ષેત્ર : (૧) ધોળા-સોનગઢ - CC+૮+૨ રૂટ્સ - TRR(P) - ૧૧ Tkm. (૨) સિહોર-ભાવનગર ટર્મિનસ - TRR(P) - ૧૨.૦૦ Tkm. ના મંજૂર થયેલા કામની સામે ટ્રેક સંબંધિત પ્રવૃત્તિઓ | ૫,૩૨,૧૨,૪૮૭.૮૬ | ૧૦,૬૪,૩૦૦.૦૦ |
| ૦૨ | ૧૪૫-૨૦૨૬-૨૭ | ધોળા - ભાવનગર ટર્મિનસ - વિવિધ સ્થળો - ૩૦.૫૬૦ Tkm ખાતે સેસનું વિસ્તરણ. | ૫,૨૪,૩૭,૫૯૫.૫૮ | ૧૦,૪૮,૮૦૦.૦૦ |
| ૦૩ | ૧૪૬-૨૦૨૬-૨૭ | ગ્રુપ કામ - **(૧)** ધોળા-ઢસા સેક્શન - PRCL સેક્શનમાં કિ.મી. ૨૪/૯-૨૫/૦ ખાતે LC નં. ૧૮ ખાતે ૫.૦૦ X ૪.૫૦ m (સાઈઝ ૧ X ૫.૦૦ M X ૪.૫ M બોક્સ) સાઈઝના LHS નું બાંધકામ. **(૨)** સુરેન્દ્રનગર-ધોળા સેક્શન :- PRCL લાઈન પર કિ.મી. ૧૫/૭-૮ ખાતે માનવસહિત LC નં. ૧૧૪ ને બદલે (૨.૦૦ X ૫.૦૦ M X ૪.૦૦ M બોક્સ સાઈઝના) RUB નું બાંધકામ. **(૩)** સુરેન્દ્રનગર-ધોળા સેક્શન :- PRCL લાઈનમાં કિ.મી. ૧૭/૩-૪ ખાતે માનવસહિત LC નં. ૧૧૫ ને બદલે LHS/RUB નું બાંધકામ. **(૪)** સુરેન્દ્રનગર-ધોળા સેક્શન :- કિ.મી. ૨૦/૧-૨ ખાતે C-ક્લાસ માનવસહિત LC નં. ૧૧૬ ને બદલે RUB નું બાંધકામ. **(૫)** સુરેન્દ્રનગર-ધોળા સેક્શન :- PRCL લાઈન પર કિ.મી. ૩૨/૨-૩ ખાતે LC નં. ૧૨૭ અને કિ.મી. ૩૩/૯-૩૪/૦ ખાતે LC નં. ૧૨૯ ને બદલે (૧ X ૫.૦૦ M X ૪.૫ M બોક્સ સાઇઝના) RUB નું બાંધકામ. **(૬)** સુરેન્દ્રનગર-ધોળા સેક્શન :- PRCL સેક્શનમાં કિ.મી. ૩૨/૯-૩૩/૦ ખાતે LC નં. ૧૨૮ ખાતે ૫ X ૪.૫૦ m સાઈઝના LHS નું બાંધકામ. **(૭)** સુરેન્દ્રનગર-ધોળા સેક્શન :- PRCL લાઈન પર કિ.મી. ૫૮/૪-૫ ખાતે LC નં. ૧૪૮, કિ.મી. ૬૮/૮-૯ ખાતે LC નં. ૧૫૬ અને કિ.મી. ૭૩/૦-૧ ખાતે LC નં. ૧૫૯ ને બદલે (૧ X ૫.૦૦ M X ૪.૫ M બોક્સ સાઇઝના) RUB નું બાંધકામ. **(૮)** સિહોર-પાલીતાણા સેક્શન :- કિ.મી. ૬/૭-૮ ખાતે LC નં. ૭ ને બદલે LHS નું બાંધકામ. **(૯)** PRCL સેક્શન પર ધોળા-ઢસા સેક્શન વચ્ચે કિ.મી ૧૯/૫-૬ ખાતે LC નં. ૧૫ અને કિ.મી. ૨૪/૦-૧ ખાતે LC નં. ૧૭ ખાતે ૫ X ૪.૫૦ m સાઈઝના LHS નું બાંધકામ. **(૧૦)** ધોળા-ભાવનગર સેક્શન :- કિ.મી. ૧૪૦/૩-૪ ખાતે LC નં. ૧૯૮ ખાતે ૫ X ૪.૫૦ m સાઈઝના LHS નું બાંધકામ. **(૧૧)** ભાવનગર ડિવિઝન :- PRCL લાઈનમાં સુરેન્દ્રનગર-ધોળા વચ્ચે કિ.મી. ૫૫/૬-૭ ખાતે LC નં. ૧૪૫ ખાતે સબવેનું બાંધકામ. **(૧૨)** સાબરમતી-બોટાદ સેક્શન :- કિ.મી. ૧૫૯/૯-૧૬૦/૦ ખાતે B2-ક્લાસ માનવસહિત LC નં. ૧૫૩ ને બદલે (૪M X ૫M બોક્સ સાઇઝના) RUB નું બાંધકામ **(૧૩)** સાબરમતી-બોટાદ સેક્શન :- કિ.મી. ૧૦૬/૫-૬ ખાતે LC નં. ૧૦૫, કિ.મી. ૧૨૩/૨-૩ ખાતે LC નં. ૧૧૬ ને બદલે RUB નું બાંધકામ. | ૧,૪૮,૨૫,૯૨,૨૮૨.૯૦ | ૨,૯૬,૫૧,૯૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** ૧૬-૦૯-૨૦૨૬ **અને બિડિંગ બંધ થવાની તારીખઃ** ૩૦-૦૯-૨૦૨૬ **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in

BVP-122

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**જાહેર નોટીસ**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- શિહોર**
**અપીલવાળાના વ.શ્રી.એ.એમ.ઉચડીયા**
**બી. એન્ડ ડી. રજી નં. ૧૨૨/ ૨૦૨૬**

**શ્રી ઈમરાનભાઈ ગનીભાઈ ચુડેસરા**
**રહે. વરલ, તા.શિહોર,** **...અપીલવાળા**
**વિરૂધ્ધ**
**જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**વરલ ગ્રામ પંચાયત, મુ.વરલ, તા.શિહોર, જિ.ભાવનગર**
**...સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાનો જન્મ તા.૧૫/૦૭/૧૯૮૭ના રોજ શિહોર તાલુકાના વરલ ગામે થયેલ હોય, જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાની જન્મ તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે. અપીલવાળાની જન્મની નોંધ તલાટી કમ મંત્રીશ્રી, વરલ ગ્રામ પંચાયત, (જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઇને વાંધો, તકરાર કે હરકત સરખું હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામાં આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી | વાર | સમય | ક્રમ | સુનાવણી | વાર | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | તા.૦૮/૦૮/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | ૩ | તા.૧૧/૦૯/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે |
| ૨ | તા.૨૨/૦૮/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | --- | --- | --- | --- |

શિહોર.
તા. ૨૧/૦૭/૨૦૨૬

કોર્ટનો સિક્કો

નાયબ કલેકટર અને
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
શિહોર

**જાહેર નોટીસ**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- શિહોર**
**અપીલવાળાના વિ.શ્રી.એ.એમ.ઉચડીયા**
**બી. એન્ડ ડી. રજી નં.૧૨૩/૨૦૨૬**

**શ્રી સલમાબેન ભીખાભાઈ સોરઠીયા**
**રહે. ભાદ્રોડ, તા,મહુવા, જી.ભાવનગર** **...અપીલવાળા**
**વિરૂધ્ધ**
**જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**વરલ ગ્રામ પંચાયત,**
**મુ.વરલ, તા.શિહોર, જી.ભાવનગર** **...સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૪ના રોજ શિહોર તાલુકાના વરલ ગામે થયેલ હોય, જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાની જન્મ તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે. અપીલવાળાની જન્મની નોંધ તલાટી કમ મંત્રીશ્રી, વરલ ગ્રામ પંચાયત, (જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઇને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી | વાર | સમય | ક્રમ | સુનાવણી | વાર | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | તા.૦૮/૦૮/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | ૨ | તા.૨૨/૦૮/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે |
| ૩ | તા.૧૧/૦૯/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | --- | --- | --- | --- |

શિહોર.
તા. ૨૧/૦૭/૨૦૨૬

કોર્ટનો સિક્કો

નાયબ કલેકટર અને
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
શિહોર

**જાહેર નોટીસ**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- શિહોર**
**અપીલવાળાના વિ.શ્રી.એ.એમ.ઉચડીયા**
**બી. એન્ડ ડી. રજી નં. ૧૧૯/ ૨૦૨૬**

**શ્રી ગુંદીગરા રજિયાબેન મુસાભાઇ.**
**રહે. પરિમલ સોસાયટી ચુના વાકા દાદાની સામે પાલીતણા** **...અપીલવાળા**
**તા.પાલીતણા, જી.ભાવનગર**
**વિરૂધ્ધ**
**જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, અને**
**રહે,વરલ ગ્રામ પંચાયત,** **...સામાવાળા**
**મુ.વરલ, તા.શિહોર, જી.ભાવનગર**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના પોતે ગુંદીગરા રજિયાબેન મુસાભાઈનો જન્મ તા. ૩૦/૦૭/૧૯૮૧ના રોજ શિહોર તાલુકાના વરલ ગામે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાના પોતે ગુંદીગરા રજિયાબેન મુસાભાઈનના જન્મની તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના પોતે ગુંદીગરા રજિયાબેન મુસાભાઈના જન્મની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, અને વરલ ગ્રામ પંચાયત,મુ.વરલ, તા.શિહોર, જી.ભાવનગર(જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઇને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી | વાર | સમય | ક્રમ | સુનાવણી | વાર | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | તા.૦૮/૦૮/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | ૨ | તા.૨૨/૦૮/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે |
| ૩ | તા.૧૧/૦૯/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | --- | --- | --- | --- |

શિહોર.
તા. ૨૧/૦૭/૨૦૨૬

કોર્ટનો સિક્કો

નાયબ કલેકટર અને
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
શિહોર

**જાહેર નોટીસ**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- શિહોર**
**અપીલવાળાના વિ.શ્રી.એ.એમ.ઉચડીયા**
**બી. એન્ડ ડી. રજી નં. ૧૨૪/ ૨૦૨૬**

**શ્રી રમજાનભાઈ ભીખાભાઈ સોરઠીયા**
**રહે. વરલ, તા.શિહોર, જી.ભાવનગર** **...અપીલવાળા**
**વિરૂધ્ધ**
**જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**વરલ ગ્રામ પંચાયત,**
**મુ.વરલ, તા.શિહોર, જી.ભાવનગર** **...સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાનો જન્મ તા.૦૧/૦૫/૧૯૯૦ના રોજ શિહોર તાલુકાના વરલ ગામે થયેલ હોય, જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાની જન્મ તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે. અપીલવાળાની જન્મની નોંધ તલાટી કમ મંત્રીશ્રી, વરલ ગ્રામ પંચાયત, (જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઇને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી | વાર | સમય | ક્રમ | સુનાવણી | વાર | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | તા.૦૮/૦૮/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | ૨ | તા.૨૨/૦૮/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે |
| ૩ | તા.૧૧/૦૯/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | --- | --- | --- | --- |

શિહોર.
તા. ૨૧/૦૭/૨૦૨૬

કોર્ટનો સિક્કો

નાયબ કલેકટર અને
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
શિહોર

# કેન્દ્રીય કેબિનેટે ૫ રાજ્યોમાં રૂ. ૧૦,૦૨૧ કરોડના પાંચ મલ્ટી-ટ્રેકિંગ રેલ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી

## તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તેલંગાણાના ૧૭ જિલ્લાઓને આવરી લેતા આ પાંચ પ્રોજેક્ટ્સ ભારતીય રેલ્વેના હાલના નેટવર્કમાં લગભગ ૫૪૦ કિમીનો વધારો કરશે

નવી દિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ બુધવારે ૧૦,૦૨૧ કરોડ રૂપિયાના રોકાણ સાથે પાંચ મલ્ટીટ્રેકિંગ રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી.

તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તેલંગાણાના ૧૭ જિલ્લાઓને આવરી લેતા આ પાંચ પ્રોજેક્ટ્સ ભારતીય રેલ્વેના હાલના નેટવર્કમાં લગભગ ૫૪૦ કિમીનો વધારો કરશે. આ મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સ આશરે ૨,૧૨૧ ગામડાઓ સાથે કનેક્ટિવિટી વધારશે, જેની કુલ વસ્તી લગભગ ૫૨ લાખ છે.



આ પ્રોજેક્ટ્સમાં ૭૭ કિમીના પટ પર અરક્કોનમ-રેનીગુંટા ૩જી અને ૪થી લાઇન, ૪૭ કિમીના પટ પર વ્હાઇટફિલ્ડ-બંગરાપેટ ૩જી અને ૪થી લાઇન, ૧૪૭ કિમીથી વધુની હોસુર-ઓમાલુર ડબલિંગ, ૧૫૯ કિમીના પટ પર સેલમ-કરુર-ડિંડીગુલ ડબલિંગ અને ૧૧૦ કિમી સુધી લંબાયેલા સિકંદરાબાદ (ઘાટકેસર)-કાઝીપેટનો સમાવેશ થાય છે, એમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે.

વધેલી લાઇન ક્ષમતા ગતિશીલતામાં નોંધપાત્ર વધારો કરશે, જેના પરિણામે ભારતીય રેલ્વે માટે કાર્યકારી કાર્યક્ષમતા અને સેવા વિશ્વસનીયતામાં સુધારો થશે. આ મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સ ભીડ ઘટાડવા માટે તૈયાર છે અને ૨૦૨૯-૩૦ સુધીમાં પૂર્ણ થવાનું આયોજન છે.

આ પ્રોજેક્ટ્સનું આયોજન પીએમ-ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન હેઠળ કરવામાં આવ્યું છે જેમાં સંકલિત આયોજન અને હિસ્સેદારોની પરામર્શ દ્વારા મલ્ટી-મોડલ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

# જાતિ પ્રમાણપત્રના કારણે પ્રવેશ રદ થશે નહીં, બોમ્બે હાઈકોર્ટે વિદ્યાર્થીઓને મોટી રાહત આપી

## જાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિઓને છ મહિનાની અંદર બાકી રહેલા દાવાઓ પર નિર્ણય લેવા નિર્દેશ

નાગપુર,

હાઈકોર્ટે સમયસર અરજી કરનારા વિદ્યાર્થીઓને મોટી રાહત આપતા કહ્યું છે કે ફક્ત જાતિ માન્યતાના આધારે પ્રવેશ રદ ન કરવો જોઈએ. બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચના આ આદેશ બાદ ઘણા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો છે. આ આદેશ મુજબ, જાતિ માન્યતા પ્રમાણપત્ર માટે સમયસર અરજી કર્યા પછી પણ, જો વિદ્યાર્થીઓનો દાવો પેન્ડિંગ રહે તો તેમનો પ્રવેશ રદ કરી શકાતો નથી.

બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચે આદિવાસી વિદ્યાર્થીઓને આ નોંધપાત્ર રાહત આપી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે જ્યારે વિદ્યાર્થીઓના જાતિ માન્યતાના દાવા પેન્ડિંગ હોય ત્યારે તેમના શિક્ષણ પર પ્રતિકૂળ અસર થવી જોઈએ નહીં. તેણે નિર્દેશ આપ્યો હતો કે જાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિઓ છ મહિનાની અંદર બાકી રહેલા દાવાઓ પર નિર્ણય લે. ન્યાયાધીશ ઉર્મિલા જોશી-ફાળકે અને રાજ વાકોડેની બનેલી બેન્ચે વિવિધ વિદ્યાર્થીઓની અરજીઓ પર સુનાવણી કરી, જેના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો.

નાગપુર જિલ્લાના અચલ રવિન્દ્ર શ્રીરામે જાતિ માન્યતા પ્રમાણપત્રની મુદત પૂરી થાય તે પહેલાં પોતાનો પ્રવેશ બચાવવા માટે કોર્ટનો સંપર્ક કર્યો. જાતિ માન્યતા પ્રમાણપત્ર સબમિટ કરવાની અંતિમ તારીખ ૮ સપ્ટેમ્બર હતી. અરજીમાં, વિદ્યાર્થીએ આશંકા વ્યક્ત કરી હતી કે સમયમર્યાદામાં પ્રમાણપત્ર સબમિટ કરવામાં નિષ્ફળ જવાથી તેમનો પ્રવેશ રદ થઈ શકે છે. સુનાવણી દરમિયાન, કોર્ટે રાજ્ય સરકારના ૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજના સરકારી આદેશની નોંધ લીધી. આ સરકારી આદેશ મુજબ, કેટલાક વિદ્યાર્થીઓને તેમના જાતિ માન્યતા પ્રમાણપત્રો સબમિટ કરવા માટે ત્રણ મહિનાનો વધારો આપવામાં આવ્યો હતો.

# યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ ભારતમાં બ્રિક્સ સમિટમાં હાજરી આપશે

નવીદિલ્હી,

યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ આ અઠવાડિયે ભારતમાં બ્રિક્સ સમિટમાં હાજરી આપશે. તેમના પ્રવક્તા, સ્ટીફન ડુજારિકે મંગળવારે જણાવ્યું હતું કે ગુટેરેસની ભારત મુલાકાતની હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ તેઓ બ્રિક્સ સમિટમાં હાજર રહેશે. તેમણે ઉમેર્યું હતું કે ગુટેરેસ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ મળે તેવી અપેક્ષા છે.

ગુટેરેસ આ વર્ષે બીજી વખત ભારતની મુલાકાત લેશે. તેમણે અગાઉ ફેબ્રુઆરીમાં નવી દિલ્હીમાં આયોજિત ભારત-એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં ભાગ લીધો હતો. મહાસચિવ તરીકે ભારતની આ તેમની પાંચમી મુલાકાત હશે. ગુટેરેસનો યુએન મહાસચિવ તરીકેનો કાર્યકાળ પૂરો થવામાં હવે લગભગ ચાર મહિના બાકી છે. આવી સ્થિતિમાં, બ્રિક્સ સમિટ વડા પ્રધાન મોદી, તેમજ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરવાનો તેમનો છેલ્લો મોકો હોઈ શકે છે.

પુતિન અને શી જિનપિંગ આ મહિનાના અંતમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની વાર્ષિક ઉચ્ચ-સ્તરીય બેઠકમાં ભાગ લેશે નહીં, પરંતુ બંને બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે ભારત આવશે. ઈરાન સંઘર્ષ અને યુક્રેન યુદ્ધ ૧૨ સપ્ટેમ્બરથી શરૂ થનારા બ્રિક્સ સમિટને અસર કરે તેવી શક્યતા છે. એવી ચિંતા છે કે બંને સંઘર્ષો વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ પર ગંભીર અસર કરશે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન અને સંયુક્ત આરબ અમીરાતના નેતાઓ પણ સમિટમાં હાજરી આપે તેવી અપેક્ષા છે.

# ભારત હંમેશા મુશ્કેલ સમયમાં પડોશી દેશની મદદ કરવામાં અગ્રેસર : સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ

## સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેની મુલાકાત લીધી

કોલંબો,

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ બુધવારે શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેને મળ્યા. આ દરમિયાન, તેમણે મુશ્કેલ સમયમાં શ્રીલંકા સાથે ખભે ખભા મિલાવીને ઉભા રહેવાના ભારતના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો. તેમણે બંને દેશો વચ્ચેના સંબંધોને હૃદય અને આત્માના બંધન તરીકે વર્ણવ્યા. તેમણે ભાર મૂક્યો કે ભારત હંમેશા ટાપુ રાષ્ટ્રને મદદ કરવામાં પ્રથમ રહ્યું છે.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે શ્રીલંકાની મુલાકાત દરમિયાન તેમની સાથે વાત કરતા સિંહે કહ્યું, "ભારત હંમેશા મુશ્કેલ સમયમાં મદદ કરવામાં પ્રથમ રહ્યું છે. હું તમને ખાતરી આપું છું કે અમે અમારા શ્રીલંકન મિત્રો સાથે ખભા મિલાવીને ઊભા રહીશું. અમે દ્રઢપણે માનીએ છીએ કે સાચા મિત્રો સારા અને ખરાબ સમયમાં એકબીજાને ટેકો આપે છે. અમારો સંબંધ હૃદય અને આત્માનો છે."



રક્ષા પ્રધાને ગયા વર્ષે ચક્રવાત દિટવાહ પછી ભારતની ઝડપી કાર્યવાહીને યાદ કરી, જ્યારે નવી દિલ્હીએ શ્રીલંકાને મદદ કરવા માટે ઓપરેશન સાગર બંધુ શરૂ કર્યું હતું. તેમણે કહ્યું કે ભારતીય સશસ્ત્ર દળો અને શ્રીલંકાની સરકારી એજન્સીઓના સંયુક્ત પ્રયાસોએ જીવન બચાવવા, કનેક્ટિવિટી પુનઃસ્થાપિત કરવામાં અને રાહત અને તબીબી સહાય પહોંચાડવામાં મદદ કરી. સિંહે કહ્યું કે શ્રીલંકા ભારતની 'પડોશી પ્રથમ' નીતિ અને 'મહાસાગર' વિઝનના મૂળમાં છે. તેમણે દિસાનાયકેને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની શુભેચ્છાઓ પણ પાઠવી અને તેમને બે વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન આપ્યા. તેમણે એમ પણ કહ્યું કે મોદી બંને દેશો વચ્ચેના ખાસ સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે તેમની સાથે નજીકથી કામ કરવાનું ચાલુ રાખવા માટે આતુર છે.

તેમણે કહ્યું કે ભારત આર્થિક અને તકનીકી સહયોગ કરાર પર ઝડપથી આગળ વધવા માટે ઉત્સુક છે. સંરક્ષણ મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે દિસાનાયકેનું વિઝન અને સમર્થન ભારત-શ્રીલંકા સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જશે, જેનાથી બંને દેશો, તેમના લોકો અને વિશાળ ક્ષેત્રને ફાયદો થશે.

## કંપની ન્યૂઝ

### એલસીસી પ્રોજેક્ટ્સ લિમિટેડનો ipo ૯ સપ્ટેમ્બરથી ખુલી ગયો છે



એલસીસી પ્રોજેક્ટ્સ લિમિટેડ નો ipo ૯ સપ્ટેમ્બર થી ખુલી ગયો છે. ઈશ્યૂ ની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૧૩૯ થી રૂ.૧૪૬ રાખવામાં આવી છે. ઈશ્યૂ ૯ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. શેર નું લિસ્ટીગ ૧૭ સપ્ટેમ્બર ના રોજ થવાની શક્યતા છે.

### કરમતારા એન્જિનિયરિંગ લિમિટેડનો ipo ૯ સપ્ટેમ્બરથી ખુલી ગયો છે




કરમતારા એન્જિનિયરિંગ લિમિટેડ નો ipo ૯ સપ્ટેમ્બર થી ખુલી ગયો છે. ઈશ્યૂ ની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૨૪૧થી રૂ.૨૫૪ રાખવામાં આવી છે. ઈશ્યૂ ૯ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બીડ અરજી ૫૯ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૫૯ ઈક્વિટી શેર ના ગુણાંક માં કરી શકાશે.

### સ્ટીમહાઉસ ઈન્ડીયા લિમિટેડનો ipo ૯ સપ્ટેમ્બરથી ખુલી ગયો છે




સ્ટીમહાઉસ ઈન્ડિયા લિમિટેડ નો ipo ૯ સપ્ટેમ્બર થી ખુલી ગયો છે. ઈશ્યૂ ની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૭૭થી રૂ.૮૧ રાખવામાં આવી છે. ઈશ્યૂ ૯ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બીડ અરજી ૧૮૫ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૧૮૫ ઈક્વિટી શેર ના ગુણાંક માં કરી શકાશે.

### મણિકા પ્લાસ્ટેક લિમિટેડનો ipo ૧૧સપ્ટેમ્બરથી ખુલશે



મણિકા પ્લાસ્ટેક લિમિટેડ નો ipo ૧૧સપ્ટેમ્બર થી ખુલી રહ્યો છે. ઈશ્યૂ ની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૪૦થી રૂ.૪૩ રાખવામાં આવી છે. ઈશ્યૂ ૧૧ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બીડ અરજી ૩૪૮ઈક્વિટી શેર અને ત્યારબાદ ૩૪૮ ઈક્વિટી શેર ના ગુણાંક માં કરી શકાશે.

# ઉત્તર પ્રદેશ સરકાર નોઈડાના ડીએમ સામેના હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારશે

## અલ્હાબાદ હાઈકોર્ટે ગૌતમ બુદ્ધ નગરના ડીએમ મેધા રૂપમ અને અન્ય અધિકારીઓના પગારમાંથી ૫ લાખનું વળતર આપવાનો આદેશ આપ્યો હતો

લખનૌ,

વિદ્યાર્થી-કાર્યકર્તા આકૃતિ ચૌધરીના કેસમાં, અલ્હાબાદ હાઈકોર્ટે ગૌતમ બુદ્ધ નગરના ડીએમ મેધા રૂપમ અને અન્ય અધિકારીઓના પગારમાંથી ૫ લાખનું વળતર આપવાનો આદેશ આપ્યો હતો. ઉત્તર પ્રદેશ સરકારે હાઈકોર્ટના આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારવાનો નિર્ણય લીધો છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને માહિતી આપી હતી કે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય સામે અપીલ દાખલ કરવામાં આવશે.

અગાઉ, હાઈકોર્ટે વિદ્યાર્થી કાર્યકર્તા આકૃતિ ચૌધરીની એનએસએ હેઠળ અટકાયત રદ કરી હતી. નોઈડામાં કામદારોના વિરોધમાં કથિત ભૂમિકા બદલ આકૃતિ પર એનએસએ લાદવા બદલ હાઈકોર્ટે નોઈડા જિલ્લા મેજિસ્ટ્રેટની આકરી ટીકા કરી હતી.

કોર્ટે આ કાર્યવાહીને મજાક ગણાવી. અટકાયત માટેનું કારણ અટકળો પર આધારિત અને પુરાવા વિનાનું હોવાનું જણાયું. કોર્ટે આદેશ આપ્યો કે સંબંધિત અધિકારીઓના સર્વિસ રેકોર્ડ પર એક નોંધ લખેલી હોય જેમાં કોર્ટ નારાજગી વ્યક્ત કરે. હકીકતમાં, વિદ્યાર્થી-કાર્યકર આકૃતિ ચૌધરીની એપ્રિલ ૨૦૨૬ માં નોઈડા મજૂર આંદોલનના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ, તેમના પર NSA લાદવામાં આવ્યો હતો અને તેઓ લગભગ પાંચ મહિના સુધી કસ્ટડીમાં રહ્યા હતા. અલ્હાબાદ હાઈકોર્ટને એનએસએ લાગુ કરવા માટે પૂરતા અને નક્કર પુરાવા મળ્યા ન હતા. કોર્ટે અટકાયત રદ કરી અને જિલ્લા મેજિસ્ટ્રેટને તેમના પગારમાંથી ૫ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો.

# જંતર-મંતર ઘટના અંગે એક વિદ્યાર્થીને જારી કરાયેલી નોટિસ પર સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી

નવીદિલ્હી,

જંતર-મંતર પરના વિરોધ પ્રદર્શન અંગે ગ્રેટર નોઈડામાં એક વિદ્યાર્થીને જારી કરાયેલી નોટિસ પર ઝત્નેં સૂર્યકાંતે કડક વલણ અપનાવ્યું. તેમણે પૂછ્યું, "મેજિસ્ટ્રેટની હિંમત કેવી રીતે થઈ? જ્યારે અમારો આદેશ સ્પષ્ટ હતો કે કોઈપણ વિદ્યાર્થી સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં." જંતર-મંતર પર વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં બીજા વર્ષના વિદ્યાર્થીને જારી કરાયેલી નોટિસ પર સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે. ઝત્નેં સૂર્યકાંતે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે સુપ્રીમ કોર્ટના સ્પષ્ટ આદેશ છતાં મેજિસ્ટ્રેટે નોટિસ જારી કરી હતી કે કોઈપણ વિદ્યાર્થી સામે કોઈ જબરદસ્તી કાર્યવાહી કરવામાં આવશે નહીં.

સીજેઆઈ સૂર્યકાંતે આ બાબતે કડક ટિપ્પણી કરતા કહ્યું, "મેજિસ્ટ્રેટને નોટિસ જારી કરવાની હિંમત કેવી રીતે થઈ? અમે સ્પષ્ટ કર્યું હતું કે કોઈપણ વિદ્યાર્થી સામે કોઈ જબરદસ્તી કાર્યવાહી કરવામાં આવશે નહીં. કોઈ પણ મેજિસ્ટ્રેટ તે આદેશનું ઉલ્લંઘન કરી શકે નહીં. અમારો આદેશ એટલો સ્પષ્ટ હતો કે સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે આ બાબતે સંબંધિત મેજિસ્ટ્રેટ પાસેથી સ્પષ્ટતા માંગશે."

અગાઉ, ૧ સપ્ટેમ્બરના રોજ, સુપ્રીમ કોર્ટે તેમના વિરુદ્ધ કોઈપણ બળજબરી કાર્યવાહી પર પ્રતિબંધ મૂકવાનો આદેશ પસાર કર્યો હતો. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે ગ્રેટર નોઈડામાં એક વિદ્યાર્થીને નોટિસ જારી કરવાનો મુદ્દો ઉઠાવ્યો. એક વકીલે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચને જણાવ્યું હતું કે નોઈડા પોલીસના ઈનપુટના આધારે ગ્રેટર નોઈડામાં બીજા વર્ષના વિદ્યાર્થીને એક એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ દ્વારા નોટિસ જારી કરવામાં આવી હતી. વકીલના જણાવ્યા મુજબ, ગૌતમ બુદ્ધ નગર વહીવટીતંત્ર દ્વારા નોટિસ બજાવવાની હતી, પરંતુ પાછળથી તેને પાછી ખેંચી લેવામાં આવી હતી. વિદ્યાર્થી વિરોધ અંગે સુપ્રીમ કોર્ટના ૧ સપ્ટેમ્બરના ચુકાદાને ટાંકીને, વકીલે દલીલ કરી હતી કે આ કેસના વ્યાપક પરિણામો છે. તેમણે કહ્યું, "આ ભારતીય વિદ્યાર્થીઓ પર કરવામાં આવી રહેલો પ્રયોગ છે, જે સુપ્રીમ કોર્ટના આદેશોનું ઉલ્લંઘન કરે છે. આ કોર્ટના તિરસ્કારનો કેસ છે.

# અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ અન્ય કોઈ દેશ વિરુદ્ધ થવા દેવામાં આવશે નહીં : તાલિબાન

## તાલિબાન સરકારે જૈશ-એ-મોહમ્મદના સ્થાપક મસૂદ અઝહર અફઘાનિસ્તાનથી સંગઠન ચલાવી રહ્યો હોવાનો પાકિસ્તાનના દાવાને ફગાવી દીધો

નવીદિલ્હી,

તાલિબાન સરકારે પાકિસ્તાનના દાવાને ફગાવી દીધો છે કે જૈશ-એ-મોહમ્મદના સ્થાપક મસૂદ અઝહર અફઘાનિસ્તાનથી સંગઠન ચલાવી રહ્યો છે. અફઘાનિસ્તાનના વિદેશ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે અઝહર અફઘાનિસ્તાનમાં નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે આપણા દેશની ધરતીનો ઉપયોગ અન્ય કોઈ દેશ વિરુદ્ધ થવા દેવામાં આવશે નહીં.

પાકિસ્તાન લાંબા સમયથી દાવો કરી રહ્યું છે કે મસૂદ અઝહર અફઘાનિસ્તાન ભાગી ગયો છે. આ મુદ્દો ફરીથી એવા સમયે સમાચારમાં છે જ્યારે પાકિસ્તાન આતંકવાદ સામે કાર્યવાહી કરવા માટે આંતરરાષ્ટ્રીય દબાણનો સામનો કરી રહ્યું છે. ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સની આગામી બેઠકમાં પાકિસ્તાનના આતંકવાદ વિરોધી પગલાંની સમીક્ષા થવાની છે. પાકિસ્તાન ૨૦૧૮ થી ૨૦૨૨ સુધી એફએટીએફની ગ્રે લિસ્ટમાં હતું. આતંકવાદી ભંડોળ સામે નબળી કાર્યવાહી અને જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા સંગઠનો પર પૂરતા પ્રમાણમાં કાર્યવાહી કરવામાં નિષ્ફળતા આ પાછળના મુખ્ય કારણોમાં સામેલ હતા.

પાકિસ્તાનને ૨૦૨૨ માં એફએટીએફ ગ્રે લિસ્ટમાંથી દૂર કરવામાં આવ્યું હતું. પાકિસ્તાને જૈશ અને લશ્કર સાથે જોડાયેલા સંગઠનો પર પ્રતિબંધો લાદ્યા હતા. મે ૨૦૧૯ માં સંયુક્ત રાષ્ટ્રએ મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કર્યો. પાકિસ્તાને ૨૦૨૧ માં તેની ગેરહાજરીમાં મસૂદ અઝહરને દોષિત ઠેરવ્યો.

મસૂદ અઝહર ભારતમાં અનેક મોટા આતંકવાદી હુમલાઓમાં વોન્ટેડ છે. તે ૨૦૦૧ ના સંસદ હુમલા, ૨૦૦૮ ના મુંબઈ હુમલા, ૨૦૧૬ ના પઠાણકોટ એરબેઝ હુમલો અને ૨૦૧૯ ના પુલવામા હુમલા સાથે સંકળાયેલો છે. આ જ કારણ છે કે ભારત લાંબા સમયથી તેની સામે કાર્યવાહીની માંગ કરી રહ્યું છે. એફએટીએફ માંથી બહાર નીકળવા માટે, પાકિસ્તાને આતંકવાદી સંગઠનો અને તેમના નેતાઓ સામે કાર્યવાહી કરવાનું વચન આપ્યું હતું. અઝહરની ધરપકડ એક મુખ્ય મુદ્દો હતો. બીજી તરફ, FATF ના દબાણ હેઠળ, પાકિસ્તાનને જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા સામે કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. આ સંગઠનો અને તેમના સંલગ્ન મોરચાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આતંકવાદીઓ સામે નાણાકીય પ્રતિબંધોનું વચન આપવામાં આવ્યું હતું.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષ અને તેમના જન્મદિવસની ઉજવણી માટે, "સેવા સંકલ્પ" અભિયાન શરૂ કરશે

## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને પાર્ટી મુખ્યાલયમાં જાહેરાત કરી

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં ૨૫મી વર્ષગાંઠ અને તેમના જન્મદિવસ નિમિત્તે, ભારતીય જનતા પાર્ટી એક મહિનાનું "સેવા સંકલ્પ" અભિયાન શરૂ કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને બુધવારે પાર્ટી મુખ્યાલયમાં આ જાહેરાત કરી. તેમણે જણાવ્યું હતું કે આ અભિયાન ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન, દેશભરમાં સેવા અને જન કલ્યાણ સંબંધિત અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.



નીતિન નવીને જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદીનો જન્મદિવસ "સેવા દિવસ" તરીકે ઉજવવામાં આવશે. અભિયાનના પહેલા દિવસે, ૧૭ સપ્ટેમ્બરે, દેશભરમાં રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવશે. તે જ દિવસે સાંજે ૭ વાગ્યે "આશીર્વાદ કા દિયા" કાર્યક્રમ પણ યોજાશે. નવીને કહ્યું, "પહેલા દિવસે, ૧૭ સપ્ટેમ્બરે, રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવશે. "આશીર્વાદ કા દિયા" કાર્યક્રમ પણ તે જ દિવસે સાંજે ૭ વાગ્યે યોજાશે." આ સમગ્ર કાર્યક્રમનો સ્પષ્ટ ઉદ્દેશ્ય છેલ્લા ૨૫ વર્ષોમાં પ્રધાનમંત્રીએ લોકો પ્રત્યે બતાવેલી સમર્પણ અને સેવાનું પ્રદર્શન કરવાનો છે.

નીતિન નવીને જણાવ્યું હતું કે લાભાર્થી પરિવારો પ્રધાનમંત્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે દીવા પ્રગટાવશે. આ "જન આશીર્વાદ" ના સામૂહિક પ્રદર્શન તરીકે આયોજિત કરવામાં આવશે. ભાજપ પ્રમુખે કહ્યું, "અમે જન આશીર્વાદના સામૂહિક પ્રદર્શન દ્વારા પ્રધાનમંત્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીશું. દરેક લાભાર્થી પરિવાર પ્રધાનમંત્રી પ્રત્યે આશીર્વાદના રૂપમાં આ દીવા પ્રગટાવશે."

ભાજપના મતે, સમગ્ર અભિયાન પ્રધાનમંત્રી મોદી દ્વારા તેમના ૨૫ વર્ષના જાહેર જીવન અને તેમની જાહેર સેવામાં કરવામાં આવેલા ફેરફારોને પ્રકાશિત કરશે.

# કાલે રાજ્યવ્યાપી હડતાળમાં ભાવનગરના 2200 બેંક કર્મચારીઓ જોડાશે

# 125 શાખાઓના અંદાજે 540 કરોડના વ્યવહારો ઠપ્પ થશે

**શુક્રવારથી રવિવાર સુધી સળંગ ત્રણ દિવસ રાષ્ટ્રીયકૃત બેંકો બંધ રહેતા વેપાર-ઉદ્યોગને મોટો ફટકો પડશે**

ભાવનગર,તા.૧૦

અઠવાડિયામાં માત્ર પાંચ દિવસ જ બેંકિંગ કામગીરી ચાલુ રાખવાની વર્ષો જૂની માંગણી સાથે આવતીકાલે શુક્રવારે રાજ્યવ્યાપી બેંક હડતાળનું એલાન આપવામાં આવ્યું છે. ભાવનગર શહેર અને જિલ્લામાં આવેલી રાષ્ટ્રીયકૃત બેંકોની આશરે ૧૨૫ શાખાઓમાં કામ કરતા ૨૨૦૦ જેટલા કર્મચારીઓ કામગીરીથી અળગા રહી હડતાળમાં જોડાશે. આ હડતાળના પગલે ભાવનગર જિલ્લામાં અંદાજે રૂ. ૫૪૦ કરોડના આર્થિક વ્યવહારો અટવાઈ જવાની ભીતિ છે. શુક્રવારે હડતાળ બાદ શનિવાર અને રવિવારની રજા હોવાથી સળંગ ત્રણ દિવસ સરકારી બેંકો ઠપ્પ રહેશે, જેનાથી વેપારીઓ અને ઉદ્યોગકારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે. જોકે, ખાનગી બેંકોમાં કામગીરી રાબેતા મુજબ ચાલુ રહેશે.




આગામી ૧૧ સપ્ટેમ્બરે ગુજરાતના ૭૫,૦૦૦ અને દેશભરના લગભગ ૭ લાખ બેંક કર્મચારીઓ હડતાળ પર ઉતરવાના છે. જેના કારણે રાજ્યભરની ૫૪૦૦ શાખાઓમાં ૧૫,૦૦૦ કરોડના વ્યવહારો ખોરવાઈ જશે. AIBEA, AIBOC, NCBE, BEFI, INBOC, INBEF અને AIBOA જેવા મુખ્ય યુનિયનો આ આંદોલનમાં જોડાયા છે.

બેંક કર્મચારીઓની મુખ્ય માંગ છે કે સોમવારથી શુક્રવાર સુધી જ કામગીરી રાખવામાં આવે અને તમામ શનિવારે રજા જાહેર કરાય. આ શરતના બદલામાં કર્મચારીઓ રોજના નિર્ધારિત સમય કરતાં ૪૦ મિનિટ વધુ કામ કરવા સંમતિ આપી ચૂક્યા છે અને માર્ચ ૨૦૨૪માં બે વર્ષ અગાઉ આ અંગે MOU પણ થયા હતા. તેમ છતાં, તેનો અમલ ન થતાં અને દિલ્હી ખાતે લેબર કમિશનર સાથેની બેઠકો નિષ્ફળ જતાં કર્મચારીઓએ આ પગલું ભર્યું છે.

બેંક એસોસિએશને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો આ હડતાળ છતાં કોઈ યોગ્ય નિર્ણય નહીં આવે તો આગામી ૨૮ થી ૩૦ સપ્ટેમ્બર સુધી પુનઃ હડતાળ કરાશે અને છતાં માંગ નહીં સંતોષાય તો ૨૬ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની સજ્જડ હડતાળ શરૂ કરવામાં આવશે.

# જન્મદિન બનશે જનસેવાનો પર્વ: મંત્રી જીતુભાઈના જન્મદિવસે શહેરમાં કાલે સેવા, આરોગ્ય અને વિકાસનો ત્રિવેણી સંગમ

**રૂ. ૯.૪૦ કરોડના વિકાસકામોનું લોકાર્પણ-ખાતમૂહર્ત, ૧૪૧૭ લોકોને ભોજન, નિઃશુલ્ક મેડિકલ કેમ્પ અને દિવ્યાંગ બાળકોને વસ્ત્ર વિતરણ જેવા અનેકવિધ કાર્યક્રમો યોજાશે**

ભાવનગર,તા.૧૦

ગુજરાત સરકારના પ્રવક્તા કેબિનેટ મંત્રી (કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, પ્રોટોકોલ) અને ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીના જન્મદિવસ નિમિત્તે આગામી તા. ૧૧/૦૯/૨૦૨૬, શુક્રવારના રોજ ભાવનગરમાં ભવ્ય અને બહુવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વાઘાણી પરિવાર દ્વારા આ દિવસને ઉજવણીને બદલે જનસેવા અને સમાજકલ્યાણના પર્વ તરીકે મનાવવાનો નિર્ણય કરાયો છે.

આરોગ્ય સંભાળ અને સેવાસેતુ કેમ્પઃતા. ૧૧ સપ્ટેમ્બરના રોજ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન મસ્તરામબાપા મંદિર સામે, મસ્તરામ આશ્રમ (ચિત્રા, ભાવનગર) ખાતે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ અને સેવાસેતુ કેમ્પ યોજાશે. આ કેમ્પમાં સર તખ્તસિંહજી હોસ્પિટલ, સ્વામી વિવેકાનંદ હોમિયોપેથિક કોલેજ અને તાપીબાઈ આયુર્વેદિક હોસ્પિટલના નિષ્ણાત તબીબો દ્વારા હઠીલા રોગો, વા, સંધિવા, આમવાત, અપચો, અમ્લપિત્ત, કબજિયાત, ચામડીના રોગો, એલર્જી તથા બાળ રોગોની મફત તપાસ અને આયુર્વેદિક સારવાર સાથે નિઃશુલ્ક દવાઓનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત, વાઘાણી પરિવાર દ્વારા જરૂરિયાતમંદોને બેતાળા નંબરના ચશ્માનું નિઃશુલ્ક વિતરણ કરાશે.



દિવ્યાંગ બાળકોનો વસ્ત્ર વિતરણ અને ભોજન સમારંભ : સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન અટલ ઓડિટોરિયમ (મોતીબાગ ટાઉન હોલ) ખાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અનાથ અને દિવ્યાંગ બાળકોને મનોરંજન સાથે ફેન્સી કપડાંનું વિતરણ કરવામાં આવશે. આ સાથે જ શહેરની ૮ વિવિધ સામાજિક સંસ્થાઓ—નંદકુંવરબા બાલાશ્રમ, શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરા મૂંગા શાળા, ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ (ઘોઘાસર્કલ તથા સરદારનગર), અંધઉદ્યોગ શાળા, તાપીબાઈ વિકાસગૃહ, અંકુર મંદબુદ્ધિ શાળા અને રક્તપિત્ત હોસ્પિટલ (રૂવાપરી) ના કુલ ૧,૪૧૭ દિવ્યાંગ બાળકો, વૃદ્ધજનો અને રક્તપિત્ત પીડિતો માટે ભોજન સમારંભ યોજાશે. મંત્રી વાઘાણી જન્મદિવસે આયોજિત તમામ કાર્યક્રમમાં તમામ કાર્યક્રમોમાં ભાવનગર શહેરના શ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ડાયમંડ એસોસિએશનના અગ્રણીઓ, રાજકીય-સામાજિક આગેવાનો, વિવિધ જ્ઞાતિના આગેવાનો અને પક્ષના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. વાઘાણી પરિવારે તમામ નાગરિકોને આ સેવાકાર્યોમાં સહભાગી થવા અનુરોધ કર્યો છે.

**૯.૪૦ કરોડના વિકાસકામો અને પ્રજાલક્ષી કાર્યો થશે**

**સિવિક સેન્ટરઃ** રૂ. ૯ કરોડના ખર્ચે તૈયાર થનાર સિવિક સેન્ટરનું રિમોટ કી દ્વારા ખાતમૂહર્ત કરાશે.

**શબવાહિની :** રૂ. ૨૦ લાખના ખર્ચે શબવાહિનીની ચાવી કોર્પોરેશનને અર્પણ કરાશે.

**વોટર ટેન્કર વિથ ટ્રેક્ટર :** રૂ. ૨૦ લાખના ખર્ચે પીવાના પાણી માટે ટેન્કર વિથ ટ્રેક્ટરની ચાવી અર્પણ કરાશે.

**પર્યાવરણ જતન અને વિશેષ સન્માન**

મુખીની વાડી (ચિત્રા) ખાતે ૮૫૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જતનનો સંદેશ અપાશે. આ ઉપરાંત, સમાજસેવા ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર સદભાવના ટ્રસ્ટના વિજયભાઈ ડોબરિયાનું વિશેષ બહુમાન કરવામાં આવશે.

# ભાવનગર મહાપાલિકામાં નિર્ણયોની કમાન પુનઃ ભાજપ સંગઠનના હાથમાં

**પ્રદેશ ભાજપનો મોટો નિર્ણય, સ્ટેન્ડિંગ અને સાધારણ સભાનું સંકલન હવે ફરીથી સંગઠન કરશે**

ભાવનગર,તા.૧૦

ભાવનગર સહિત સમગ્ર ગુજરાતની મહાનગરપાલિકાઓમાં કોર્પોરેશનના નિર્ણયો લેવાની તમામ સત્તા પુનઃ ભાજપ સંગઠનને સોંપી દેવામાં આવી છે. નવી ટર્મની શરૂઆતમાં સંગઠન પાસેથી આ સત્તા છીનવીને મેયર સહિતના પદાધિકારીઓને સોંપાઈ હતી, જેના ભાગરૂપે અત્યાર સુધીની ૬ સ્ટેન્ડિંગ કમિટી અને ૩ સાધારણ સભાનું સંકલન કોર્પોરેશન ખાતે જ થયું હતું.

જોકે, સંગઠનને નગણ્ય ગણી પદાધિકારીઓ દ્વારા લેવાતા મનમાનીભર્યા નિર્ણયોના કારણે પક્ષને નુકસાન થવાની ફરિયાદો રાજ્ય કક્ષા સુધી પહોંચી હતી. મહાનગરપાલિકાના એજન્ડા અને વિપક્ષ સામેની રણનીતિ અગાઉથી નક્કી કરવા તેમજ સભ્યોના પ્રશ્નોનું નિવારણ લાવવા માટે સંગઠનનું સંકલન જરૂરી બન્યું હતું.સત્તાની ખેંચતાણ અને આંતરિક વિવાદો ડામવા માટે પ્રદેશ ભાજપે તાત્કાલિક આ નિર્ણાયક ફેરફાર કર્યો છે. હવેથી સ્ટેન્ડિંગ કમિટી અને સાધારણ સભાનું તમામ સંકલન પૂર્વવત્ ભાજપ સંગઠન દ્વારા જ કરવામાં આવશે. પ્રદેશના આ મહત્વપૂર્ણ નિર્ણયની આગામી વિધાનસભા ચૂંટણી પર શું અસર પડશે તે તો સમય જ બતાવશે, પરંતુ હાલ પૂરતું સંગઠનનું પ્રભુત્વ પુનઃ સ્થપાયું છે.

# વિક્ટોરિયા પાર્ક પાસે પાર્ક કરેલા બાઈકની ચોરી

ભાવનગર,તા.૧૦

શહેરના વીરાણી સર્કલ પાસે રહેતા ૭૦ વર્ષીય નિવૃત્ત વૃદ્ધનું મોટરસાઈકલ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરીને નાસી છૂટ્યો હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ભોગ બનનાર વડીલે નીલમબાગ પોલીસ સ્ટેશનમાં ઓનલાઈન ઈ-એફઆઈઆર નોંધાવી છે.

ભાવનગરના ગોકુલધામ સોસાયટી પાસે રહેતા સવજીભાઈ લક્ષ્મણભાઈ બાલધીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમનું હીરો હોન્ડા કંપનીનું પેશન પ્લસ મોટરસાઈકલ નંબર GJ-04-AS-7080, કિંમત અંદાજે રૂ. ૧૫,૦૦૦ તેમના મોટા પુત્ર વિશાલભાઈ વાપરતા હતા. ગગત તા. ૦૭/૦૯/૨૦૨૬ના રોજ બપોરે દોઢેક વાગ્યાના અરસામાં વિશાલભાઈએ મોટરસાઈકલ વિક્ટોરિયા પાર્કના ગેટ પાસે આવેલી પાણીની ટાંકી નજીક પાર્ક કર્યું હતું અને તેઓ કુમુદવાડી ખાતે હીરા ઘસવા ગયા હતા.અને રાત્રે પોણા આઠેક વાગ્યાના સુમારે પરત ફરતી વખતે પાર્ક કરેલું મોટરસાઈકલ ત્યાં જોવા મળ્યું ન હતું. આસપાસ અને મિત્રોની મદદથી ઘણી શોધખોળ કરવા છતાં બાઈકનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આખરે કોઈ અજાણ્યો ચોર ઈસમ નજર ચૂકવીને બાઈક ચોરી ગયો હોવાનું સ્પષ્ટ થતાં સવજીભાઈએ નીલમબાગ પોલીસ મથકમાં ઓનલાઈન ઈ-એફઆઈઆર દાખલ કરાવી છે.

# ગારિયાધારમાં લોનનું ટ્રેક્ટર રાખી હપ્તા ન ભરી વિશ્વાસઘાત કરતા પોલીસ ફરિયાદ

**''આ ટ્રેક્ટર મને આપી દો, હું આગળના તમામ હપ્તા ભરી દઈશ''કહીને ગામના શખ્સે વૃદ્ધ પાસેથી ટ્રેક્ટર મેળવી લીધેલું**

ભાવનગર,તા.૧૦

જિલ્લાના ગારીયાધાર તાલુકાના સમઢીયાળા (સેલાર) ગામના ૭૦ વર્ષીય વૃદ્ધ સાથે ટ્રેક્ટરના હપ્તા ભરવાના બહાને વિશ્વાસઘાત થયાની ઘટના સામે આવી છે.

સમઢીયાળા ગામના કરશનભાઈ મેઘજીભાઈ ગુજરાતી (પટેલ) નામના વૃદ્ધે ગત ૨૨ જૂન ૨૦૨૩ના રોજ ફાઈનાન્સ કંપનીમાંથી લોન લઈને 'ઈન્ટરનેશનલ ટ્રેક્ટર' (નંબર GJ-04-EE-3148) ખરીદ્યું હતું. જેનો છ મહિનાનો હપ્તો રૂ. ૭૫,૦૦૦ આવતો હતો.આર્થિક સ્થિતિ નબળી હોવાથી હપ્તો ભરવામાં મુશ્કેલી પડતા ગામના જયદેવભાઈ ગોરખભાઈ ગરણીયા (આહીર) એ વૃદ્ધને વિશ્વાસમાં લઈ જણાવ્યું હતું કે, "તમે આ ટ્રેક્ટર મને આપી દો, હું આગળના તમામ હપ્તા ભરી દઈશ." જેથી વૃદ્ધે ૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ટ્રેક્ટરનો હવાલો જયદેવભાઈને સોંપ્યો હતો.

સમય વીતવા છતાં આરોપી જયદેવભાઈએ એકપણ હપ્તો જમા કરાવ્યો ન હતો. ફાઈનાન્સ કંપનીના કર્મચારીઓ હપ્તો ન ભરવાને કારણે અવારનવાર વૃદ્ધના ઘરે આવવા લાગ્યા હતા. જ્યારે વૃદ્ધે ટ્રેક્ટર પરત માંગ્યું અથવા હપ્તા ભરવા કહ્યું, ત્યારે આરોપીએ અવારનવાર બહાના બનાવી ટ્રેક્ટર પરત આપ્યું ન હતું.હપ્તા બાઉન્સ થવાને કારણે ફાઈનાન્સ કંપની દ્વારા કાનૂની કાર્યવાહી કરવામાં આવતા વૃદ્ધ મુશ્કેલીમાં મુકાયા હતા. આખરે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા કરશનભાઈએ પોતાના પુત્ર નિલેશભાઈ સાથે ગારીયાધાર પોલીસ મથકે પહોંચીને જયદેવભાઈ ગરણીયા વિરુદ્ધ ધોરણસરની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# માર્ગ સલામતી માટે શહેરના ૯૦ કિ.મી રસ્તાઓનું 'રોડ સેફ્ટી ઓડિટ' કરાવવા સ્ટેન્ડિંગમાં ઠરાવ

**ટ્રાફિક અને અકસ્માતો ઘટાડવા સેફ્ટી ઓડિટ કરાવવા સહિત ૨૨ દરખાસ્તો પર મંજૂરીની મહોર વાગશે ; રોડ એજન્સીને પેનલ્ટી તેમજ 'તક્ષશીલા ચેરિટેબલ ટ્રસ્ટ' સાથે કરાર રદ કરવા થશે નિર્ણય**

ભાવનગર,તા.૧૦

ભાવનગર શહેરમાં થઈ રહેલા વિકાસ અને વાહનોની વધી રહેલી સંખ્યાને પગલે ટ્રાફિક વ્યવસ્થા સુદ્રઢ કરવા અને માર્ગ વપરાશકર્તાઓની સુરક્ષા માટે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આગામી શુક્રવારે તા. ૧૧ના રોજ સાંજે ૫ કલાકે ચેરમેન કિશન મહેતાના અધ્યક્ષ સ્થાને મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રસ્તાઓની સુરક્ષા અને ડિઝાઈન સુધારવા અર્થે 'રોડ સેફ્ટી ઓડિટ'ની દરખાસ્તને આખરી મંજૂરી આપવામાં આવશે.

શહેરમાં અકસ્માતોની સંભાવના ઘટાડવા, માર્ગની ડિઝાઈનમાં રહેલી ખામીઓ ઓળખવા અને ટ્રાફિક વ્યવસ્થામાં સુધારાત્મક પગલાં સૂચવવા માટે સરકારની સૂચના મુજબ રોડ સેફ્ટી ઓડિટ કરાવવાની જરૂરિયાત ઊભી થઈ છે. આ હેતુસર શહેરના મુખ્ય યાદી મુજબના અંદાજે ૯૦.૦૦ કિમી લંબાઈના રસ્તાઓનું રોડ સેફ્ટી ઓડિટ કરાવવામાં આવશે. SVNIT, સુરત દ્વારા આપેલા પ્રતિ કિમી રૂ. ૬૫,૦૦૦ના દર મુજબ કુલ રૂ. ૫૮,૫૦,૦૦૦ (+ જી.એસ.ટી.)ના ખર્ચે આ કામગીરી કરાવાશે. આ ખર્ચ માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અથવા સરકારની અન્ય ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી કાયમી મંજૂરી આપવાનો નિર્ણય લેવાશે.

રોડ સેફ્ટી ઉપરાંત બેઠકમાં અન્ય પ્રજાલક્ષી અને સંચાલકીય ૨૨ જેટલી દરખાસ્તો પર સમીક્ષા કરાશે. જેમાં કરચલીયાપરા વોર્ડમાં ટી-આકાર પેવર રોડનું કામ નિયત સમયમર્યાદામાં પૂર્ણ ન કરનાર એજન્સી 'મધુરમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર' પાસેથી ૧૮ દિવસની લિમિટ સામે ૨૮ દિવસની પેનલ્ટી વસૂલવા નિર્ણય લેવાશે. બીજી તરફ, ગાર્ડન વિભાગ દ્વારા વિરાણી સ્કૂલથી પટેલ સ્કૂલ સુધીનું રોડ ડિવાઈડર સ્વખર્ચે જાળવણી અર્થે મેળવનાર 'તક્ષશીલા ચેરિટેબલ ટ્રસ્ટ'ને અવારનવાર લેખિત-મૌખિક જાણ કરવા છતાં કરાર ન કરાતા, તેમની મંજૂરી રદ કરવાનો આકરો નિર્ણય પણ આ જ બેઠકમાં લેવામાં આવશે.

# કોળીયાક નિષ્કલંક મહાદેવના સાનિધ્યમાં સાંજથી જામશે ભાતીગળ લોકમેળો

**ભાદરવીના મેળામાં પાપમુક્તિ માટે દરિયામાં પવિત્ર સ્નાનની પરંપરા; ૧૦૨૧થી વધુ જવાનો, ડ્રોન, CCTV અને સ્માર્ટ QR પાર્કિંગ સાથે પોલીસનું અભેદ સુરક્ષા ચક્ર**

ભાવનગર,તા.૧૦

ભાવનગર તાલુકાના ઐતિહાસિક અને પવિત્ર તીર્થધામ કોળીયાક ખાતે આજે ૧૦ સપ્ટેમ્બરની સાંજથી અને કાલે ૧૧ સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી અમાસનો ભાતીગળ લોકમેળો ભરાઈ રહ્યો છે. શ્રદ્ધા અને ભક્તિના આ મહાપર્વે નિષ્કલંક મહાદેવના દર્શન અને સમુદ્ર સ્નાન માટે લાખો શ્રદ્ધાળુઓનું મહેરામણ ઉમટી પડશે. આજ સાંજથી જ મેળો જામશે અને રાતભર ભક્તિમય વાતાવરણ વચ્ચે લોકસંસ્કૃતિ છવાઈ જશે, જ્યારે કાલે સવારે પરંપરાગત સમુદ્ર સ્નાન સાથે આ મેળો સંપન્ન થશે.

કોળીયાકના નિષ્કલંક મહાદેવનો ઈતિહાસ મહાભારત કાળ સાથે જોડાયેલો છે. પૌરાણિક માન્યતા અનુસાર, મહાભારતના કુરુક્ષેત્ર યુદ્ધ બાદ સ્વજનોની હત્યાના પાપમાંથી મુક્તિ મેળવવા માટે પાંડવોએ ભગવાન શ્રીકૃષ્ણની સલાહથી અહીં દરિયા કિનારે તપસ્યા કરી હતી. ભગવાન શિવજીએ તેઓને કાળા રંગની ધ્વજા આપી હતી અને જ્યાં ધ્વજા સફેદ થઈ જાય ત્યાં પાપમુક્તિ મળશે તેમ જણાવ્યું હતું. કોળીયાકની પવિત્ર ભૂમિ પર પહોંચતાં જ ધ્વજા શ્વેત બની ગઈ હતી, જેથી પાંડવો 'નિષ્કલંક' (કલંક વિનાના) થયા હતા અને અહીં પંચ શિવલિંગની સ્થાપના કરી હતી. તેવો ઈતિહાસ રહેલો છે.

આજે પણ દરિયાની અંદર આવેલા આ સ્વયંભૂ શિવલિંગો પર ભાદરવી અમાસના દિવસે સમુદ્રમાં ઓટ આવે ત્યારે લાખો ભક્તો પગપાળા ચાલીને જાય છે અને પવિત્ર સ્નાન કરીને ધન્યતા અનુભવે છે. મેળા દરમિયાન ભાવનગર રાજપરિવાર દ્વારા પરંપરાગત રીતે પ્રથમ પૂજા અને મહાદેવના શિખર પર નૂતન ધ્વજારોહણ કરવામાં આવે છે.



**સ્માર્ટ QR પાર્કિંગ અને ઈમરજન્સી સુવિધાઓ**

વાહનચાલકોની સુવિધા માટે સ્માર્ટ QR કોડ પાર્કિંગ સિસ્ટમ અમલી બનાવાઈ છે. જેને સ્કેન કરીને ગૂગલ મેપ્સ દ્વારા કાળુભાઈની વાડી, હોઈદડ ગામ ગેટ, આડી સડક સહિતના ૭ નિર્ધારિત પાર્કિંગ સ્લોટ સુધી સરળતાથી પહોંચી શકાશે. આરોગ્ય વિભાગ દ્વારા ઈમરજન્સી એમ્બ્યુલન્સ, ઘોઘા CHC ખાતે ICCU બેડ, ફાયર બ્રિગેડ અને જન સહાયતા કેન્દ્ર પણ કાર્યરત કરાયું છે. વહીવટી તંત્ર દ્વારા શ્રદ્ધાળુઓને ભરતી સમયે દરિયામાં વધુ ઊંડે ન જવા અને સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

**સુરક્ષા બળ:** 1 ASP, 8 PI, 14 PSI અને 1021 જેટલા સુરક્ષા જવાનો (પોલીસ, SRD, GRD, હોમગાર્ડ્સ અને સ્વયંસેવકો) ખડેપગે રહેશે.

**ડ્રોન અને CCTV મોનિટરિંગ:** આકાશમાંથી બાજ નજર રાખવા હાઈ-રિઝોલ્યુશન ડ્રોન અને ૨૪ કલાક કાર્યરત 'જોઈન્ટ કમાન્ડ કંટ્રોલ રૂમ' સાથે જોડેલા હંગામી CCTV કેમેરાનું નેટવર્ક ઊભું કરાયું છે.

**મહિલા સુરક્ષા & LCB/SOG:** 'શી ટીમ' (SHE Teams) દ્વારા ગીચ વિસ્તારો અને ચેન્જિંગ રૂમ્સ પાસે નજર રખાશે. ચોરી તથા ચેઈન સ્નેચિંગ રોકવા LCB અને SOG સાદા કપડામાં તૈનાત રહેશે.

**દરિયાઈ સુરક્ષા:** દરિયાકિનારે વોચ ટાવર, દૂરબીન અને સ્થાનિક તરવૈયાઓ સાથે રેસ્ક્યુ બોટ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

વિશાળ જનમેદનીને ધ્યાનમાં રાખીને ભાવનગર ગ્રામ્ય પોલીસ દ્વારા સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ભાવનગર રેન્જ આઈજી આર.વી. અસારી અને SP નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ તથા ASP ઘનશ્યામ ગૌતમના સીધા નેતૃત્વમાં ઘોઘા પોલીસ દ્વારા આયોજન કરાયું છે.